ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ || અંક: ૮ || ઑગસ્ટ ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૬

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

## ચારુતર વિદ્યામંડળ સંચાલિત સિકાર્ટ સંશોધન કેન્દ્રમાં વસાવાયું અદ્યતન તેમજ આધુનિક HR-TEM મશીન :



ચારુતર વિદ્યામંડળના સંચાલન અન્વયે કાર્ય કરતી સિકાર્ટ સંશોધન કેન્દ્રમાં નેનો મીટરના ક્રમાંકે અત્યંત સુક્ષ્મમાપદંડો પર સંશોધન કરવા માટે તાજેતરમાં ઉચ્ચ વિવર્ધનની ક્ષમતાવાળું એક Electron Microscope વસાવવામાં આવેલ છે. આ Microscope નેધેર્લેન્ડની Tnermofisher company પાસેથી ખરીદવામાં આવેલ છે. આ Electron Microscopeનું મૉડેલ Ratos F200i છે જે ભારતભરમાં માત્ર બે - ત્રણ સંસ્થાઓ પાસેજ ઉપલબ્ધ છે. આ સાધન ખરીદવા માટેનું સંપૂર્ણ અનુદાન ભારત સરકાર ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ દ્વારા આપવામાં આવેલ છે. આ સાધનની પ્રસ્થાપન કાર્યપ્રણાલી પૂરી થયા બાદ ICON Anayticat Equipment Pvt. Ltd. કંપનીના એન્જિનિયરની ઉપસ્થિતિમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી. પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ તેમજ માનદ્ મંત્રીશ્રી ડો. એસ. જી. પટેલે તેઓશ્રીના વરદ હસ્તે સંયુક્ત પણે કાર્યાન્વિત કરીને ઉપયોગાર્થે શ્રાવણમાસના પ્રથમ દિવસે તા- ૨૧.૦૭.૨૦૨૦ના રોજ ઉદ્‌ઘાટન કરતા તસવીરમાં દૃશ્યમાન થાય છે. અન્ય તસવીરમાં કંપનીના એન્જિનિયરશ્રી શુભાશિષ દે અને સંસ્થાના માનાદ્ નિયામકશ્રી ડો. એ. આર. જાની અનુષાન્ગિક બાબતોથી સૌને માહિતગાર કરતા નજરે પડે છે.



ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઇન્ટરનેશનલ કોલબ્રેશન સેલઅંતર્ગત ‘‘Global Initiatives: A True Bled of Engineering and Management’’ વિષય પર બે દિવસીય ઇન્ટરનેશનલ ટેક્નિકલ કોન્ક્લેવ યોજાયો.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડો. ડી.પી.અગ્રવાલ (ભૂતપૂર્વ અધ્યક્ષ UPSC, BOG મેમ્બર બીવીએમ), ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ઈંદ્રજિત એન.પટેલ તથા વિષય નિષ્ણાંતો દૃશ્યમાન થાય છે.




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ
સંપાદન-સહાય

અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ઑગસ્ટ – ૨૦૨૦
વર્ષ: ૨૨ અંક: ૮
સળંગ અંક: ૫૮૬

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते ।

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ
માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**ससीकराम्भोधरमत्तकुञ्जरस्तडित्पताकोऽशनिशब्दमर्दलः।**
**समागतो राजवदुद्धतद्युतिर्धनागमः कामिजनप्रियः प्रिये! ।।१।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

हे प्रिये! जलबिन्दुओं से पूर्ण जलधररूप मत्त हाथियोंवाला, बिजली के झण्डेवाल, वज्र के शब्द को नाश करने वाला, कामिजनों को प्यारा राजा के समान विशेष तेजस्वी यह वर्षा-समय प्राप्त हुआ।


|| અતીતની અટારીએથી ||
» **ભાઈકાકા : વિદ્યાનગરના શિલ્પી** ................ ૦૩

|| પ્રાથમ્ય || નિયતિના તાણવાણા
» **એસ.જી.પટેલ** .................................. ૦૬

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
» **આનન્દઘન** .................................. ૦૮

|| નવાં કાવ્યો ||
» **પુષ્કર રાય જોષી, ભરત વિંઝુડા** ................ ૧૦

|| અર્વાચીન કાવ્યો ||
» **લલિત ત્રિવેદી, લાલજી કાનપરિયા** ............. ૧૦

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ) ચારિત્ર્ય એટલે શું ?
» **આનંદશંકર ધ્રુવ** .................................. ૧૧

|| લઘુકથા || અંતિમ ઈચ્છાની સમસ્યા
» **ગિરા પિનાકીન ભટ્ટ** ............................ ૧૧

|| ચિંતન || ભારતીય સાધના
» **નરેશ વેદ** ...................................... ૧૨

|| અભ્યાસ || Open Access and Subscription based information resources in Law: A Selective compilation
» **M. Prakash George, Rajiv Maheshbhai Patel** ૧૬

|| અભ્યાસ || 'ઢાઇ અખ્ખર પ્રેમ કા' પઢનાર ને પઢાવનાર સંત કબીર
» **સોનલ પરીખ** .................................. ૨૧

|| અનુવાદ || એક સન્નારીનું રેખાચિત્ર
» **હરિત પંડ્યા** .................................. ૨૪

|| જ્ઞાન-વિજ્ઞાન || નોબેલ પુરસ્કાર વિજેતા : ડૉ. સુબ્રમણ્યમ ચંદ્રશેખર
» **શ્યામ ખંભોળજા** .............................. ૨૬

|| વર્ષા-વિશેષ || વૃક્ષ ઉછેર (ભાગ-૨)
» **સમીર શાહ** .................................. ૨૭

|| શિક્ષણ || Fun learning towards Problem solving skill
» Shefaly Mahajan.............................. ૩૦

|| પુસ્તક પરિચય || પ્રેરણાદાયી પુસ્તક
» **રણછોડ શાહ** .................................. ૩૨

|| અભ્યાસ || संस्कृति और साहित्य
» अनु मेहता .................................. ૩૬

|| રમત-જગત || યુવાવર્ગ અને રમત જગત
» P.D. Sharma.................................. ૩૯

|| વિદ્યાવૃત્ત ||
» **૦૯, ૧૫, ૩૦, ૩૫, ૩૮, ૪૦**

# ભાઈકાકા : વિદ્યાનગરના શિલ્પી

દિલાવરસિંહ જાડેજા

સરદાર પટેલઃ ‘‘ભાઈલાલ, શહેરનાં કામ બહુ કર્યાં, હવે ગામડાંનાં કામ હાથમાં લો.’’

ભાઈલાલભાઈઃ ‘‘હું તો આપ કહો તે કરવા તૈયાર છું; કહો તો આજે જઈને રાજીનામું આપી દઉં.’’

સરદાર હસ્યા. બોલ્યાઃ ‘‘આજે ને આજે રાજીનામું આપવાની કંઈ ઉતાવળ નથી. હાલ ચાલુ કામ છે તે સમેટો અને ઓકટોબરમાં જરૂર છૂટા થજો.’’

૧૯૪૨ના એપ્રિલમાં સરદાર પટેલ અમદાવાદમાં આવ્યા હતા. ત્યારે અમદાવાદમાં મ્યુનિસિપાલિટીના નિમંત્રણથી મુખ્ય ઈજનેરની કામગીરી સ્વીકારનાર ભાઈલાલભાઈ પટેલ (લોક પ્રચલિત નામ ભાઈકાકાઃ ઈ.સ. ૧૮૮૮-૧૯૭૦) સાથે ઉપરની મતલબનો સંવાદ થયો હતો. ગ્રામપ્રદેશમાં વલ્લભવિદ્યાનગરની સ્થાપનાનું બીજ એ સંવાદમાં રહેલું છે.

## બીજી વાર નિવૃત્તિ લીધી

ઑગસ્ટ ૧૯૪૨માં હિન્દ છોડોનું સ્વાતંત્ર્યઆંદોલન શરૂ થયું. અમદાવાદ મ્યુનિસિપાલિટીનો અંગ્રેજ સરકારે કબજો લીધો. એટલે ભાઈલાલભાઈએ મ્યુનિસિપાલિટીમાંથી રાજીનામું આપ્યું, ઊંચા હોદ્દાવાળી નોકરીમાંથી આ રીતે બીજી વાર સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી ત્યારે ભાઈલાલભાઈની વય ચોપન વર્ષની હતી. ભાઈલાલભાઈએ આ પહેલાં બાવનમે વર્ષે જૂના મુંબઈ રાજયની ઈજનેરી સેવામાંથી, બઢતીની તક હતી તો પણ, સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. નિવૃત્તિ લેવા પાછળનો એમનો આશય સામાજિક સેવાકાર્ય-ખાસ કરીને ગામડાંનાં સર્વદેશીય કાર્યો-કરવાનો હતો.

## ચિંતન અને ચર્ચા

૧૯૪૨ની લડતમાં બધા રાષ્ટ્રીય નેતાઓને જેલમાં પૂરી દેવામાં આવ્યા હતા. ૧૯૪૫ના જૂનમાં સરદાર પટેલ જેલમાંથી છૂટા થયા. ૧૯૪૨ થી ૧૯૪૫ વચ્ચેનાં અઢી-ત્રણ વરસોમાં ભાઈલાલભાઈએ ગામડાંનાં કામો હાથ ઉપર કઈ રીતે લઈ શકાય તેનું ચિંતન કર્યું, મિત્રો સાથે એની ચર્ચા કરી. દરમિયાનમાં, આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટીના ચેરમેનપદની કામગીરી ભાઈલાલભાઈએ સંભાળી હતી. ગામડાંઓનાં ઉત્કર્ષ માટે ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ કઈ રીતે સહાયભૂત થઈ શકે તેની વિચારણા એમના મનમાં સતત ચાલતી હતી.

## મોતીભાઈ અમીને ભૂમિકા બાંધેલી

ચરોતર એજ્યુકેશન સોસાયટીની મોતીભાઈ અમીને (ઈ. સ. ૧૮૭૩-૧૯૩૯) ખેડા જિલ્લાના આણંદમાં ઈ. સ. ૧૯૧૬માં સ્થાપના કરી હતી. ગુજરાતના ચરોતર પ્રદેશમાં જાગૃતિ અને સર્વદેશીય વિકાસ આણવાનું પાયાનું કામ ચરોતરના ‘મોતી’એ બજાવ્યું હતું. ભાઈલાલભાઈએ ગ્રામપ્રદેશમાં ઉચ્ચ શિક્ષણ અને એના ટેકામાં રહેલા લઘુ ઉદ્યોગ દ્વારા નવજીવન પ્રગટાવવાનું સ્વપ્ન જોયું હતું. એ સ્વપ્નની ભૂમિકા સૂક્ષ્મ રીતે મોતીભાઈએ બાંધી આપી હતી. ગાંધીજીનો વ્યાપક પ્રભાવ પણ કારણભૂત ખરો. વળી ગ્રામસેવાના સંસ્કાર મૂળભૂત રીતે ભાઈલાલભાઈના માનસમાં પડેલા હતા જ. મોતીભાઈ અમીને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપતી આદર્શાભિમુખ સંસ્થા ચરોતર એજ્યુકેશન સોસાયટી સ્થાપી. ત્રણ દસકા પછી ભાઈલાલભાઈએ ગ્રામવિકાસના તેમ જ કોલેજ-શિક્ષણનું પ્રદાન કરવાના ધ્યેયવાળી સંસ્થા ચરોતર ગ્રામોદ્ધારમંડળ તથા ચારુતર વિદ્યામંડળની સ્થાપના કરી. ગ્રામપ્રદેશમાં

ઉચ્ચ શિક્ષણની સરવાણી વહાવતી, સુવિશાળ ભૂમિકાવાળી તેમ જ યુનિવર્સિટીની સ્થાપના કરવાની મહત્ત્વાકાંક્ષા સેવતી સંસ્થાનું ભાઈલાલભાઈએ નિર્માણ કર્યું.

## ગુજરાતમાં પહેલી ઇજનેરી કૉલેજ

૧૯૪૪ના માર્ચમાં કૉલેજોની સ્થાપનાનું વાતાવરણ ઊભું કરવા ભાઈકાકા અને એમના સાથીદાર ભીખાભાઈએ આણંદમાં એક સભા બોલાવી હતી. એમાં લગભગ પાંચસો વ્યક્તિઓ હાજર રહી હતી. સાયન્સ, આર્ટસ અને એન્જિનિયરિંગની કૉલેજો આણંદની આજુબાજુના ગ્રામપ્રદેશમાં સ્થાપવાનો નિર્ણય એ સભામાં લેવાયો હતો. આજે કૉલેજોની સ્થાપના કરવી એ કોઈ વિશેષ નોંધપાત્ર ઘટના નહીં લાગે. પરંતુ સ્વાતંત્ર્ય પૂર્વેના સમયમાં ગ્રામનવરચનાના વિશિષ્ટ હેતુસર, શૂન્યમાંથી સર્જન કરીને, કૉલેજો સ્થાપવી અને તે પણ ગ્રામપ્રદેશમાં, એ વિક્રમસર્જક બાબત હતી. ઉચ્ચ શિક્ષણ અને ગ્રામવિકાસનાં ક્ષેત્રોમાં રાજ્યને આશ્રયે નહીં પણ લોકોના વ્યાપક સહકારથી આવો મોટો આરંભ કરવામાં આવે તે પણ એક વિશિષ્ટ ઘટના હતી. આર્ટ્સ અને સાયન્સની કૉલેજો શિક્ષણનાં ખાનગી મંડળોએ હજુ શરૂ કરી હતી. પરંતુ એન્જિનિયરિંગ કૉલેજ શિક્ષણનું કોઈ ખાનગી મંડળ શરૂ કરે તેવું જૂના મુંબઈ ઈલાકામાં આ પહેલાં કદી બન્યું નહોતું. ૧૯૪૮માં વલ્લભવિદ્યાનગરમાં ગુજરાતની પ્રથમ એન્જિનિયરિંગ કૉલેજના પ્રારંભ થકી આવી ઘટના બની હતી.

## સમાજનું ઋણ ફેડવાની તમન્ના

વલ્લભવિદ્યાનગરના આદ્ય સ્થાપક ભાઈકાકા કૉલેજમાં ભણતા હતા ત્યારે એક ઉમદા વિચાર એમના મનમાં ઘોળાતોઃ ''મારા ભણતરનું ખરચ મારી કોલેજની ફીમાંથી નીકળતું નથી, અને ભણતરને માટે થતી ખોટ સમાજે આપેલા કર કે દાનમાંથી નીકળે છે. ભણતરને માટે આટલે અંશે હું સમાજનું દેવું કરી રહ્યો છું તે વખતે હું ઈશ્વરની પ્રાર્થના કરતો હતો કે એ દેવામાંથી છૂટવા માટે એ મને બુદ્ધિ અને શકિત આપે.'' પોતાના ઉપરનું ઋણ ફેડવા ભાઈકાકાએ ભગીરથ પુરુષાર્થ કર્યો અને વલ્લભવિદ્યાનગરની સ્થાપના દ્વારા એ ઋણ તો ચૂકવી દીધું. એટલું જ નહીં, એક પ્રાણવાન વિદ્યાનગરના નિર્માણ દ્વારા સમાજ ઉપર નવું ઋણ ચડાવ્યું.

## શહેરની સગવડો ગામડામાં

ભારતની આઝાદીનું ભળભાંખળું થવા લાગ્યું હતું. એ વખતે દીર્ઘદૃષ્ટિવાળા દેશહિતચિંતકો આઝાદી માટે સુપાત્રતા કેવી રીતે કેળવવી એનું ચિંતન કરવા લાગ્યા હતા. એમાંના ભાઈકાકા એક હતા. આઝાદ ભારતને આબાદ બનાવવામાં ગ્રામનવરચના ભાઈકાકાને ચાવીરૂપ જણાઈ હતી. વલ્લભવિદ્યાનગરની યોજનામાં ગામડાને રહેવા લાયક બનાવવાને અગ્રસ્થાન અપાયું હતું. ભાઈકાકા વારંવાર કહેતાઃ ''શહેરની સગવડોથી ટેવાયેલો બુદ્ધિશાળી વર્ગ ગામડામાં શહેરની સગવડો મળે તો જ રહી શકે.'' ભાઈકાકાએ વાડીલાલ ડગલીને એક વખત કહેલુંઃ ''મારે ગામડાંમાં બાથરૂમ લઈ જવા છે.'' શ્રી ડગલી આ સંદર્ભમાં લખે છેઃ ''આ એક વાક્યમાં એવું દર્શન છે કે તેને પામીએ તો આધુનિક સંસ્કૃતિની વ્યાધિનું નિદાન મળે.'' ''ગામડાની સરળતા અને શક્તિને સાચવીને શહેરની સગવડને ગામડામાં લઈ જવાનો પુરુષાર્થ'' ભાઈકાકાએ કર્યો. આપણાં ભાંગી ગયેલાં ગામડાંમાં જે સુપ્ત જોમ પડ્યું હતું તેને ભાઈકાકાએ વલ્લભવિદ્યાનગરમાં ફરીથી બેઠું કર્યું એમ યોગ્ય રીતે જ કહેવાયું છે.

સુશિક્ષિત ભાઈબહેનો માટે ઘરમાં પાણીના નળ, ભૂગર્ભ ગટર, ઘરમાં ફલશ જાજરૂ, ગામની અંદર પાકા રસ્તા અને સસ્તી વીજળી ભાઈકાકાને મન આવશ્યક ચીજો હતી. ગામડાંમા બુદ્ધિસંપન્ન માણસો રહેતા થાય એ માટે ઉચ્ચ શિક્ષણની સગવડ ઊભી કરવી પડશે. દાકતરી સારવારની સુવિધા

પણ જરૂરી ગણાય ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ કરી તેને ગૃહમાં, ગામડામાં, તાલુકામાં કે જિલ્લામાં સમાવવા પડશે. આધુનિક વિજ્ઞાન તેમ જ યંત્રવિજ્ઞાનનો પૂરેપૂરો ઉપોગ કરીને ગૃહ અને ગ્રામઉદ્યોગો વિકસાવવા પડશે એવું ભાઈકાકાનું મંતવ્ય હતું.

ગામડાના પુનરુત્થાન માટે શિક્ષણ, ઉદ્યોગ અને દાકતરી સારવારની જોગવાઈ કરવાનું વલ્લભવિદ્યાનગરના સ્થાપકોનું સ્વપ્ન હતું. શિક્ષણપ્રદાન માટે તેઓએ ચારુતર વિદ્યામંડળની સ્થાપના કરી; ઉદ્યોગની સ્થાપના તેમ જ ગામડાંને રહેવા લાયક બનાવવાના હેતુસર એમણે ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.નો આરંભ કર્યો. ભાઈકાકાનું ત્રીજું સ્વપ્ન ગ્રામપ્રદેશમાં હૉસ્પિટલ અને મૅડિકલ કૉલેજનું હતું. એ સ્વપ્ન એચ. એમ. પટેલના અધ્યક્ષપદે સ્થપાયેલા ચારુતર આરોગ્યમંડળે સાકાર કર્યું.

## શિક્ષણ સાથે ઉદ્યોગનું સંકલન

વલ્લભવિદ્યાનગરની સ્થાપક સંસ્થા ચારુતર વિદ્યામંડળના બંધારણમાં આદ્યસ્થાપકોએ શિક્ષણસંસ્થાઓની રચના સાથે ઉદ્યોગોને સાંકળી લીધા હતા. ઉદ્યોગમાંથી થનારી આવક શિક્ષણસંસ્થાઓની ખોટ પૂરવા વપરાય તેવો ખ્યાલ હતો. શિક્ષણસંસ્થાઓને સ્વાવલંબી કરવાનો આદર્શ એમ કરવામાં સેવાયો હતો. એ હેતુથી ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.ને અનુક્રમે ઑગસ્ટ ૧૯૪૫ અને સપ્ટેમ્બર ૧૯૪૫માં રજિસ્ટર કરવામાં આવ્યાં હતાં.

નિષ્ણાત એન્જિનિયર ચીમનભાઈ ભાઈલાલભાઈ પટેલના અધ્યક્ષપદે ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ આજે પણ વલ્લભવિદ્યાનગર ઉપરાંત જુદે જુદે સ્થળે ઉદ્યોગને લગતી કામગીરી બજાવી રહેલ છે. પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રિટ પોલ, પર્લિન, હ્યુમ પાઈપ વગેરેનું ઉત્પાદન કરતી અને ગ્રામવિસ્તારમાં રોજગારી પૂરી પાડતી આ સહકારી સંસ્થા વિદ્યામંડળ તેમ જ આરોગ્યમંડળના કાર્યની પૂરક બની રહી છે. વિદ્યા, ઉદ્યોગ અને આરોગ્યનાં ત્રણ પાંદડાંવાળા વલ્લભવિદ્યાનગરરૂપી બીલીપત્રનું એ બીજું પાન છે.

## વિદ્યાનગરનાં વૃક્ષો

ભાઈકાકાએ વિદ્યાનગરનું સુવ્યવસ્થિત ટાઉન-પ્લાનિંગ કરાવ્યું હતું. પ્લાનિંગ પ્રમાણે રસ્તાઓ અને પ્લોટો જમીન ઉપર અંકાયા. રસ્તા જેમ જેમ અંકાતા ગયા તેમ તેમ એની આજુબાજુ વૃક્ષો વાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું. હજારો વૃક્ષો ઉગાડનાર તરીકે ભાઈકાકાની ખ્યાતિ સુયોગ્ય રીતે જ બંધાઈ છે. વિદ્યાનગરનાં વૃક્ષોનું કેન્દ્રીય વૃક્ષ તે ચારુતર વિદ્યામંડળના કાર્યાલય પાસે આવેલું, નવસર્જનના સ્રોત સમા બ્રહ્માજીની પ્રતિમાની સાક્ષીએ ઊભેલું આમ્રવૃક્ષ. આ આંબા નીચે બેસીને ભાઈકાકાએ વિદ્યાનગરના વિકાસનું સૂત્રસંચાલન કર્યું. એ આંબા નીચે જ ગુજરાતના અને દેશના અનેક વિશિષ્ટ જનો સાથે ભાઈકાકાએ ગોષ્ઠિઓ કરી હતી. જુદા જુદા વિષયો ઉપર ત્યાં અનૌપચારિક રીતે સેમિનાર ચાલ્યા હતા.

નગરમાં વૃક્ષારોપણ માટે એવો આગ્રહ રાખવામાં આવ્યો હતો કે વર્ષ ભર કોઈને કોઈ રસ્તા ઉપરનાં ઝાડો ઉપર ફૂલો હોય. ફૂલોના શોખીનો જે તે મહિનામાં ફૂલ હોય તે રસ્તા ઉપર ફરવા જઈ ને ક્યા ઝાડ ઉપર ક્યા મહિનામાં ફૂલ આવશે તેનું નિરીક્ષણ કરી શકે છે. હાલની નગરપંચાયતમાંથી નગરપાલિકાની રચનાની તૈયારી થઈ રહી છે અને વિદ્યાનગર નાનું ગામ મટીને હવે બિનવૈયકિતક નગર બનવા તરફ ગતિ કરી રહ્યું છે. એવા સંજોગોમાં જૂનાં વૃક્ષોની જાળવણી અને નવાં વૃક્ષોના ઉછેરની સમસ્યા હવે ઊભી થઈ છે.

-ક્રમશઃ

(ભાઈકાકા શતાબ્દી ગ્રંથમાંથી સાભાર).

## નિયતિના તાણવાણા

**એસ. જી. પટેલ**

આપણે બધા આ વિશ્વરંગમંચ પર નિર્ધારીત રોલ ભજવીએ છીએ. આમ કરવામાં આપણને અધ્યાત્મિક ડહાપણની પેન દ્વારા આપણે આપણો રોલ વધારે સુવ્યવસ્થિત અને સર્વમાન્ય ગણી શકાય એવા ચારિત્ર્ય ઘડતર માટે સૂક્ષ્મ રીતે ગૂઢ રહસ્યોના દાતા પરમ કૃપળુ પરમાત્માની રહેમ નજર પ્રાપ્ત થતી હોય છે. એટલા માટે જ આપણે ભગવાનના સદા ઋણી છીએ. તેના આધારે આપણને ઉજ્જવળ ભાવી પ્રાપ્ત થાય છે. પરમાત્મા આપણી ઉપર સતત સ્નેહધારા અને જ્ઞાનપ્રકાશ દ્વારા એમની હાજરી અને સાથી હોવાની અનુભૂતિ કરાવે છે.

કેટલીક વાર આપણને એવું લાગે કે આ બધું તો પૂર્વ નિર્ધારિત છે અને આપણે તો આપોઆપ કલાકારની જેમ રોલ ભજવવાનો છે. હવે પ્રશ્ન થાય છે કે આ બધા રોલ જે ભજવાય છે તે શું ભગવાન નક્કી કરીને આપે છે કે પછી શાશ્વત અને નિશ્ચિત છે? આ અંશતઃ સત્ય છે. દરેકની ભૂમિકા શાશ્વત અને નિર્ધારિત છે પણ તે ભગવાનની દેણ નથી જ્યારે આપણે કોઈક કારણસર દુઃખી હોઈએ ત્યારે જો આપણી સાથે ભગવાનને આપણો સાથી બનાવી શકીએ તો એ દુઃખની ક્ષણોને અવસરમાં રૂપાંતરીત કરવાની શક્તિ સહજ રીતે પ્રાપ્ત થાય છે. એવું પણ બને છે કે આપણું શરીર આપણને સાથ આપતું નથી, આપણા જ નજીકના સંબંધીઓના સંબંધોમાં ક્યાંક કડવાશ આવી જાય અને આપણા કાર્યક્ષેત્રના સાથીઓના સહવાસમાં ઉણપ વર્તાય ત્યારે આપણી માનસિક્તા પર ગંભીર સમસ્યાઓ ઊભી થતી હોય છે. આમ આપણી જીવન નૈયા ડગમગી જાય છે અને સુખની સોનેરી કિરણો પણ આભાસી બની જાય છે કે જે આપણને સલામતી કે સુરક્ષા આપી શક્તી નથી. આવા સમયે વિશ્વ નાટકના સ્ટેજ પર એવું કલ્પી શકાતું નથી કે આપણી આવતીકાલ કંઈપણ અઘટિત દૃશ્યથી આપણે મુક્ત બની શકીશું. તેથી આપણે ભગવાનનો આભાર માનવો જોઈએ કારણ કે તે આવા કટોકટીના સમયે આપણી નજીક આવી જીવન ફલકમાં સુખદ સંસ્મરણો તાજા કરાવી ગંભીર પળોને હળવાશમાં રૂપાંતરીત કરી આપે છે. તેથી જ કહી શકાય કે આપણો રોલ નિશ્ચિત છે પણ ભગવાન આપણને વિશ્વનાટકમાં ઉત્તમ ફાળો આપવા સારા સમયનો ઉપયોગ કરવા તક પૂરી પાડે છે. પરમાત્મા પ્રત્યે પ્રેમ કે જે નિયતિકાર તરીકે હંમેશાં આપણી સાથે રહી આપણા હૃદયમાં સ્થાન પામી આપણા જીવનનો એક અંશ બની રહે છે. તેનો સાથ મળવાથી આપણી ઈચ્છા મુજબના જીવનનું શાણપણ માણી શકાય છે.

ભગવાન એક નિયંતા તરીકે બધાને સમદૃષ્ટિથી જીવનના ચઢાવ-ઉતાર વગરની સરળ જિંદગીની ભેટ આપતા હોય છે. પણ, એ ત્યારે જ શક્ય બને છે જ્યારે આત્મા અને પ્રકૃતિ બંને સંપૂર્ણ શુધ્ધ હોય. એક એવી માન્યતા છે કે ૫૦૦૦ વર્ષ પહેલાં એટલે કે સતયુગમાં જ્યારે માનવીઓ અને પ્રકૃતિ સોળે કલા સંપન્ન હતાં ત્યારે એ બધા સુખદુઃખના ચક્રમાંથી મુક્ત હતા. આજે પણ ઈશ્વરીય શક્તિ વિવિધ માધ્યમો દ્વારા વિશ્વનાટકનું રહસ્ય સમજાવે છે. પરમાત્મા એનો રોલ સભાનપણે ભજવે જ છે, સવાલ છે એ વૈશ્વિક ઘટનાઓને સાચા અર્થમાં સ્વીકારી સમજવાનો. હાલમાં ચાલી રહેલી વૈશ્વિક મહામારીના ગૂઢાર્થ સામાન્ય માનવી માટે સમજવા અઘરા છે. કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, અગ્નિકાંડ અને મહામારી જેવી બિમારીઓ માનવીય તાકાતથી પર છે. તેને આપણે સુખ-દુઃખ, સલામતી-સંકટની ઘટમાળ સમજી મન મનાવી લઈએ છીએ. સૃષ્ટિચક્રને સમજવા કોશિશ કરીએ તો સમજાય છે કે કઠિનાઈઓ કાયમી નથી. આ વિશ્વનું ઉજળું ભવિષ્ય રાહ જુએ છે જેમાં રોજિંદા અવરોધોમાંથી મુક્તિ, દુઃખના દિવસોનો અસ્ત, સુવર્ણકાળનો શુભારંભ નજદીક આવી રહ્યો છે.

ભગવાન આપણને એવા વિશ્વફલક પર લઈ જવા માગે છે કે જ્યાં સંપૂર્ણ સલામતી હોય, કોઈ દુઃખી ન હોય, જેમની આજ અને આવતીકાલ અવરોધમુક્ત હોય. આવા સમાજની કલ્પના એટલે જ સતયુગ અને સુવર્ણયુગ. વિશ્વ ઘડિયાળ એવો સંકેત આપે છે કે જગતના મોટા ભાગના આત્માઓ શાંતિધામમાં જઈ રહ્યાં છે. આ શાંતિધામ એટલે કે જે સૂર્ય-ચંદ્ર-તારાઓથી પણ અતિ દૂર જેને લોકો સુખધામ પણ કહે છે. આવું થવા માટે બે વિકલ્પો છેઃ ૧. ઈશ્વરીય શક્તિના સ્વીકાર સાથે સતત પ્રભુ સ્મરણ અને ગુણાનુરાગી બનવું અને ૨. વિવિધ નકારાત્મક વૃત્તિઓથી સંક્રમિત લોકો પોતાના અસ્થિર જીવનપ્રવાહમાં ખેંચાઈ નવો દેહ ધારણ કરવા આગળ વધવું.

ઉપરોક્ત ચર્ચા પરથી ફલિત થાય છે કે આપણે હવે એ Destiny Makerની શોધ માટે લાગી જવું. કારણ કે આપણામાંથી મોટા ભાગના આ સુવર્ણ તક ઝડપી લેવા અસમર્થ છે અને ખબર નથી કે વિશ્વ ઘડિયાળમાં મધ્યરાત્રીના બાર વાગવામાં થોડોક સમય બાકી છે એટલે કે ટૂંક સમયમાં નવા યુગની સવાર થનાર છે. આ સવારથી સુખશાંતિની શરૂઆત થશે. અત્યારે અતિ વિકટ સમય

ચાલી રહ્યો છે, તેમાં અસંખ્ય આત્માઓ ભય, ગભરાટ, નિરાશા, હતાશા જેવા ભાવના વાતાવરણમાંથી ઝઝૂમી રહ્યા છે.

આજે વિશ્વના દરેક ભાગમાં મોટાભાગના લોકો કોરોના મહામારી સામે એકાંતના નામે દુઃખ સાથે માનસિક બીમારીઓના ભોગ બન્યા છે. તેમની ઈચ્છા મુજબની વસ્તુઓ તેમની નજીકના સ્નેહીઓ પાસે હોવા છતાં મેળવી શક્તા નથી. તેમની વ્યક્તિગત અને વ્યવસાયિક જીવનની મુશ્કેલીઓ એટલી હદ સુધી પજવે છે જેનાથી ખૂબ જ નાસીપાસ થઈ રહ્યા છે. ક્યાંક થોડી સફળતા મળે છે તો તે પણ થોડા સમય માટે. ''વળી પાછા હતા ત્યાંના ત્યાં''- જેવો ઘાટ રચાય છે. આપણા જીવનને ટકાવી રાખનાર મુખ્ય પાંચ તત્ત્વો-આકાશ, અગ્નિ, જળ, પવન અને પૃથ્વી એવાં વિકરાળ સ્વરૂપો ધારણ કરે છે કે જેનાથી કેટલાક લોકો આજીવન ઉત્તમ તંદુરસ્તી ભોગવી રહ્યા હોવા છતાં એકાએક અસ્વસ્થ થઈ બીમારી કે મુશ્કેલીઓના ભોગ બની જાય છે. તેના લીધે જીવનની પાછલી અવસ્થામાં ગુંગળામણ અનુભવે છે. આથી તેમને કશામાં રસ પડતો નથી અને વિષાદજન્ય અવસ્થામાં દિવસો પસાર કરવા પડે છે. ભલે તેમનો ભૂતકાળ ગમે તેટલો ઉજ્જવળ અને સફળતાના ઉચ્ચ શિખરો સુધી પહોંચ્યો હોય છતાં આવા કપરા કાળમાં એ ન ભૂલવું જોઈએ કે આપણને માનસિક શક્તિ આપનાર પરમાત્મા સાથેના સંબંધો કોઈપણ જાતના વિક્ષેપ વગર ટકી રહે. જીવનમાં ચઢાવ-ઉતાર તો આવવાનો જ છે પણ આપણે આપણી માનસિક અવસ્થાને બળવાન બનાવી ટકાવી રાખવાની છે. વિવિધ સંજોગોના દબાણ વચ્ચે નિયતિ આપણને અનુકૂળતા ન પણ આપે ત્યારે આપણા વિચારોમાં ચાલતી સકારાત્મક સંકલ્પ શક્તિ વ્હારે આવે છે. તરંગ અવસ્થામાંથી પસાર થતી પળોમાં આપણી શક્તિશાળી ભાવનાઓ અને ઈચ્છાઓ સુખદ ક્ષણોની અનુભૂતિ કરાવી શકે.

આવા વાતાવરણમાં લોકો સતત પરિવર્તન ઝંખે છે કે જેનાથી તેમના ભવિષ્યમાં સુધારો સચવાઈ રહે. આ બધાને કારણે લોકોને એવું લાગે છે કે જીવનમાં કંઈક ખૂટે છે, પણ ખબર નથી પડતી કે શાની ઉણપને કરણે અસ્વસ્થ થઈ જવાય છે? આવા ખાલીપણાની અવસ્થામાંથી ઉગરવા માટે આધ્યાત્મિક સ્ત્રોતનો આશરો જ આપણને ઉપયોગી થાય છે. આધ્યાત્મિક સ્ત્રોત એટલે પરમાત્મા સાથેનો પ્રેમ. આ પ્રેમની પૂંજી એટલી જોરદાર છે કે જેનાથી અદૃશ્ય આવિષ્કાર આપણને ભર્યા-ભર્યાનો ઓડકાર અપાવી શકે. આ પ્રાપ્તિઓ એટલી સબળ હોય છે કે જેને કોઈ ઝૂંટવી શકે નહીં. જીવનમાં ચઢાવ-ઉતાર ભલે આવે પણ આપણો ખુશીનો ખજાનો સદા ભરપુર રહે. ચાલો, આપણે સાથે મળી ભગવાનનો હાથ પકડી લઈએ. જ્યાં સુધી એ નિયંતા આપણી સાથે છે ત્યાં સુધી આપણી રિધ્ધિ-સિધ્ધિ સચવાઈ રહેશે.

આપણે જ્યારે કોઈપણ કાર્ય કરીએ ત્યારે એ કાર્ય કરવાથી કેવા અનુભવો થાય છે એ મહત્ત્વનું છે. કામ કરતાં જો નકારાત્મક અનુભવ થાય તો તેની બાદબાકી થવી જોઈએ. દરેક કાર્ય આપણને ગુણવત્તા સભર પ્રાપ્તિનો અવસર પુરો પાડે છે. અનુભૂતિ સિવાયનું કાર્ય અર્થહીન ગણાય. શક્ય છે કે લૌકિક રીતે દિવસ દરમ્યાન ઘણું ધન મેળવ્યું હોવા છતાં અલૌકિક આનંદ ન થાય તો સમજવું કે સંતોષમાં કંઈક ઉણપ રહીં. એટલે જ To experience the JOY of doing is to bring BEAUTY to actions.

વિનમ્રતાના નિવાસ માટે સારા આવાસની જરૂર હોય છે. જ્યારે મન કોઈ નકારાત્મક વિચારોથી ભરાઈ ગયું હોય અથવા કોઈના પ્રતિ પૂર્વગ્રહ બંધાઈ ગયો હોય તો વિનમ્રતા વાપરી શકાતી નથી. માટે જ બધા પ્રત્યે સદ્‌ભાવના વરસાવવા હંમેશાં શુભ સંકલ્પ કરો. દરેક વ્યક્તિમાં વિશેષતાઓ અને મર્યાદાઓ તો રહેવાની જ. આપણું કામ છે વિશેષતાઓ વધાવવાનું નહીં કે મર્યાદાને વાગોળવી. નકારાત્મકતાની અસરમાંથી મુક્ત થવા આત્મનિરીક્ષણ કરવું જરૂરી છે. આત્મનિરીક્ષણ એટલે વધારે સારા બનવાની મહેચ્છા. આત્મનિરીક્ષણથી આપણે આપણી જાતને હૃદયરુપી સ્વદર્પણમાં જોવાથી આંતરકિ આધ્યાત્મક ભાવ સક્રીય કરી શકીએ છીએ. જ્યારે આપણે આત્મનિરીક્ષણ કરતાં આપણી અંદર પહોંચીએ ત્યારે આપણામાં રહેલી શક્તિઓ અને સારપ જાણી શકીએ છીએ. આનાથી આપણી બીજાઓ પ્રત્યે જે અપેક્ષાઓ હોય તેમાંથી મુક્ત થવાય છે અને સંતુષ્ટતાનો અનુભવ થાય છે.

આપણને પોતાની પ્રગતિ માટે ઘણા વિચારો આવતા હોય છે. તે પૈકીના કેટલાક વિચારોના આપણે આપ-લે કરતા હોઈએ છીએ. પણ, જ્યારે તેનો અમલ કરવાનો થાય ત્યારે ડગમગી જવાય છે. ત્યારે પ્રશ્ન થાય છે કે ''ખરેખર મારે તે કરવું જરૂરી છે?'' આપણી જાત સાથે અખંડિતતા (Integrity) અને પ્રમાણિક્તાનો વિચાર કરીએ તો વિચારવું, બોલવું અને અમલમાં મૂકવું એક સમાન હોય. તેથી જ કહેવાય છે કે મન્સા-વાચા-કર્મણામાં એકસૂત્રતા સચવાય તો નિર્વિઘ્ન વિકાસ થયા જ કરે.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

## राग–सारंग

**आनन्दघन**

मेरे घट ग्यान भानु भयो भोर ।। मेरे.।।
चेतन चकवा चेतना चकवी, भागो बिहरको सोर ।। मेरे. ।।१।।

फैली चिहु दिसि चतुरा भाव रूचि, मिट्यो भरम तम जोर ।।
आपकी चोरी आपही जानत, और कहत न चौर ।। मेरे. ।।२।।

अमल कमल विकचभये भूतल, मंद विषय शशि कोर ।
आनन्दघन एक वल्लभ लागत, और न लाख किशोर ।। मेरे. ।।३।।

## राग–गोडी

**आनन्दघन**

मिलापी आन मिलावो रे, मेरे अनुभव मिठडे मित्त । ।। मि. ।।

चातक पीउ पीउ रटेरे, पीउ मिलावन आन; ।
जीव पीवन पीउ पीउ करे प्यारे, जिउ निऊ आन ए आन ।। मि.।।१।।

दुखियारी निसदिन रहुरे, फिरू सब सुध बुध खोय ।
तन मनकी कबहु लहु प्यारे, किसे दिखाउ रोय ।। मि. ।।२।।

निसि अंधारी मुहि हसेरे, तारे दांत दिखाय ।
भादों कादोमें कियो प्यारे, असुअन घार वहाय ।। मि. ।।३।।

चित्त चातक पीउ पीउ करे रे, प्रणमें दोकर पीस ।
अवला शुं जोरावरी प्यारे, एती न कीजे रीस ।। मि. ।।४।।

आतुर चातुरता नाही रे, सुनी समता टुक वात ।
आनन्दघन प्रभु आय मिले प्यारे, आज घरे हर भात ।। मि. ।।५।।

## राग–आशावरी

**आनन्दघन**

राम कहो रहेमान कहो कोउ, कान कहो महादेव री ।।
पारसनाथ कहो कोउ ब्रह्मा, सकल ब्रह्म स्वयमेव री ।। राम. ।।१।।

भाजनभेद कहावत नाना, एक मृत्तिका रुप री ।।
तैंसे खंडकल्पना रोपित, आप अखंड स्वरूप री ।। राम. ।।२।।

निजप़द रमे राम सो कहिये, रहिम करे रहेमानरी ।।
करशे कर्म कान सो कहिये, महादेव निर्वाणरी ।। राम. ।।३।।

परसे रुप पारस सो कहिये, ब्रह्म चिन्हे सो ब्रह्मरी ।।
इहविध साधो आप आनन्दघन, चेतनमय निःकर्मरी ।। राम. ।।४।।

## राग–आशावरी

**आनन्दघन**

अवधू अनुभव कलिका जागी, मति मेरा आतम समरन लागी ।। अवधू. ।।

जाये न कहुं और ठिगनेरी, तेरी विनता वेरी ।
माया चेरी कुटुंब करी हाथे, एक डेढ दिन घेरी ।। अ. ।। ।।१।।

जरा जनम मरन बस सारी, असरन दुनिया जेती ।
देढव कांई न बागमें मीयां, किसपर ममता एती ।। अ. ।। ।।२।।

अनुभव रस में रोग न सोगा, लोकवाद सब भेटा ।
केवल अचल अनादि अबाधित, शिवशंकर का भेटा ।। अ. ।। ।।३।।

वर्षाबुंद समुद्र समानी, खबर न पावे कोई ।
आनन्दघन व्हे ज्योति समावे, अलख कहावे सोई ।। अ. १ ।।४।।

## राग–सारंग या आशावरी

**आनन्दघन**

अब हम अमर भये न मरेंगे ।। अ. ।।
या कारन मिथ्यात दीयो तज, क्युंकर देह धरेंगे ।। अ. ।।१।।

राग दोस जगबंध करत है, इनको नास करेंगे ।
मर्यों अनंत कालमें प्रानी, सो हम काल हरेंगे ।। अ. ।।र।।

देह विनासी हुं अविनासी, अपनी गति पकरेंगे ।
नासी जासी हम थिर वासी, चोखे व्है निखरेंगे ।। अ. ।।३।।

मर्यों अनन्त बार बिन समज्यो, अब सुख दुःख विसरेंगे ।
आनन्दघन निपट निकट अक्षर दो, नहीं समरे सो मरेंगे ।। अ. ।।४।।

**।। વિદ્યાવૃત્ત ।।**

**યુ. એસ.એ નિવાસી વીણાબેન અનંતભાઈ રવાણી તરફથી ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિરને 'યોગ, આયુર્વેદ, શિક્ષણ ફંડ' પેટે રૂ।. ૨૬ લાખની સહાય રાશી.**

વલ્લભ વિદ્યાનગર એ આધનિક ગુજરાતનો વિકસિત અને હજીયે વિકસતો જતો 'અગ્રહાર' છે. વલ્લભવિદ્યાનગરની ચારુતર વિદ્યામંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દીર્ઘદર્શી નાયકોની દોરવણી તથા સમાજના વિવિધ વર્ગો તરફથી પ્રાપ્ત થતા દાનના વ્યાપક સહયોગની દ્યોતક છે. આ પરંપરાના ભાગ રૂપે ચારુતર વિદ્યામંડળ સંચાલિત તથા કન્યાઓ-દીકરીઓના શિક્ષણને વરેલી એવી ગો. જો. શારદા મંદિર શાળાને વિદ્યાનગરના મૂળ વતની તથા હાલ યુ.એસ. એ સ્થિત શ્રીમતી વીણાબેન અનંતભાઈ રવાણી તરફથી રૂ।. ૨૬ લાખ જેટલી રકમ સહાય રાશી સ્વરૂપે પ્રાપ્ત થઈ છે. દાતાશ્રીનો મુખ્ય હેતુ આ સહાય રાશીની રકમનો ઉપયોગ કન્યાઓ-દીકરીઓને આપણી આગવી સંસ્કૃતિ, આદ્યાત્મિક્તા, યોગ, પ્રાણાયામ તથા આયુર્વેદનું પાયાનું શિક્ષણ મળે તેવો ઉમદા છે. અત્રે ઉલ્લેખનીય છે કે સંસ્થાના અભ્યાસક્રમમાં અને રોજિંદા શિક્ષણકાર્યમાં આ વિષયને લગતા વિવિધ પાસાઓને વણી લેવામાં આવશે જેનાથી વિદ્યાર્થિનીઓ લાભાન્વિત થશે. આ દિશામાં આવી અનોખી પહેલ કરવાનું ગૌરવ જ્યારે ચારુતર વિદ્યામંડળને પ્રાપ્ત થયું છે ત્યારે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુશ્રી મનીષભાઈ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી.પટેલ, સહમંત્રીશ્રીઓ, મંડળના હોદ્દેદારો, ગો. જો. શારદા મંદિર સંસ્થાના આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલ, સર્વે શિક્ષકગણ તથા વિદ્યાર્થિનીઓ કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે.

દાતાશ્રી વીણાબેન અનંતભાઈ રવાણીની બન્ને દીકરીઓ પણ ગો. જો. શારદા મંદિરની ભૂતપૂર્વ વિદ્યાર્થીની રહી ચૂકી છે.

## ગીત

પુષ્કર રાય જોષી

ભાયગ અમ જ્યાં ફૂટ્યાં,
સૂકાં સૂકાં જીવનરણમાં
નેહનાં નવાણ ખૂટ્યાં,...
રાત-દિન હવે જુદાં ન લાગે
ચિત્તડું ઘમ્મર ઘૂમે;
આંખ્યું જાણે ગંગા-જમના,
દખના ડુંગર ડૂમે.
નજરું જાણે મારગ થૈ ગૈ
આશનાં ઈંધણ ખૂટ્યાં....
ફેણ ચડાવી કાતિલ ભીતર
રુંવે રુંવે ડંખે;
જીવતર ઝેર થયું છતાં યે
રુદિયો કોને ઝંખે?
જન્મોજનમનાં બંધન એવાં
કાળ થકી ના છૂટ્યાં....

૪૭૯, ગુજ.હાઉસિંગ ઉપવન
પાર્ક કણકોટ પાટિયા, કલાવડ
રોડ રાજકોટ-૩૬૦૦ Mo.:
૯૯૨૫૧૬૫૧૬૯

## વરસું

ભરત વિંઝુડા

સમય આવે તો અનરાધાર વરસું,
કોઈ ઝીલે તો અનહદ પ્યાર વરસું !

હું વાદળને વરસવું શિખવાડું,
ભીતર વરસું ને સાથે બહાર વરસું !

સમંદરને હું જકડી લઉં વચ્ચોવચ,
અહીં આ પાર, પેલે પાર વરસું!

વરસવાનું ય તારે હોય એમાં,
તું સાથે હો તો એકાકાર વરસું !

સુગંધો ધરતીમાંથી આવવાની,
હંમેશાં એવું ખુશ્બૂદાર વરસું!

નગર ભીંજાઈને થાકી ગયું છે,
નહીં તો હું તો વારંવાર વરસું !

Mo.:૯૪૨૬૪૫૬૯૩૪



## ...શારદા મતિ આપો !

લલિત ત્રિવેદી

કલમને તેજ ઘો, કાગળને સંગતિ આપો...
કહે લલિત, મને શારદા ! મતિ આપો. !
કરો વિસ્ફોટ ભલે પણ હવે નદી આપો,
ઊષર ધરાના આ પથ્થરને ઉન્નતિ આપો !
અલગ ન હોય કિરણ તેજ ને તિમિરનાં હવે,
અમારા ચક્ષુમાં એવી કોઈ ક્ષતિ આપો !
ગઝલનાં નીર નથી કે ન પીર છે એમાં,
આ શુષ્ક કાફિયા રદીફને સદ્ગતિ. આપો !
ગઝલ છે સંતની જગ્યા.. અખંડ દીવો છે...
મને ય પૂરવા ઘો જીવ... સંમતિ આપો !
કહું છું ક્યાં કે મને આપનાં દરસ આપો,
ચકળવકળ આ નજર આપના પ્રતિ આપો.
કહે છે કેમ આવું એક શાહીનો ખડિયો-
'-ન સંપત્તિ મને આપો, ન સંતતિ આપો ?!'

## નવા ચંદ્રની કૂંપળ

લાલજી કાનપરિયા

લ્યો, ફરીને પ્રગટી પાછી નવા ચંદ્રની કૂંપળ,
સચરાચરમાં જ્યોત પ્રકાશી, નભ આખુંયે ઝળહળ.

ગ્રહ, નક્ષત્ર, ઉડુગણોની
રહસ્યનગરી ખૂલે
ધરતી માથે ઝલમલ ઝલમલ
નભ ચંદરવો ઝૂલે.

કલકલ નાદે વહેતી આવે નભગંગાયે ખળખળ,
લ્યો, ફરીને પ્રગટી પાછી નવા ચંદ્રની કૂંપળ.

કોણ રમે છે ખેલ નિરંતર,
કોણ નાખતું દાવ?
અસીમ નીલ સાગરમાં તરતી
કોની સુરભિત નાવ?

અગમનિગમની ઝાલર વાગે અંતરીક્ષ પળપળ,
લ્યો, ફરીને પ્રગટી પાછી નવા ચંદ્રની કૂંપળ,

॥ ગદ્ય વિભાગ ॥

## ચારિત્ર્ય એટલે શું ?

**આનંદશંકર ધ્રુવ**

'ચારિત્ર્ય'નો અર્થ માત્ર સ્ત્રી-પુરષોના વ્યવહારમાં પવિત્રતા, એટલો જ થતો નથી. 'ચારિત્ર્ય' શબ્દનો અર્થ ઘણો વિપુલ છે. 'ચારિત્ર્ય' એટલે જીવનની ભાવનાઓ, સિદ્ધ કરવાના સંકલ્પની દૃઢતા, સ્થિરતા, બળ. ચારિત્ર્ય એ અનેક સદ્‌ગુણોમાંનો એક નથી, પણ સદ્‌ગુણી જીવનનો પાયો છે. ચારિત્ર્ય એ આપણા જીવનના તારમાં વીજળીનો પ્રવાહ પૂરો પાડનાર વીજળીનું ઉત્પાદક યંત્ર છે. એ વિદ્યુતગૃહ દરેક બાલક અને બાલિકાના હૃદયમાં સ્થાપવાનું કામ શિક્ષકોનું છે.

ચારિત્ર્ય ઘડવાનો ઉત્તમ માર્ગ ચારિત્ર્યદર્શનના પ્રસંગો રચવા એ છે. આ પ્રસંગો રમતગમતમાં, વિદ્યાર્થી ઓના વાદવિવાદના મેળાવડામાં, લાઇબ્રેરીમાં, ક્લાસમાં, પરીક્ષાના હોલમાં - એમ અનેક સ્થળે મળી શકે છે. અહીં સતત એકધારી વર્તણૂકથી છોકરાંઓની ટેવો બાંધવાનો યત્ન કરવાનો છે - કે જે ટેવ વિષમ પ્રસંગોએ એની મેળે જ તેમને સન્માર્ગે રાખે. સંકલ્પબળ ગમે તેટલું હોય, પણ ઊંધી બુદ્ધિને એ એંજીન જોડવાથી ટ્રેન અવળે રસ્તે જ જવાની. તે માટે સમતોલ બુદ્ધિશક્તિ કેળવવી જોઈએ - જે રાગદ્વેષને વશ ન થાય, હવાના ઝપાટાથી આમ કે તેમ વળી ન જાય. આ એક કીમતી ગુણ છે, અને તે એકદમ પૂર્ણરૂપમાં આવી જતો નથી પણ ધીમે ધીમે વિકસાવી શકાય છે.

હવે એક વ્યાપક પ્રશ્ન ઉપર આવું : શિક્ષિત જન કોને કહેવો ?

અનેક વિષય ઉપર થોડી થોડી હકીકત જેણે પોતાના મગજમાં એકઠી કરી હોય, એ 'સુશિક્ષિત' ન કહેવાય. હાલના જમાનામાં આવી હકીકત બહુ કામની છે, પણ એમાં સઘળી કેળવણી આવી જતી નથી. સુશિક્ષિતજન એટલે બ્રાહ્મણ. બ્રાહ્મણ કોણ ? એ શબ્દનો જીવંત અર્થ મરી ગયો, તે પહેલાં એનો અર્થ 'બૃહત' યાને દિન પર દિન વૃદ્ધિ પામતા વિશાળ મનનો માણસ, એવો થતો. 'બ્રાહ્મણ'થી ઊલટો શબ્દ 'બૃહદારણ્યક ઉપનિષદ'માં 'કૃપણ' કહ્યો છે. 'કૃપણ' એટલે સાંકડો.

'બ્રાહ્મણ' શબ્દના અર્થમાં કેટલા ગુણો સમાયેલા છે, એ બુદ્ધ ભગવાને આ પ્રમાણે બતાવ્યા છે : 'બ્રાહ્મણ' એટલે કે શિક્ષિતજન એ કે (૧) જેનું શરીર સુંદર હોય (આમાં શારીરિક કસરત વગેરેની આવશ્યકતા આવી); (૨) જે સુચારિત્ર્યવાન માતાપિતાને ત્યાં જન્મ્યો હોય (આમાં ઘરનું વાતાવરણ આવ્યું); (૩) જે બહુશ્રુત વિદ્વાન હોય; (૪) જે પ્રજ્ઞાવાન (પરિપક્વ બુદ્ધિવાળો) હોય, અને (૫) જે શીલવાન (સારા ચારિત્ર્યવાળો) હોય.

'આનંદશંકર ધ્રુવ લેખસંચય' પુસ્તક
('અરધી સદીનીવૈચન યાત્રા'માંથી સાભાર)

॥ લઘુકથા ॥

## અંતિમ ઈચ્છાની સમસ્યા

**ગિરા પિનાકીન ભટ્ટ**

માણસનું મોં જોવા મળે એ તો બહું મોટું સૌભાગ્ય! કાચની બારીની પેલે પાર માસ્ક પહેરેલા ડોક્ટર્સ, અને નર્સ આવતાં જતાં દેખાય. વાત કરવાનો અવસર મળે તો જાણે ઊજાણી ! શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે વિચારોનો વંટોળ બંને જાણે સહરાનું રણ! ઘડીકમાં શ્વાસ હેઠો બેસે તે ટાણે વિચારોનું વૃંદાવન મહાનગરી મુંબઈના રેલવે સ્ટેશન જેવું ધમ ધમે.

શ્રીકાંતે પડખું ફેરવ્યું. મનની મનમાં જ રહી જશે કે શું? કોરોનાના કહેરે સર્વત્ર માઝા મૂકી છે. કબ્રસ્તાનમાં જગ્યાઓ નથી તો, સ્મશાનમાં સામૂહિક લાશો સળગાવી તેનો નિકાલ કરી દેવાય છે. 'કુદરત તારો આવો ક્રુર કેર?' પડખાં બદલી-બદલીને થાકેલો શ્રીકાંત બોલી ઉઠ્યો. ત્યાં તો ડોક્ટર તેમના સ્ટાફ સાથે આવી પહોંચ્યા. થોડી-ઘણી પૂછપરછ, જરૂરી દવાઓ આપી રવાના થાય તે પહેલાં જ એ પૂછી બેઠો, 'સાહેબ... આ જીવલેણ રોગ જીવ લઈને જશે કે શું?'

ના કાળજી રાખો તો સારું થઈ જશે, બી પોઝીટીવ'.

'હું જાણું છું સાહેબ, પણ મારી અંતિમ ઇચ્છા છે કે જે મેં મારી પચાસમી વર્ષગાંઠે ઘરના સભ્યો સમક્ષ મૂકી હતી તે સાવ એળે જશે કે શું?

કુતૂહલતા દર્શાવતા ડોક્ટરે પૂછ્યું, 'હું જાણી શકું, શું છે તમારી અંતિમ ઈચ્છા?'

તથ્ય જાણું છું કે આ મૃતદેહને કોઈ હાથ પણ નહીં અડકાડે. પરંતુ મારા સંકલ્પનું શું? દેહદાન કરવાની અંતિમ ઇચ્છા મનમાં ને મનમાં લઈને મરવાનું કે...?

૪૫/ઊ નગર. વિભાગ - ૧, સીટીપલ્સ થિયેટરના ખાંચામાં.
ગાંધીનગર.- ૩૮૨ ૪૨૬, Mo. ૯૯૦૯૬૪૧૨૬૨

|| ચિંતન ||

## ભારતીય સાધના

**નરેશ વેદ**

ભારતની પ્રજા એવું માને છે કે માની કૂખેથી જનમ લેવાથી માણસ નથી થવાતું. માની કૂખેથી આપણે જન્મીએ છીએ ત્યારે તે આપણું જૈવિક અસ્તિત્વ (biological being) હોય છે, આપણું માનવઅસ્તિત્વ (human being) હોતું નથી આવા જૈવિક અસ્તિત્વમાંથી માનવઅસ્તિત્વ પામવા માટે સાધના કરવી પડે છે. એટલે ભારતીય પ્રજાને મન જીવન એક સાધના છે. જીવનની કૃતાર્થતા જીવનને સફળ અને સાર્થક બનાવવામાં રહેલી છે. ચાંચડ, માંકણ, મચ્છર, માખી, પશુ, પંખી એમ બધા જીવો જીવી તો જાય છે. પરંતુ જેવા જન્મ વખતે હોય છે, એવાં જ એનાં મરણ વખતે, શારીરિક વિકાસ બાદ કરતાં, એવાં ને એવાં જ હોય છે. કારણ કે એમની પાસે કોઈ જીવનધ્યેય નથી હોતું. માણસ પાસે તો પોતાના જીવનમાં કશુંક જાણી લેવાનું, કશું કરી લેવાનું અને કશુંક પામી લેવાનું, સ્પષ્ટ ધ્યેય હોય છે. આ ધ્યેય સિદ્ધ કરવ એ જીવનમાં સાધના કરે છે.

માણસ પોતાના જીવનમાં જે સાધના કરે છે તે મુખ્યત્વે બે પ્રકારની હોય છે. એ છે વિદ્યાસાધના અને અધ્યાત્મસાધના. જીવનમાં સફળતા મેળવવા માટે એ વિદ્યાસાધના કરે એ જરૂરી છે અને જીવનમાં સાર્થકતા પામવા માટે અધ્યાત્મસાધના જરૂરી છે.

જીવન ઘણું જટિલ અને સંકુલ છે. એમાં અન્ન, વસ્ત્રને આવાસ જેવી પ્રાથમિક જરૂરિયાતોથી માંડીને અનેક પ્રકારની જરૂરિયાતો છે. એમાં અનેકક્ષેત્રો છે. અનેક પ્રકારની કામગીરી અને વ્યવસાયો છે, અનેક જાતના સંબંધો અને વ્યવહારોના આટપાટા છે. મન પાંચમના મેળા જેવા આ જીવનમાં અનેક પ્રકૃતિના લોકો છે. એમની જાતજાતની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ છે. એમાંથી ઊભી થતી અનેક ગૂંચવણો અને મૂંઝવણો છે, શરતો અને સમસ્યાઓ છે, સ્પર્ધાઓ અને સંઘર્ષો છે, ગણતરીઓ અને ગોઠવણો છે. અનેક પ્રકારના પંથો, પક્ષો અને મતો સાથે આસ્થાથી દોરવાઈને ચાલતાં અનુબદ્ધ અને પ્રતિબદ્ધ લોકસમૂહ વચ્ચે પોતાના નિજી વિચાર, વચન અને વર્તન સાથે આન બાન અને શાનપૂર્વક જીવન જીવી જવા માટે માણસ પાસે યથોચિત વ્યવહારજ્ઞાન હોવું જરૂરી બને છે.

આવું જરૂરી વ્યવહારજ્ઞાન કે લૌકિકજ્ઞાન પ્રાપ્ત કરવા માટે માણસે પહેલી સાધના વિદ્યાની કરવી પડે છે. પહેલાં પાંચ વરસ આપણા માટે ઘર એ જ વિદ્યાલય બને છે. દાદા-દાદી, માતા-પિતા, ભાઈ-બહેન વગેરે પાસેથી આપણે કશુંક ને કશુંક શીખતા રહીએ છીએ. દાદા-દાદીની પૌરાણિક, ઐતિહાસિક અને લૌકિક વાર્તાઓમાંથી આપણે કંઈને કંઈ શીખીએ છીએ. માતા ઉઠાડતાં, નવડાવતા, ખવડાવતા, સૂવડાવતા આપણી સાથે વાતો કરતાં અને ગીતો ગાતા સંસ્કાર સિંચન કરતી જાય છે. પિતા આપણને આત્મવિશ્વાસ આપીને બેસતાં, ઊઠતાં અને ચાલતાં શીખવે અને આપણને ખ્યાલ પણ ન આવે એમ આપણામાં શ્રદ્ધા, કિંમત, સ્વરક્ષણ વગેરે ગુણોનું સિંચન કરી દે છે. ભાઈ-બહેન અને શેરીના સ્વજનો મિત્રો દ્વારા બોલતાં, ચાલતાં, દોડતાં થઈએ છીએ. પછી આપણું શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિધિવત શિક્ષણ શરૂ થાય છે. પંચોતેર કે એંસી-નેવું વર્ષની આપણી જિંદગીમાંથી આરંભકાળના આપણા જીવનના વીસપચ્ચીસ વર્ષો આપણે વિદ્યાભ્યાસમાં ગાળીએ છીએ. એ માટે આપણા સ્વજનો પોતાની શક્તિ હોય કે ન હોય, પેટે પાટા બાંધીને આપણને ભણાવવા માટે મોટો ખર્ચ કરે છે.તે એટલા માટે કે ત્યાં આપણાં વ્યક્તિત્વ અને ચારિત્ર્યનું ઘડતર થાય. ઈતિહાસ, ભૂગોળ, ગણિત, વિજ્ઞાન, ભાષા વગેરે વિષયો ભણતાં ભણતાં આપણી ખીલુપીલુ થતી બુદ્ધિનો અનેક વિષયોની બાબતમાં વિકાસ થાય. આપણી શારીરિક, માનસિક, બૌદ્ધિક, સૌર્મિક અને વૈચારિક શક્તિઓનો વિકાસ થાય. આપણી મતિ, ધૃતિ, મેધા, શ્રદ્ધા, તર્ક, સંકલ્પ અને સ્મૃતિ જેવી શક્તિઓનો વિકાસ થાય. આપણામાં લૈકિક અને વ્યાવહારિક બાબતોનું જ્ઞાન આવે. આપણું શરીર પરિપક્વ થાય, મન પુખ્ત બને અને બુદ્ધિ તીક્ષ્ણ થાય. આપણને આચારો (ethos), આદર્શો (ideals) અને મૂલ્યો (values)ની સમજણ મળે અને આપણે વ્યવહાર જગતમાં એક વિચારવાન શીલવાન કાર્યકુશળ જ્ઞાની શાલીન રાષ્ટ્રપ્રેમી નાગરિક તરીકે આપણા જીવનમાં સફળ થઈએ.

આ માટે આપણા દેશમાં ત્રણ તબક્કાની શિક્ષણ વ્યવસ્થા ગોઠવેલી છે. એ છેઃ પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ. એની પાછળ દૃષ્ટિ એવી છે કે શરીરવિકાસ સાથે બુદ્ધિવિકાસ, એ પ્રાથમિક શિક્ષણમાં મળે. શરીરધારણા સાથે સમજવિકાસ, એ માધ્યમિક શિક્ષણમાં મળે અને વિવેક વડે શરીર અને બુદ્ધિને અલગ કરી શરીરનિરપેક્ષ જ્ઞાનવિકાસ એ ઉચ્ચ શિક્ષણથી મળે.

જોઈ શકાશે કે આપણે ત્યાં વિદ્યાસાધનામાં શિક્ષણ દ્વારા માત્ર સાક્ષરતા સાધવાનો હેતુ નથી પણ જીવનની સફળતા સાધવાનો હેતુ છે. તેથી શિક્ષણ દ્વારા વ્યક્તિમાં સદ્‌ગુણોનો વિકાસ થાય, મૂલ્યભાન આવતાં સમાજપરિવર્તનની ખેવના જાગે, યોગ-ઉદ્યોગ અને સહયોગની કેળવણી થાય, સભ્યતા અને સંસ્કારિતા ખીલતાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની રુચિ તથા શુચિ આવે. ભારતીય વિદ્યાસાધના પાછળ મનુષ્યની ભીતરના આંતરવિશ્વની અધ્યાત્મવિદ્યા અને મનુષ્યની આજુબાજુની સૃષ્ટિની વિજ્ઞાન વિદ્યા-એમ પરા અને અપરા આપવાનો આદર્શ રખાયેલો છે. વિજ્ઞાનનો સંબંધ 'સત્' સાથે છે, અધ્યાત્મ વિદ્યાનો સંબંધ 'ચિત્' સાથે છે અને કળા તથા સાહિત્યનો સંબંધ 'આનંદ' સાથે છે. આમ, ભારતીય શિક્ષણ સાધના આજકાલ શિક્ષણ પ્રક્રિયા શા માટે એ સંબંધમાં Learning to know, Learning to do, Learning to be અને Learning to live together- એવી જે યુરોપ-અમેરિકની માન્યતા છે, તેને આરંભ કાળથી પરિપૂર્ણ કરનારી 'સચ્ચિદાનંદ'ની, મતલબ કે, જીવન સાફલ્યની સાધના છે.

ભારતીય પ્રજાનું દૃઢપણે માનવું છે, એની પ્રતીતિ (conviction) છે કે મનુષ્યજીવન ભલે પ્રારબ્ધ નર્ધારિત (Pre destined) હોય, પરંતુ મનુષ્ય પુરુષાર્થ કરીને પોતાની નિયતિને, પોતાના પ્રારબ્ધને પણ બદલી શકે છે, બદલી શકે નહીં તો કંઈ નહી, કમ સે કમ, અને સાર્થક જરૂર કરી શકે છે. એટલે ભારતીય પ્રજાએ મનુષ્યે પોતાના જીવનમાં કરવા જોઈતાં ચાર પુરુષાર્થોની હિમાયત કરી છે. એ ચાર પુરુષાર્થો છેઃ (૧) ધર્મ (૨) અર્થ (૩) કામ અને (૪) મોક્ષ. આ પુરુષાર્થ વિચાર જીવનસાધનાના ભાગરૂપે જ છે. પુરુષાર્થ એટલે Goals. ધર્મ એટલે Rightous action. અર્થ એટલે acquisition of wealth and wordly Possessions, કામ એટલે fulfillment and enjoyment of desires અને મોક્ષ એટલે liberation from the cycle of birth and death.

આપણે આ પુરુષાર્થો(goals)ને જરા વિગતે સમજીએ. ધર્મ એટલે હિંદુધર્મ, જૈનધર્મ, બૌદ્ધધર્મ, ખ્રિસ્તીધર્મ, ઈસ્લામધર્મ ધારણ કરવો એવો અર્થ નથી. અહીં ધર્મનો અર્થ છે ધર્માચરણ. વ્યક્તિ જે જાતિ, કુળ, ગોત્ર, વર્ણ કે રાષ્ટ્રની હોય તે જાતિ, કુળ, ગોત્ર, વર્ણ કે રાષ્ટ્રની જે ફરજો બજાવવાની હોય તે નિષ્ઠાપૂર્વક બજાવવી. જેમકે પુરુષે પુરુષધર્મ, સ્ત્રીએ સ્ત્રીધર્મ, મિત્રે મિત્રધર્મ, કુળધર્મ, ગોત્રધર્મ, વર્ણધર્મ, કે રાષ્ટ્રધર્મ નિભાવવો, ન્યાયપુરઃસર કાર્યો કરીને, એવો અર્થ છે. એટલે કે ભારતીય ધર્મસાધના સ્વધર્મ બજાવવાની હિમાયત કરે છે, એથી વિપરીત જો કોઈ વર્તન કરે તો તેને પરધર્મો ભયાવહ કહીને નિંદે છે.

અર્થસાધના એટલે જીવનનિર્વાહ અર્થે અને જીવનસુખાકારી અર્થે આર્થિક ઉપાર્જન કરવું તે. પરંતુ આ ઉપાર્જન કોઈ દુરાચાર કે ભ્રષ્ટાચાર દ્વારા નહીં પણ નૈતિક અને પ્રામાણિકતાનાં ધોરણોને સાચવીને કરેલું હોય. ભૌતિક સુખ સંપત્તિ પ્રાપ્ત કરવા આવી અર્થસાધના કરવી આવશ્યક છે, પરંતુ એ માટે નીતિ અને પ્રામાણિકતા નેવે મૂકીને સંઘરાખોરી, નફાખોરી, દાણચોરી કે કરચોરી જેવા યેનકેન પ્રકારેણ કરેલી ન હોવી જોઈએ, સ્વાશ્રયી, સંતોષી રહીને કરેલી હોવી જોઈએ એવો આદર્શ રાખ્યો છે.

કામસાધના એટલે મનુષ્યની જે મૂળભૂત ચાર કામનાઓ છે તેની પરિતૃપ્તિ અને તેનો આનંદ માણવાની પ્રવૃત્તિ. આમ તો માણસ અનેક વૃત્તિઓ વાળો છે. પણ એની મૂળભૂત વૃત્તિઓ ચાર છેઃ (૧) જિજીવિષાની (૨) જિજ્ઞાસાની (૩) આધિપત્યની અને (૪) જાતીયતાની. બીજા શબ્દોમાં કહીએ તો જિજીવિષા, જિજ્ઞાસા, ઈશિતા અને સિસૃક્ષા એ ચાર મણસની મૂળભૂત કામનાઓ છે. જિજીવિષા દ્વારા માણસ અમરતા ઝંખે છે. જિજ્ઞાસા માણસને જ્ઞાનપ્રાપ્તિની હોય છે. ઈશિતા દ્વારા માણસ શક્તિ અને સ્વતંત્રતા ઝંખે છે. સિસૃક્ષાવૃત્તિ દ્વારા માણસ પ્રેમ અને આનંદ શોધે છે. આ ચારેય કામનાઓની પૂર્તિ કરવી તે કામસાધના છે.

મોક્ષસાધના એટલે જીવન અને મૃત્યુના ફેરામાંથી મુક્ત થવા માટે કરવામાં આવતી સાધના છે. પોતાનાં કર્મો અનુસાર માણસને જીવજંતુ, વનસ્પતિઔષધિ, પશુ-પંખી કે પછી મનુષ્ય યોનિમાં અનેકવાર જન્મવું અને મરવું પડે છે. આ બધા અવતારોમાં જીવ અનેક બંધનોમાં ફસાયેલો રહે છે. જેમ કે શરીર, મન, બુદ્ધિ, સ્થળ, કાળ, પદાર્થ વગેરેનાં બંધનો. ત્રણ પરિમાણો અને ચાર પ્રતીતિઓનાં, અધ્યાસો અને આસક્તિઓનાં બંધનોમાં બંધાયેલો રહે છે. આ બધાં બંધનોમાંથી માણસ મુક્ત થવા ઈચ્છે છે. એવી મુક્તિ સ્વ-સ્વરૂપના સાચા પરિચયથી, એના જ્ઞાનથી વાસના, કામના, લિપ્સા, એષણા વગેરેથી મુક્તિ મેળવવાને પાત્ર થાય છે. વિવેક, વૈરાગ્ય, ષટ્‌સંપત્તિ અને મુમુક્ષુતા જેવી લાક્ષણિકાઓ કેળવી મોક્ષાર્થી થઈ તે આત્મસાક્ષાત્કાર દ્વારા જીવનમુક્તિ, વિદેહમુક્તિ કે પછી ક્રમમુક્તિ પામી શકે છે, એવી ભારતીય પ્રજાની માન્યતા છે. એટલે

મોક્ષસાધનાને પણ જીવનના ચાર ધ્યેયો પૈકીનું એક ધ્યેય ગણવામાં આવ્યું છે.

માણસ પોતાના જીવનમાં પુરુષાર્થ દ્વારા આવી સાધનાઓ વડે પોતાનાં ચાર લક્ષ્યો સિદ્ધ કરી શકે છે એ ખરું, પરંતુ માણસ આત્મસાક્ષાત્કાર, બ્રહ્મસાક્ષાત્કાર દ્વારા એની જે શાશ્વત ઝંખના છે, મનની મુદિતાની, બુદ્ધિની સમતાની, ચિત્તની પ્રસન્નતાની અને આત્માની શાંતિની, એ કેવી રીતે પ્રાપ્ત કરી શકે, એ માટે ભારતીય દાર્શનિકોએ અન્ય પાંચ સાધનાઓ નિર્દિષ્ટ કરી છે. એ છેઃ (૧) કર્મસાધના (૨) જ્ઞાનસાધના (૩) ભક્તિસાધના (૪) યોગસાધના અને (૫) નૈષ્કર્મ્યની સાધના. માણસ પોતાના વાસ્તવિક સ્વરૂપને પિછાણતો નથી તેથી દુઃખી છે. તે એવું સમજીને બેઠો છે કે પોતે દેહરૂપ છે. પોતે ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર જેવાં આંતરબાહ્ય સાધનોથી સંપૂર્ણ છે, શક્તિમાન છે. પરંતુ જન્મ, બીમારીઓ, વૃદ્ધાવસ્થા અને મોત જેવાં દુઃખોથી, આધિવ્યાધિ અને ઉપાધિથી વ્યથા અને પીડા અનુભવે છે. એનું કારણ એ છે કે તે પોતાની સ્થૂળ પ્રકૃતિથી ઉપર ઊઠતો નથી. ઉપર કેવી રીતે ઊઠી શકાય એનું એને જ્ઞાન નથી. એટલે ભારતીય દાર્શનિકોએ એને સાધનાનો પથ ચીંધ્યો છે. દુઃખ અજ્ઞાનને કારણે છે. અજ્ઞાનને વિદારવા જ્ઞાનના ઉદયની જરૂર છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ પણ વસ્તુ ઘટના કે ક્રિયાને તેના યથાર્થ સ્વરૂપમાં આરપાર જોવાની દૃષ્ટિની આવશ્યકતા હોય છે. એ દૃષ્ટિ સાધનાથી મળે છે. સાધના એ એવી ક્રિયા છે જે શરીર અને મનબુદ્ધિચિત્ત વગેરેના શુદ્ધિકરણની તેમ જ તેનાં સંવર્ધનની ક્રિયા કરી આપે. આયુર્વેદમાં વાતપિત્ત અને કફના ઉપદ્રવથી આવતી બીમારીમાંથી ઉગરવા પંચકર્મ (સ્નેહન, સ્વદેન, વમન, વિરેચન અને બસ્તિ)ની ક્રિયા કરવામાં આવે છે તેમ માણસની ત્રિગુણાત્મક (સત્ત્વ, રજસ અને તમસ)પ્રકૃતિના દોષો દૂર કરવા માટે પંચસાધના ક્રિયા જરૂરી છે, એવું ભારતીય પ્રજા માને છે. જેમ બ્રહ્માંડનું શરીર તેમ માણસનું શરીર પણ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાભૂતોનું બનેલું છે. આ પાંચેયની સાધના કરવાથી માણસ પોતાની સ્થૂળતા અને જડતામાંથી મુક્ત થઈ ઊર્ધ્વગામી બની શકે છે. આદિ શંકરાચાર્યે આપણા દેશમાં પંચાયતનની ઉપાસનાનું પ્રવર્તન કર્યું તેની પાછળ આ જ હેતુ હતો. પૃથ્વીના દેવ ગણેશ, જળના વિષ્ણુ, અગ્નિના સૂર્ય, વાયુનાં, શક્તિ અને આકાશના દેવતા શિવ છે. પૃથ્વી એ કર્મનું ક્ષેત્ર છે, જળ એ ભક્તિનું ક્ષેત્ર છે. અગ્નિ એ જ્ઞાનનું ક્ષેત્ર છે. વાયુ એ પ્રાણશક્તિનું અને આકાશ એ નિષ્કર્મનું ક્ષેત્ર છે માણસમાંથી પૃથ્વીની જડતા, જળની નિમ્નગામિતા, અગ્નિની દાહકતા, વાયુની ચંચળતા ઓછી થતી જાય ત્યારે આકાશની માફક નિર્લેપ સાક્ષીભાવ આવે. તેથી માણસે જીવનમાં આ પાંચ સાધનાઓ કરવી જરૂરી છે. એમ ભારતીય પ્રજા માને છે.

### (૧) કર્મસાધનાઃ

જીવનમાં મનુષ્ય કર્મો કર્યા વગર રહી શક્તો નથી. પરંતુ વાસ્તવમાં જીવન કર્મક્ષયની સાધના છે. માણસને કર્મો કરવાનો અધિકાર છે પણ એનાં ફળ ઉપર અધિકાર નથી તેથી મનુષ્યે કર્મોમાંથી કર્તાભાવ અને ભોક્તાભાવનો ત્યાગ કરી પોતે જે કાંઈ કર્મો કરે છે તે ઈશ્વરવતી, તેના માટે, તેના થકી કરે છે, તેનાં ફળ પણ ઈશ્વરાર્પણ કરે છે ત્યારે તે આનાસક્ત થઈ જાય છે અને આવા યજ્ઞભાવથી કર્મો કરવાને કારણે તેનું અંતઃકરણ શુદ્ધ થતું જાય છે. કર્મો ઉપર ચોંપ રાખવાથી દૃષ્કૃત્યો થતાં નથી અને નવાં કર્મો બંધાતા નથી. કર્મનો ચોપડો ચોખ્ખો થતો જાય છે. માણસની ગતિ પામર પશુમાંથી પરમાર્થી મનુષ્ય તરફ થાય છે.

### (૨) ભક્તિસાધનાઃ

કર્મયોગરૂપી પૃથ્વીની સાધના આહારથી થાય છે તો ભક્તિયોગરૂપી જળની સાધના મૈથુનવૃત્તિના પાયામાં રહેલી કામવાસનાના પરિવર્તનથી થાય છે. પોતાની જ ઈન્દ્રિયોને તૃપ્ત કરવાના કામભાવનું રૂપાંતર પ્રેમભાવમાં થઈ જાય છે. સ્વાર્થનું રૂપાંતર સેવાભાવમાં થઈ જાય છે. મનુષ્યનું જિગર સાક્ષાત્ હરિને ઝંખવા લાગે છે, તેની પ્રતિકૃતિઓમાં એને કોઈ રસ રહેતો નથી. ભગવદ્ વિરહમાં ઝૂરતો ભક્ત દાસભાવે, વાત્સલ્યભાવે, સખાભાવે કે મધુરભાવે ભક્તિસાધનામાં આગળ વધતો વધતો પોતાની જીવનધાતુને સાચા તત્ત્વમાં પલટાવી દે છે.

### (૩) જ્ઞાનયોગરૂપીઃ

અગ્નિસાધના એટલે શુદ્ધ અદલ જ્ઞાનની ઝંખના. શુદ્ધ અને અદલ જ્ઞાન એટલે આતમજ્ઞાન. જો આત્મા જ નિત્ય મુક્ત પ્રબુદ્ધ સત્ય છે તો એ સત્યને જાણવા અને પામવાની ઝંખના સાથે દેહ અને સંસારના અધ્યાસ આસક્તિ અને બંધનને ત્યજીને સ્વ-રૂપ સાથે અનુસંધાન સાધવાની પ્રક્રિયા. માણસ શ્રદ્ધાવાન સંયમી અને તત્પર થઈને જીવનમાં હરપળે આત્મચિંતન કરતાં કરતાં અહંકારને ઓગાળીને આત્માને ઓળખે, એ જ્ઞાનસાધના છે. પૃથ્વીની સાધના કર્મ આધારિત હોય છે, જળની સાધના રસ આધારિત હોય છે તેમ અગ્નિની સાધના વિચાર આધારિત

હોય છે. આગલી બે સાધનાઓમાં નીતિ અને ભાવુક્તાને સ્થાન હતું, જ્યારે સાધનામાં વિવેકબુદ્ધિ કેન્દ્રસ્થાને રહે છે. આ સાધના દ્વારા માણસ જીવનનાં બંધનોથી મુક્ત થઈ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે.

### (૪) યોગસાધના:

યોગસાધના એટલે જે શ્વાસોચ્છવાસ લઈએ છીએ તેના નિયમનની સાધના. આપણા શરીરની સ્વસ્થતા અને મનની સ્થિરતાનો આધાર આપણી શ્વસનક્રિયા ઉપર છે. માણસના જીવનમાં શ્વાસ ચોક્કસ સંખ્યામાં છે. એટલે માણસે શ્વાસ લેવામાં, રોકવામાં અને છોડવામાં બહુ સવધાની રાખવી જોઈએ. શ્વાસ એટલે વાયુ. એને વશ કરવા માટે માણસે પ્રાણાયામ પ્રત્યાહાર ધ્યાન ધારણા અને સમાધિની પ્રક્રિયામાં આગળ વધવું જોઈએ. એમાં આસન, શરીરની મુદ્રાઓ, નેતિ, ધોતિ, બસ્તી જેવી ક્રિયાઓ- જેવાં સાધનો સહાયરૂપ બની શકે છે. યોગસાધના, આમ ક્રિયા સાથે જોડાયેલી છે. એમાં જત (સંયમ) અને સત (હૃદયનો દૃઢ ભાવ) બંનેને ક્રિયાશીલ કરવામાં આવે છે, અને તેના વડે માનવદેહનું રૂપાંતર સધાય છે. આ સાધનાથી માણસની ઈન્દ્રિયો વધુ સંનદ્ધ અને સૂક્ષ્મ બને છે અને મન વધુ વિશુદ્ધ બને છે. અને તેના વડે માણસ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.

### (૫) નૈષ્કર્મ્ય સાધના:

આ આકાશની સાધના છે. આકાશ જેમ સર્વત્ર વ્યાપ્ત, સર્વ સાથે ઓતપ્રોત હોવા છતાં સાવ અલિપ્ત અને નિર્લેપ છે તેમ માણસને દેહની અને સંસારની માયામાંથી અલિપ્ત અને નિર્લેપ કરી, ચિત્તની બધી વૃત્તિઓને બ્રાહ્માકાર વૃત્તિમાં જોડી આપવાની સાધના છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સાધના વૃત્તિઓનો ક્ષય કરવાની સાધના છે. માણસના ચિત્તમાં ભયની, હિંસાની, વિષયભોગની- એમ અનેક વૃત્તિઓના લોઢ ઉછળતા હોય છે, એ વૃત્તિઓને નાથવાનું કામ અઘરું હોય છે. પરંતુ સંસારને વિચારો અને વિકારોનો ખેલ, વિચારો અને વિકારોને મનનો ખેલ, મનને ચિત્તનો ખેલ અને ચિત્તને વૃત્તિઓનો 'ખેલ' સમજી વાસનાક્ષય, મનોનાશ અને ચિત્તને વૃત્તિશૂન્ય કરવાથી પોતાના અસલ સ્વરૂપ સાથે માણસ અનુસંધાન સાધી શકે છે. અપરોક્ષાનુભૂતિ એનું ફળ છે.

### ઉપસંહાર:

ભારતીય પ્રજાએ આમ ક્રિયાત્મક, ભાવાત્મક, જ્ઞાનાત્મક, ધ્યાનાત્મક અને ઊર્ધ્વાત્મક એવી પાંચ સાધનાઓનો બોધ કર્યો છે. પંચસાધનામાંથી કોઈપણ સાધનાને પોતાની પ્રકૃતિ અને રુચિ અનુસાર સ્વીકારીને પોતાના જીવનમાં માણસ સાર્થક્તા પામી શકે એનું માર્ગદર્શન ભારતની પ્રજાએ સમસ્ત માનવજાતને આપ્યું છે. સાથે એ વાત પણ સમજાવી છે કે મનુષ્યની જીવનસાધનાની પરિપૂર્ણતા આ પાંચેય સાધનાઓના સમન્વયમાં રહેલી છે. કર્મ દ્વારા ધ્યાનને સક્રિય કરવાનું છે, ભક્તિ દ્વારા જ્ઞાનને આર્દ્ર બનાવવાનું છે અને એ ચારેયના સમવાયથી નિષ્કર્મ સિદ્ધ કરવાનું છે. જીવનમાં જે જાણવા જેવું છે, કરવા જેવું છે, પ્રાપ્ત કરવા જેવું છે તેનું જ્ઞાન આ સાધના દ્વારા આપીને ભારત કોઈ અભારતીયને શું આપી શકે છે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

---

૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટાબજાર, વલ્લભ વિદ્યાનગર
(૩૮૮૧૨૦) મો. ૯૭૨૭૩૩૩૦૦૦, ૦૨૬૯૨-૨૩૩૭૫૦

।। વિદ્યાવૃત્ત ।।

## ચારુતર વિદ્યામંડળના એન.એસ.એસ. વિભાગ દ્વારા શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજાઈ

ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના નોન-એકેડેમિક ફોરમ અંતર્ગત સીવીએમ-એનએસએસ વિભાગ દ્વારા સીવીએમના ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ તથા માનદ્ સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલના પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ સ્નાતક કક્ષાએ ભણતા વિદ્યાર્થીઓ માટે કોરોના વોરિયર્સ વિષય પર રાજ્ય કક્ષાની શોર્ટ ફિલ્મ સ્પર્ધાનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું જેનો મુખ્ય હેતુ કોરોના મહામારી સામેના સંઘર્ષમાં ડોક્ટર્સ, નર્સ, હેલ્થ વર્કર્સ, પોલિસ, એનજીઓ, સફાઈ કામદાર, એનએસએસ સ્વયંસેવકો વગેરેએ બજાવેલી કપરી કામગીરીને ઉજાગર કરી તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો હતો.

આ સ્પર્ધામાં આણંદ સ્થિત એમ. બી. પટેલ સાયન્સ કોલેજ અને નડિયાદ સ્થિત જે. એન્ડ જે. સાયન્સ કોલેજે અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ઈનામ પ્રાપ્ત કર્યું હતું. જયારે અમદાવાદ સ્થિત સેંટ ઝેવિયર્સ કોલેજ અને વલ્લભ વિદ્યાનગર સ્થિત નલિની અરવિંદ એન્ડ ટીવી પટેલ આર્ટ્સ કોલેજે સંયુક્તપણે ત્રીજું ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સીવીએમ નોન-એકેડેમિક ફોરમના કો-ઓર્ડીનેટર તેમજ વી.પી. એન્ડ આર.પી.ટી.પી સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડો. ભાવેશભાઈ પટેલ, સીવીએમ-એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર ડો. પરેશ મોરધરા, ઓર્ગેનાઇઝિંગ કમિટી મેમ્બર્સ ડો. એન. કે. બારોટ, ડો. રીટા કુમાર, પ્રા. કાર્તિક જગતાપ, ડો. તેજસ ઠક્કર, પ્રા. ધવલ પટેલ, પ્રા. મયૂર સેવક, પ્રા. મેહુલ પટેલ, ડો. રાજીવ ભટ્ટી, ડો. ધનંજય ધ્રુવ, પ્રા. નિશા નાયર તથા શ્રી રાજેન્દ્રસિંહ ઝાલાએ સ્પર્ધાના સફળ આયોજન માટે અથાગ પ્રયત્નો કર્યા હતા.

# Open Access and Subscription based information resources in Law: A Selective compilation

**M. Prakash George, Rajiv Maheshbhai Patel**

1. **Introduction:**

Law Library is a collection of legal materials and resources related to national and international level in print as well as digital form for its users. The users of legal library require various types of information based on their need and subject area.

Due to wide area of legal information and legal research, the organization of books and other documents are becoming very difficult in the library. But now in the era of Information Technology the way of library services has change dramatically. Today most of law libraries are using computers for information storage and retrieval. Several International and National Legal Database are available to explore legal information. (Dhule, Subhash, 2018)

2. **Web Portals:**

- **Advocate Khoj**

It is a free legal information web portal which provides individuals to find lawyers for their legal needs and for lawyers to get leads matching their legal specialty. It includes over 6000 legal forms including legal tips, areas of law, legal forms, agreements, Supreme Court judgments, bare acts, rules and a glossary. The "Areas of Law" section of the Law Library contains information on 110 legal categories.

- **Government of India Portal**

The National Portal of India (www.india.gov.in), developed with an objective to enable a single window access to information and services being provided by the various Indian Government entities. The content in this portal is the result of a collaborative effort of various Indian Government Ministries and Departments, at the Central/State/District level. This Portal is Mission Mode Project under the National E-Governance Plan, designed and maintained by National Informatics Centre (NIC).

- **India Legal Information Institute (IndLii).**

The First Free Legal Web Portal of India was inaugurated by the Prime Minister of India Dr. Manmohan Singh on the eve of Law Day in New Delhi on 25th November, 2006 at a glittering function held at Vigyan Bhavan virtual extension of India Legal Information Institute and is available at www.indlii.org. It is committed to collect legal information about India for all available sources; publish the same on the Internet with free and full public access; grant rights to the public to use the legal resources without any restrictions; create awareness about the availability of free legal resources; remove hurdles coming in the way of providing free legal information; coordinate with others Institutions to explore sources and utilization of legal information. The portal provides information about central and state laws, judgments of various courts in the country besides news of the legal world.

- **AIR Online:**

One Hundred and One years ago, The All India Reporter (AIR) was conceptualized as a law journal reporting cases with its head notes from all High Courts across India and the Privy Council. Now with the development of the Technology AIR Journals, Publications and Databases are now available on the CD Rom as well as the Web medium on their web portal.

3. **Open Source Legal Database:**

- **Commonwealth Legal Information Institute:**

The Commonwealth Legal Information Institute is a non-profit and free access database for legal information from all countries that are members of the Commonwealth and their territories (more than 60). Common LII also covers a small number of significant non-Commonwealth countries and territories that have a legal system based on the common law, including the Republic of Ireland and the Hong Kong Special Administrative Region (SAR). The main purpose of Common LII is to provide a comparative law facility by which the laws of all common law countries can be searched and compared.

- **Cardiff Index to Legal Abbreviations**

This database allows searching for the meaning of abbreviations for English language legal publications, from the British Isles, the Commonwealth and the United States, including those covering international and comparative law.

- **World Legal Information Institute**

The World Legal Information Institute (World LII) is a free, independent and non-profit global legal research facility developed collaboratively by seven Legal Information Institutes and other organizations. World LII comprises three main facilities: Databases, Catalog and Web search. It provides a single search facility for databases located on the seven participating Legal Information Institutes. Over 270 databases from 48 jurisdictions from 20 countries are included in the initial release of World LII. Databases of case-law, legislation, treaties, law reform reports, law journals, and other materials are included.

- **Constitute:**

Constitute (https://www.constituteproject.org/ ) offers access to the world's constitutions so that anyone can systematically compare them across a broad set of topics. Constitute includes the currently-in-force constitution for nearly every independent state in the world, as well as some draft and historical texts.

- **Case Status:**

Case Status provides the latest status of a case either pending or disposed by the Supreme Court or any other High Court in the country. The required information is derived from the databases of the concerned courts. It also provides Daily orders and these orders are available as soon as the orders are signed by the court. Cases can be retrieved through Case No., Title (Petitioner/ respondent Name), Advocate name or Lower court details.

- **Indian Treaties Database**

Legal and Treaties Division of the Ministry of External Affairs was created in 1957 as a nodal point to deal with all aspects of International law advise to the Government of India. It provides an accessible and searchable link or series of links to the Treaties/Agreements/MoUs etc., which have been entered into by the Government of India with Foreign Countries since the year 1950. The database is being updated regularly.

4. **Law Commissions**

- **Law Commission of India Reports**

The Government of India reacted favourably and established the First Law Commission of Independent India in 1955 with the then Attorney-General of India, Mr. M. C. Setalvad, as its Chairman. Currently 21st Law Commission of India is working and 277 reports have been introduced and may be accessed full text/ true copy through web portal of Law Commission of India.

- **National Human Rights Commission Reports**

National Human Right Commission (NHRC) was established under National Human Rights Commission Act, 1993. NHRC publishes NHRC Reports, Monographs, Books and Pamphlets.

- **National Women Commission Reports**

National Women Commission is a permanent Commission supporting Women and Children. Reports and other relevant documents are accessible on the web portal of the NWC.

- **Archives of Indian Labour**

The Archives of Indian Labour was set up in July, 1988 as a collaborative project of V.V. Giri National Labour Institute and the Association of Indian Labour Historians. It provides archival reports and other relevant research outputs on Labour Laws.

5. **Legal Information System:**

- **INDIACODE India Code Information System**

(http://indiacode.nic.in/) is the official database of the Government of India. Contains all statutes enacted by the Parliament. Relevant amendments are also may be retrieved from the website.

- **JUDIS: The Judgment Information System**

(http://judis.nic.in/) is free of charge developed by Supreme Court of India Library. JUDIS contains all reportable judgments of the Supreme

Court of India and other regional courts from 1950 to the present (online and CD-ROM). JUDIS contains acts and head notes for the judgments delivered up to 1993 only. From 1994 onwards the judgments do not have acts and head notes.

- **Parliament Information System**

The Parliament of India Home Page (http://parliamentofindia.nic.in) was inaugurated by Dr. Shankar Dayal Sharma, the then President of India on 15 March 1996. The Home Page containing the information generated within the Rajya Sabha and Lok Sabha has become an important source of information and reference tool. The home page of parliament provides the Constitution, Constituent Assembly Debates, General Budget, Rules of Procedure and Conduct of Business in Lok Sabha, Parliamentary Committees and their Reports, Biographical sketches of members, Lok Sabha Debates (Proceedings) from July 1991 onwards, Synopsis of Debates from July 2000 onwards, Parliamentary questions with answers from February 2000 onwards.

6. **Some popular subscription based database**

- **Manupatra:**

Manupata is a comprehensive online legal and business policy database. It contains judgments of Supreme Court of India, High Courts of Indian States, Tribunals, Commissions and Commission and Committee Reports, Gazette Notifications, Circulars, Bare Acts, Rules and Regulation, Ordinance and Pending Cases and Legal material on subject based research. It provides comprehensive search techniques including Manu Search, Legal Search, Citation Search and Act Search.

- **Westlaw:**

Westlaw India & International is one of the primary online legal research services for lawyers and legal professionals. In addition, it provides proprietary database services. Information resources on Westlaw include more than 40,000 databases of case law, state and federal statutes, administrative codes, newspaper and magazine articles, public records, law journals, law reviews, treatises, legal forms and other information resources of India, Australia, Canada, United Kingdom and United States and European Union. Westlaw Collection includes 1600+ Academic Journals; Legislation of Australia, Canada, European Union; United Kingdom & United States of America.

- **Hein Online:**

Hein Online is online research database with more than 100 million pages of legal history available in an online fully-searchable, image-based format. Hein Online bridges the gap in legal history by providing comprehensive coverage from inception of more than 2000 law and law related periodicals and 5000+ Classic E-books. It provides exact page images of the documents in PDF format just as they appear in the original print. This means that all charts, graphs, tables, pictures, hand written notes, photographs, and footnotes.

- **SCC Online:**

SCC Online is a product of Eastern Book Company primarily providing Supreme Court of India Cases publishing in SCC Weekly. SCC Online is known as most authentic source for SC Judgments due to its case notes and effective search. Other than cases, SCC Online coverage includes Articles published in SCC and Practical Lawyers, Central and few coverage of States Legislation, Law Commission of India Reports and Selective Judgment of High Courts of Indian States.

- **Lexis-Nexis:**

Lexis-Nexis covers 5, 00,000 cases and transcripts, including authoritative series such as the All England Law Reports, Industrial Relations Law Reports and Times Law Reports as well as next-day delivery of case digest. It covers Forms and Precedents including the entire Encyclopedia of Forms and Precedents and Atkins Court Forms. Lexis-Nexis provides e-journals, E-books in almost all field of knowledge including law.

- **E-Jurix:**

E-Jurix is a collection of law information in India covering full text judgments of Supreme Court, High Courts and tribunal decisions, etc. It

covers full-text of relevant Acts with amendment history and also full text of documents issued by the law enforcement agency.

7. **Subscription based Law Journals in Gujarat**

- **Gujarat Law Herald:**

GLH was first published in the year July, 1981 under the joint auspices of the Bar Council of Gujarat and Ahmedabad Lawyers Benevolent Fund. It covers reports, landmark judgments laid down on different topics passed by the Hon'ble High Court of Gujarat and the Hon'ble Apex Court. The head-notes of the judgments are published in vernacular language to help the mass. The Bar Council of Gujarat provides the journal to its members at "No Profit No Loss" basis. It also provides 50% discount on the subscription of the journal to its members. In the same way, the Bar Council of Gujarat provides complimentary copies to each and every bar association across Gujarat.

- **Gujarat Law Reporter:**

In the year 1960, on the establishment of the Gujarat High Court Shri Babubhai A Soni has started publication of Gujarat Law Reporter as a Editor. GLR is planning to publish their journal in 4 Volumes per year. Each Volume shall contain separate Subject Index and Table of Cases. GLR Digest masterly, thoroughly prepared publication presents reliable and thorough digesting of the complete Case-law of Gujarat High Court. It is arranged topic-wise and statue-wise with elaborate cross-reference covering more points of law.

- **Gujarat Law Journal:**

Gujarat Law Journal was started in the year 2011, as a part of Sapta-Dhara Research Initiative of the Vibrant Gujarat Summit 2011 by Gujarat National Law University, Gandhinagar. It is bi-annual, peer reviewed journal, that provides dedicated platform to express views on topical legal issues, thereby generating a cross current of ideas on emerging matters and substances. The purpose of the Journal is to report quality research, develop theory and explore new perspective on different issues and challenges prevail in the society.

8. **Free Indian Online Legal Journals**

- **Chartered Secretary (2011---)**
  http://www.icsi.edu/JournalsBulletins/CharteredSecretary/tabid/1778/Default.aspx
- **Environmental Law & Practice Review (2011---)**
  http://www.nalsar.ac.in/publications.html
- **ILI Law Review**
  http://www.ili.ac.in/
- **India Journal of Criminology & Criminalistics (2007----)**
  http://www.nicfs.nic.in/ijcc.htm
- **India Law Journal (2008----)**
  http://www.indialawjournal.com/
- **Indian Journal of Law & Technology (2005----)**
  http://www.ijlt.in/
- **Indian Police Journal (2005----)**
  http://bprd.nic.in/index2.asp?slid=346&sublinkid=151&lang=1
- **Institute of Chartered Accountant of India Journal (2002----)**
  http://www.icai.org/new_post.html?post_id=2546&c_id=259
- **Journal of National Human Rights Commission (2002----)**
  http://nhrc.nic.in/library.htm
- **Journals of Intellectual Property Rights (2002----)**
  http://www.niscair.res.in/Science Communication/sci.asp? a=topframe.htm&b=leftcon.asp&c=ResearchJournals/rejour/rejour1.htm&d=test1
- **Media Law Review (2010----)**
  http://www.nalsar.ac.in/publications.html
- **Nai Dishaye (NHRC Journal) (2004----)**
  http://nhrc.nic.in/library.htm
- **NALSAR Law Review (2004-2005----)**
  http://www.nalsar.ac.in/publications.html
- **NUJS Working Paper Series**
  http://www.nujs.edu/nujs-working-papers-research-series.html
- **Nyaya Kiran (DLSA) (2007---)**
  http://dlsa.nic.in/nyaya%20kiran.html
- **The Indian Journal of Law & Economics (2010----)**
  http://www.nalsar.ac.in/publications.html
- **India Law Journal**
  http://indialawjournal.com/current_issue.html

9. **Conclusion:**

Open access legal information resources are useful for the legal fraternity as well as lawyers. Development of open access legal information in India could serve legal community as well as common mass at large. Commercial resources are systematically organized, and are very helpful for legal community to start legal research. However, open access legal resources are lagging behind in advance search techniques, particularly federated search techniques. Hence open access judicial research tools provide useful help to the legal community to locate the relevant information on the internet.

10. **References:**


1. Bhardwaja, Raj Kumar and Madhusudhan, M. (2013). Open access legal information sources and their use by students of National Law University. Annals of Library and Information Studies. 60(1), 314-319.
2. Dhule, Subhash (2018). Information Resources for Law Education: An Overview. International Journal of Research in Library Science. 4(1).
3. India Code. Available at: http://indiacode.nic.in/ (Accessed on 5th February, 2020)
4. India Portal. Available at: http://www.india.gov.in/ (Accessed on 6th February, 2020)
5. Institute of Advanced Legal Studies. An Introduction to legal research in the jurisdiction of India. Retrieved from http://libguides.ials.sas.ac.uk/india#s-lg-box-wrapper-17154779 (Accessed on 3rd February, 2020)
6. JUDIS. Available at: http://judis.nic.in/ (Accessed on 5th February, 2020)
7. Justice TPS Chawla Library. Public Domain Resources. Retrieved from https://justicetpschawlalibrary.webs.com. (Accessed on 3rd February, 2020).
8. Legal Information Institute of India (LIIOFINDIA). Available at: http:www.liiofindia.org (Accessed on 6th February, 2020)
9. National Law University Delhi. Public Domain Resources. Retrieved from https://nludelhi.ac.in/library.aspx (Accessed on 3rd February, 2020)
10. National Law University Odisha. Open Access Law Resources. Retrieved from https://www.nluo.ac.in/library/open-access-e-resources (Accessed on 3rd February, 2020)
11. PRS Legislative Research Centre for Policy Research. Laws of India. Retrieved from http://www.lawsofindia.org (Accessed on 3rd February, 2020)
12. Singh, Ranbir et. al. (Ed.). (2010). Digital Library: Legal Education and Research. National Law University, Delhi.
13. Gujarat Law Reporter. Retrieved from https://www.glrinfo.com/boundvolumes (Accessed on 8th July, 2020).
14. Gujarat Law Herald. Retrieved from https://www.barcouncilofgujarat.org/gujarat-law-herald.aspx (Accessed on 8th July, 2020).
15. Gujarat Law Journal. Retrieved from https://gnlu.ac.in/Gujarat-Law-Journal/Home (Accessed on 8th July, 2020).



**Rajiv Maheshbhai Patel**
Library Professional
R N Patel Ipcowala School of Law and Justice,
Vallabh Vidyanagar. (M) 9824830564
E-Mail: rajiv_shreeji@yahoo.co.in

**M. Prakash George**
Faculty of Law,
R N Patel Ipcowala School of Law and Justice,
Vallabh Vidyanagar. (M) 9427457002
E-Mail: mpg.advocate@gmail.com

# 'ઢાઇ અખ્ખર પ્રેમ કા' પઢનાર ને પઢાવનાર સંત કબીર

**સોનલ પરીખ**

ભારતના ઇતિહાસમાં ઇસવીસનની છઠ્ઠીથી સોળમી સદીનો સમય એટલે કે ગુપ્ત સામ્રાજ્યના અંતથી મોગલ સામ્રાજ્યના ઉદય સુધીનો ગાળો મધ્યયુગ ગણાય છે. કેટલાક મધ્યયુગને બ્રિટિશ સામ્રાજ્યવાદના ઉદય સુધી એટલે કે અઢારમી સદી સુધી લંબાવે છે.

બારમી સદીના અંત સુધીમાં ભારત પર ફારસી, અફઘાન અને તુર્ક આક્રમણો થયાં. ૧૧૯૨માં તૈરાનના યુદ્ધમાં પૃથ્વીરાજ ચૌહાણ હાર્યો. વિજેતા મહમૂદ ગઝની ભારતમાં રહ્યો નહીં, પણ એના ગુલામ કુત્બુદ્દીન ઐબકે દિલ્હીની ગાદી સંભાળી. તેરમી સદીના અંત સુધી ગુલામ વંશનું રાજ્ય રહ્યું. ત્યાર પછી અંગ્રેજો ભારતમાં આવ્યા ત્યાં સુધી ભારતના ઉત્તર ભાગ પર ખિલજી, સૈયદ, તઘલખ, લોદી અને મોગલ વંશનું રાજ્ય હતું.

આ કાળમાં ધર્મ અને સંસ્કૃતિના ક્ષેત્રે ઘણી અવ્યવસ્થા પ્રવર્તી. કહેવાતા સિદ્ધો-યોગીઓ જનતામાં અંધવિશ્વાસ ફેલાવવા લાગ્યા. શાસ્ત્રજ્ઞાનસંપન્ન વર્ગમાં પણ રૂઢિઓ અને આડંબરનું પ્રાધાન્ય હતું. માયાવાદીઓ સમાજમાં લોકવિમુખતા અને નિષ્ક્રિયતા ફેલાવી રહ્યા હતા. આ સમયે આખા ભારતમાં વ્યાપેલા ભક્તિઆંદોલને સમાજમાં ઉત્કર્ષવિધાયક સામાજિક અને વૈયક્તિક મૂલ્યોની પ્રતિષ્ઠા કરી. દક્ષિણમાં અલવાર બંધુ નામથી અનેક પ્રસિદ્ધ સંતભક્તો થયા. એમાંના ઘણા નીચી જાતિના હતા. ખાસ ભણ્યા ન હતા, પણ મર્મી, અનુભવી હતા. શંકરાચાર્યે સ્થાપેલા અદ્વૈત અને માયાવાદના વિરોધમાં ચાર વૈષ્ણવ આચાર્યો ઊભા થયા. એમણે ઉત્તર ભારતમાં વિષ્ણુના અવતારોનો પ્રચારપ્રસાર ક્યો. વલ્લભાચાર્યે પુષ્ટિમાર્ગની સ્થાપના કરી વિષ્ણુના કૃષ્ણાવતારની ઉપાસના પર ભાર મૂક્યો તો રામાનંદે વિષ્ણુના રામ-અવતારની ઉપાસના પર ભાર મૂક્યો. ભક્તિની ગંગા વહેતી વહેતી ઉત્તરમાં આવી. ભારતભરમાં એ સમયે અનેક સંતમહાત્માઓનો આવિર્ભાવ થયો. કબીર, નરસિંહ મહેતા, મીરાબાઇ, તુલસીદાસ, સૂરદાસ આ સૌ એ કાળના ફરજંદો હતા.

ભક્તિયુગની ચાર કાવ્યધારાઓ મળે છે : સગુણ ભક્તિમાં રામાશ્રયી અને કૃષ્ણાશ્રયી ધારા અને નિર્ગુણ ભક્તિમાં જ્ઞાનાશ્રયી અને પ્રેમાશ્રયી ધારા. રામાશ્રયી ધારાના પ્રતિનિધિ તુલસીદાસ અને કૃષ્ણાશ્રયી ધારાના પ્રતિનિધિ સૂરદાસ ગણાય છે. એ જ રીતે જ્ઞાનાશ્રયી ધારાના પ્રતિનિધિ કબીર અને પ્રેમાશ્રયી ધારાના પ્રતિનિધિ જાયસી ગણાય છે.

ભક્તિનો આ સ્રોત દક્ષિણમાંથી આવ્યો હોવા છતાં ઉત્તર ભારતની પરિસ્થિતિ પ્રમાણે તેણે એક નવું રૂપ ધારણ ક્યું. આ પ્રદેશમાં મુસ્લિમ વસ્તી ઘણી હોવાથી એક એવા ભક્તિમાર્ગની જરૂર હતી જે હિંદુ અને મુસ્લિમ બંનેને અનુકૂળ આવે. ઉપરાંત નીચી જાતિના લોકો માટે એવા સંતની જરૂર હતી જે એમનામાંના જ એક હોય. મહારાષ્ટ્રમાં નામદેવે સામાન્ય જનતામાં આ રીતે સગુણભક્તિ અને નિર્ગુણભક્તિનો પ્રચાર કર્યો હતો. કબીરના સંતમતના તેઓ પૂર્વપુરુષ હતા. બીજી બાજુ કવિઓ અને સૂફીઓએ લોકકથાઓનો આધાર લઇ ઇશ્વરના પ્રેમમય સ્વરૂપનો પ્રચાર કર્યો. આ સૌ દરેક જાતિના અધિકારી વ્યક્તિઓને શિષ્ય બનાવતા. એ સમયનું સૂત્ર હતું 'જાતિ- પાંતિ પૂછે નહીં કોઇ. હરિ કો ભજે સો હરિ કા હોઇ' ભક્તિઆંદોલન લગભગ આખા ભારતીય ઉપખંડમાં ફલાયેલું હતું, લાંબા કાળ સુધી ચાલ્યું હતું અને સમાજના સર્વ વર્ગને આવરી લેતું હતું.

જ્ઞાનાશ્રયી ધારાના પ્રતિનિધિ સંત કબીર(૧૪૪૦-૧૫૧૮) મહાન સંતકવિ હતા. હિંદુ-મુસ્લિમ ધર્મમાં અને સૂફી પંથમાં એમના સાહિત્યનો પ્રભાવ જોવા મળે છે. ગ્રંથસાહેબમાં પણ કબીરના દોહા છે. વાયકા પ્રમાણે એક વિધવા બ્રાહ્મણીએ કબીરને જન્મ આપી ત્યજી દીધા હતા. વણકરદંપત્તી નીરુ અને નીમાએ તેમને ઉછેર્યા. રામભક્ત સન્યાસી રામાનંદ કબીરના ગુરુ હતા. કબીરનાં પત્નીનું નામ લોઇ, પુત્રનું નામ કમાલ અને પુત્રીનું નામ કમાલી હતુ. કબીરના અનુયાયીઓ કબીરપંથી તરીકે ઓળખાય છે. કબીરપંથીઓના મતાનુસાર કબીરનો જન્મ ૧૩૬૮માં થયો હતા અને મૃત્યુ ૧૫૧૮માં થયું હતું.

અરબી ભાષામાં કબીરનો અર્થ મહાન થાય છે. કબીર હિંદુ અને ઇસ્લામ બંને ધર્મના આલોચક હતા. અંધવિશ્વાસ અને સામાજિક કુપ્રથાઓની તેમણે ઝાટકણી કાઢી હતી. હિંદુ અને મુસ્લિમ બંને તરફથી તેમને ધમકીઓ પણ મળતી, પણ તેઓ નિર્ભયતાપૂર્વક પોતાના વિચાર વ્યક્ત કરતા. તેમની વાણી સાખી, રમૈની, બીજક, બાવન-અક્ષરી, ઉલટબાસી વગેરે સ્વરૂપે પ્રગટ થઇ. એવી માન્યતા હતી કે જે કાશીમાં મરે તેને મોક્ષ પ્રાપ્ત થાય અને જે મગહરમાં મરે તે નરકમાં જાય, એટલે રૂઢિગતતાના વિરોધી કબીર કાશી છોડી મગહર ગયા અને ત્યાં જ દેહત્યાગ કર્યો. મગહરમાં કબીરની સમાધિ છે જેને હિંદુ અને મુસ્લિમ બન્ને પૂજે છે. કબીર સાક્ષર હતા નહિ - 'મસિ કાગવ છુવો નહિઃ કલમ ગહિ ન હાથ' - પણ કબીરના નામે મળતા ગ્રંથોની સંખ્યા ૮થી ૮૦ ગણાવવામાં આવે છે.

કબીરે આચરણની શુદ્ધતાને મહત્ત્વની ગણી અને બાહ્ય આડંબર, રૂઢિઓ અને અંધવિશ્વાસને સખત શબ્દોમાં વખોડ્યાં. માનવતાને મહત્ત્વ આપીને તેમણે નિમ્ન સ્તરના લોકોનું આત્મગૌરવ જગાડ્યું. નાનક, રઇદાસ અને દાદૂ કબીર

પરંપરાના સંતકવિ છે. આ સંતકવિઓ નિર્ગુણવાદી હતા, ગુરુની અનન્યભાવે ઉપાસના કરતા અને નાતજાતના ભેદોનો અસ્વીકાર કરતા. તેઓ અલ્પશિક્ષિત હતા પણ અનુભવસમૃદ્ધ હતા, ક્રિયાકાંડના વિરોધી અને સત્સંગી હતા. તેમની ભાષામાં અનેક ભાષાઓનું મિશ્રણ જોવા મળે છે. સાધારણ જનતા પર તેમનો અભૂતપૂર્વ પ્રભાવ હતો.

કબીરના વિચારોને રહસ્યવાદી કહેવામાં આવે છે. તેમનું જીવન જોતાં લાગે કે તેઓ સ્વર્ગમાંથી પૃથ્વી પર પોતાના માનવબંધુઓના ઉદ્ધાર માટે આવેલા જીવ હતા. લેટિન ભાષામાં આવા માનવીને 'રારા એવિસ' એટલે કે વ્યાખ્યાઓથી પર વ્યક્તિ કહે છે. સમાજ અને ધર્મમાં પરિવર્તનો આણવા છતાં કબીરને સમાજસુધારક કે ધર્મસુધારકના ચોકઠામાં ન બેસાડી શકાય. તેમને કવિ કે ચિંતક માનવા તે અધૂરું લાગે અને તેમને હિંદુ કે મુસ્લિમ કહેવા તે તો એકદમ અજબ લાગે. કબીર સાથે આવી બધી કસરતો નકામી નીવડે કેમ કે શાશ્વતને સીમાઓમાં બાંધી શકાતું નથી. કબીર અનંત આકાશના મુક્ત પંખી હતા છતાં મુક્તિને ઝંખતા દરેક હૃદય સુધી પહોંચી શક્તા.

રહસ્યવાદીઓ એટલ પરમ અને ચરમભક્તિના રહસ્યમાં પ્રવેશનારા. રહસ્યવાદીઓમાં તમામ વિરોધો એકસાથે વસતા હાય છે અને તેમ છતાં તે બધા વિરોધોને પાર વસતો હોય છે. એનું કારણ એ છે કે તે સામાન્ય મનુષ્યની જેમ અધૂરો કે ભટક્તો હોતો નથી. તે પોતાનામાં પૂર્ણ અને પોતાના કેન્દ્રમાં સ્થિર હોય છે. જે પૂર્ણ છે તે કશાનો ઈન્કાર કેવી રીતે કરી શકે? પૂર્વ દિશામાં સીધા સીધા ચાલ્યા જાઓ અને તમે પશ્ચિમમાં નીકળશો. ખાલી નહીં થાઓ તો ભરપૂર નહીં થઈ શકો. વિદાય નહીં લીધી હોય તો મળશો કેવી રીતે ? બહાર નહીં જાઓ તો અંદર કેવી રીતે આવશો ? દુશ્મન નહીં હોય તો મિત્રને કેવી રીત ઓળખશો ? ધિક્કાર વગર પ્રેમને કેવી રીતે જાણશો? રહસ્યવાદી પ્રેમમાં પડતો નથી. તે સ્વયં પ્રેમ બની જાય છે. જ્યાં ઇશ્વર સાથે અભિન્નતા છે એ વિશ્વમાં તે વસે છે. કબીર આવા હતા. તેઓ કહે છે :

**ના મૈં ધર્મી ના હી અધર્મી, ના જતી ના કામી હૂં**
**ના મૈં કહતા ના મૈં સુનતા, ના સેવક ના સ્વામી હૂં**
**ના મૈ બંધા, ના મૈં મુક્ત, ના વિરત ના રંગી હૂં**
**ના કાહૂ સે ન્યારા હૂં મૈં, ના કાહૂ કા સંગી હૂં**
**ના હમ નરક મેં જાવે હૈં, નાહીં સ્વર્ગ મેં જાવે હૈં**
**સબ હી કરમ હમારે હૈં હમ કરમન સે ન્યાર હૈં**
**યા કો જો વિરલો બુઝે સો અટલ હોઈ બૈઠે હૈ**
**ના કબીર કાહૂ કો સિરજે ના કાહૂ કો મેટે હૈ**

આધુનિક યુગમાં ટાગોરની 'ગીતાંજલિ'માં આ રહસ્યવાદના ચમકારા અનુભવી શકાય છે તો સૂફી કવિ જલાલુદ્દીન રૂમિએ દુનિયાના બીજા છેડેથી કબીર કરતાં ૩૦૦ વર્ષ પહેલાં કહ્યું છે, 'મારું ઘર મારા ઘરમાં નથી. મારો પંથ પંથહીન છે. હું શરીર નથી, હું આત્મા પણ નથી. તમામ દ્વૈતથી હું અલગ છું. બે વિશ્વોને મેં એક જોયાં છે. હું એક ને જ શોધું છું. હું એક ને જ જાણું છું. હું એકને જ જોઉં છું. હું એકને જ પોકારું છું.'

રહસ્યવાદી કબીરમાં એ આંતરિક મુક્તિનાં દર્શન થાય છે જેને જોવાનો બાકીના મનુષ્યોએ ઇન્કાર કર્યો હોય છે. આપણે સીમાઓમાં બંધાયેલા રહેવા ટેવાયેલા હોઇએ છીએ. આપણે આપણી જાત સાથે કે બાહ્ય પરિબળો સાથે સતત તાણની, યુદ્ધની સ્થિતિમાં હોઇએ છીએ. જાતજાતના માપદંડો અને સરખામણીઓમાં આપણું માનસ અટવાય છે, બંધાય છે. આપણા માપદંડો પણ પાછા સતત બદલાયા કરે છે. આપણાં સુખશાંતિ આપણી પોતાની સાથે નહીં, બીજા લોકો સાથે કે બહારની વસ્તુઓ સાથે જોડાયેલાં હોય છે. પણ આપણને એ પણ ખબર નથી કે આ કમનસીબીના સર્જનારા આપણે પોતે જ છીએ. તેથી જ કબીર કહે છે, 'રાત ગંવાઇ સોઇ કર દિવસ ગંવાયો ખાઇ, હીરા જનમ કા મોલ થા, મિટ્ટી દિયો ઉડાઈ' અને જે થોડું પામ્યા છે તે પણ કેવા છે ? 'આસન મારિ ડિમ્ભ ધરિ બેઠે, મન મે બહુત ગુમાન'. ભક્તિના આવા સ્થૂળ પ્રદર્શનનો તેમને ભારે કંટાળો છે : 'મસ્જિદ ચડિ ચંડિ બાંગ પુકારે, ક્યા તેરા સાહિબ બહરા હૈ? ચીંટી કે પગ નેવર બાજે વો ભી સાહિબ સુનતા હૈ'

અનેકવિધ પ્રવૃત્તિમાં પડેલા અહંવાદીઓને કબીર બરાબર સમજે છે. એ લોકો અંદરથી એટલા ખાલી હોય છે કે તેમને વળગવા માટે સત્તા, ધન, પ્રતિષ્ઠા જેવી ખીંટીઓ સતત જોઈએ છે. હિટલર, સ્ટાલિન, નેપોલિયન, સિકંદર વગેરે આ જમાતના લોકો છે. આવા લોકોને કબીર ચેતવે છે, 'કનક કામિની ગહરો ફન્દો, અંત તજ્યો નહી જાય' પ્રેમ લપસણો રસ્તો છે. ધનભૂખ્યો માણસ પ્રેમ અને લાલસા વચ્ચેનો ફરક સમજતો નથી. માનવી જાગ્રત હોય તો પ્રેમથી તેનું ઊર્ધ્વીકરણ થાય છે. જો તે જાગ્રત ન હોય તો તે વાસનાઓમાં ફસાય છે. કબીર કહે છે,

**સાધુ કહાવન કઠિન જ્યોં, લાંબો પેડ ખજૂર**
**ચઢે તો ચખ્ખે પ્રેમરસ, ગિરે તો ચકનાચૂર**

પ્રેમમાં સંઘર્ષ થાય છે તેનું કારણ એ છે કે પવિત્ર સ્વરથી શરૂ થયેલી સાધના છેવટે દેહમાં આવીને અટકે છે. ઊર્ધ્વકૃત પ્રેમ પ્રાર્થનામાં પરિણમે છે અને પ્રાર્થના મીરાં અને ચૈતન્યની જેમ સૂરાવલિ અને નર્તન બની પ્રગટે છે. કબીર જેવા સાધકોને પછી અનહદ નાદ સંભળાય છે :

મોઇ નીકો લાગે, બાજે અનહદ તૂર
સોહમ્ સોહમ્ ધ્વનિ બાજે, ચહુ દિશ સે ભરપૂર'

અંદરનું આકાશ પછી ઊઘડે છે. અહંકાર શોધ્યો જડતો નથી. ચિત્ત ઇશ્વરમય થાય છે. અનાયાસ ધ્યાન લાગી જાય છે. મુસાફર અને મુસાફરી એક જ થઇ જાય છે. બાહ્ય ચક્ષુઓ બંધ થઇ જાય છે ને અધ્યાત્મની ત્રીજી આંખ ખૂલે છે.

વિજ્ઞાન કહે છે કે આપણું ડાબું મગજ બુદ્ધિનિષ્ઠ છે, જમણું મગજ સ્ફૂરણાનિષ્ઠ. બુદ્ધિ અને સ્ફરણા વચ્ચે નિરંતર સંઘર્ષ ચાલે છે. ત્રીજી આંખ ખૂલે એટલે બંને એક થઇ જાય અને એક નવી સૂરાવલિ પ્રગટે. ઇસુ કહે છે, આંખ ખૂલશે ત્યારે તારું આખું શરીર પ્રકાશનો પૂંજ બની જશે. પહેલા નાદ, પછી પ્રકાશ. કેવી દિવ્ય અનુભૂતિ ! કબીર કહે છે, 'બિન ચન્દા ઉજિયારી દરસે જંહ તંહ હંસા ખેલ કરે' ચંદ્ર વિના પણ પ્રકાશિત રાત્રિમાં હંસ જેવો આત્મા વિલસે છે. વ્યક્તિચૈતન્ય પછી પરમ ચૈતન્યમાં વિલીન થઇ જાય છે. 'હરિ હેરત હરિ વ્હે ગઈ' હરિ તરફ જોતા હોતા હું હરિ થઇ ગઇ, મીરાં કહે છે, 'લાલી દેખન મૈં ચલી, મેં ભી હો ગઈ લાલ' કબીર કહે છે, 'જબ મૈ થા તબ વો નહીં, અબ વો હૈ મૈં નાહિં, પ્રેમગલી અતિ સાંકરી, તા મેં દો ન સમાહિં' અને રહસ્યવાદના ચરમ શિખરે પહોંચે છે, 'રસ ગગનગુફાસે અજર ઝરે' - અવકાશની ગુફામાંથી રસ ટપકે છે...

રહસ્યવાદના માર્ગના યાત્રીઓ માટે આ સંકેતો અર્થપૂર્ણ છે. રહસ્યવાદો જે આંતરજ્યોત પર કેન્દ્રિત હોય છે તે પ્રકાશને કબીર 'સુરતા' કહે છે, બુદ્ધ 'સતી' કહે છે, ગુર્જિએફ 'સેલ્ફ રિમેમ્બરિંગ' કહે છે અને કૃષ્ણમૂર્તિ 'ચોઇસલેસ અવેરનેસ' જવા શબ્દો વાપરે છે. આ સ્તરે પહોંચેલા સાધક માટે સરહદો, ચામડીનો રંગ, જાતિ- લિંગના ભેદ, ધર્મ, પોષાક આ બધાના ભેદભાવનો કોઈ અર્થ રહેતો નથી. તેને સૌંદર્યનું આકર્ષણ કે કુરુપતા માટે તિરસ્કાર કશું નથી હોતું :

કાશી કાબા એક હૈ, એક હી રામ રહીમ
મૈદા એક પકવાન બહુ, બૈઠ કબીરા જીમ

કબીરને આટલા પ્રેમપૂર્ણ બનાવનાર એમની નિખાલસતા છે. 'ચલતી ચાકી દેખ કે દિયા કબીરા રોય, દો પાટન કે બીચ મેં સાબૂત બચા ન કોય' 'ક્યા ભરોસા દેહ કા, બિનસ જાત છિન માંહિ, સાંસ સાંસ સુમિરન કરો, ઔર યતન કુછ નાહિં' ગીતા કહે છે, 'યા નિશા સર્વભૂતાનાં તસ્યા જાગર્તિ સંયમી, યસ્યા જાગર્તિ ભૂતાનિ, સા નિશા પશ્યતો મુનેઃ' કબીર કહે છે,

'તેરા સાંઇ હૈ તેરે અંદર, બાહર નૈના ક્યો ખોલે,
મન મસ્ત હુઆ ફિર ક્યોં બોલે'
'મો કો કહાં ઢૂંઢે રે બન્દે, મૈં તો તેરે પાસ મે'

કબીરે પોતાના વિચારોને એ રીતે સુનિયોજિત કર્યા કે હિંદુ-મુસ્લિમ બંને સહજપણે એમને અનુસર્યા. બંને -સંપ્રદાયોના પરસ્પર નિલનમાં સુવિધા પણ થઇ. કબીર શાંતિપ્રિય હતા અને સત્ય, અહિંસા, સદાચાર અને સાચી શ્રદ્ધાના ઉપાસક હતા. તેમની ભાષા સરળ અને સુબોધ હતી જેથી સામાન્ય માણસ સુધી પહોંચી શકાય, પણ એ ભાષામાં શાશ્વત સત્યો ઝીલવાની તાકાત હતી : મૂર્તિપૂજાના વિરોધમાં તેઓ કહે છે,

'પાહણ પુજે હરિ મિલે, તો મૈ પૂજૈં પહાર
તા સે તો ચાકી ભલી, પિસી ખાય સંસાર

પથ્થર પુજ્યે હરિ મળત તો હું પહાડ ન પૂજત ? મૂર્તિથી તો ઘંટી સારી, ધાન પીસી સંસારનું પેટ તો ભરે - કબીરના દોહાઓની વિશેષતા એ છે કે સાદાસરળ લાગવા છતાં તેનું એ જ અસરવાળું ભાષાંતર કરવું શક્ય નથી. સાધુ વિશે તેઓ કહે છે,

સાધુ એસા ચાહિયે જૈસા સૂપ સુહાય,
સાર સાર કો ગહિ રહે, થોથા દેઈ ઉડાય
અને
જાતિ ન પૂછો સાધુ કી, પૂછિ લીજો ગ્યાન
મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન
કે પછી
'માટી કહે કુમ્હાર સ, તૂ ક્યા રોંદે મોહિ
એક દિન એસા હોવેગા, મૈં રોંદૂંગી તોહે

આવા દોહા અનુભૂતિનો વિષય છે. તેનું વર્ણન કે ભાષાંતર શક્ય નથી.

કબીર 'પોથી પઢિ પઢિ જગ મુઆ, હુઆ ન પંડિત કોય, ઢાઇ અખ્ખર પ્રેમ કા પઢે સો પંડિત હોય'થી પ્રેમનો મહિમા ગાઇ શરૂ કરે છે, ત્યાર પછી 'હરિ રૂઠે ગુરૂ ઠૌર હૈ, ગુરૂ રૂઠે નહીં ઠૌર' કહી અધ્યાત્મપંથમાં ગુરુનો મહિમા વર્ણવે છે, એ પછી 'સંતો, ધોકા કાંસુ કહિયે, ગુન મે નિરગુન, નિરગુન મે ગુન, બાટ છાંડિ ક્યો બહિયે' કહી જ્ઞાનીઓને પથવિમુખ થતા રોકે છે અને પછી તો એવાં એવાં પદો કહે છે જેને સમજવા જતાં બુદ્ધિ ચકરાવે ચડી જાય- આવાં પદો માટે તેઓ પોતે જ કહે છે,

કહહું કબીર સુનો હે સંતો, જો યહ પદ અરથાવૈ
સોઇ પંડિત, સોઇ જ્ઞાતા, સોઇ ભગત કહાવૈ

કબીરવાણી ગંગાના પાવન પ્રવાહની જેમ શાશ્વત છતાં નૂતન અને તાજગીસભર છે અને રહેશે.

॥ અનુવાદ ॥

## એક સન્નારીનું રેખાચિત્ર (ખુશવંત સિંહ લીખિત રેખાચિત્ર 'The portrait of lady' નું ગુજરાતી રૂપાન્તર)

**હરિત પંડ્યા**

સૌની દાદીમાઓની જેમ મારી દાદીમાય વૃધ્ધ હતી. છેલ્લા વીસ વર્ષોથી એ વૃધ્ધ હતી. એના સમગ્ર ચહેરા પર ઘણી રેખાઓ અંકિત થઈ ગએલી લોકો કહેતા કે યુવાવસ્થામાં એ ઘણી સુંદર હતી, અને એને પતિ પણ હતો. એને પતિ હોવાથી વાત માન્યામાં ન આવે એવી હતી. મારા દાદાનો ફોટો ડ્રોઈંગ રૂમના મેન્ટલ પીસ ઉપરની દીવાલ પર હતો. દાદા ખાસી મોટી પાઘડી અને ખૂલતાં કપડાં પહેરતા. એમની સફેદ દાઢી એમની છાતીના મોટા ભાગને ઢાંકી દેતી. એ સો વરસના લાગતા. એમને જોઈને એવું ન લાગે કે એમને પત્ની અને બાળકો હશે, એમને ઢગલા બંધ પૌત્રો-પૌત્રીઓ હશે એવું જરૂર લાગે. દાદીમાં વિશે એમ વિચારવું આઘાત જનક લાગે. બાળપણમાં એ જે રમતો રમતી એ વિશે એ વાતો કરતી એની એ બધી વાતો વાહિયાત અને એના મોભાને ન છાજે એવી લાગતી.

દાદીમાં સહેજ સ્થૂળ અને ઠિંગણી હતી એ કમરમાંથી થોડી વાંકી વળી ગએલી. એના ચહેરા પરની રેખાઓ એના સમગ્ર ચહેરા પર પથરાએલી. હું સમજણો થયો ત્યારથી એ આજ સુધી એ મને આવી ને આવી જ લાગી છે. એ એટલી બધી વૃધ્ધ હતી કે આથી વધારે વૃધ્ધ એ કદી થઈ ન શકે. છેલ્લા વીસ વરસોથી એ આવી ને આવી જ રહી છે. એ નમણી નો'તી, પણ સુંદર જરૂર હતી. સફેદ વસ્ત્રો પરિધાન કરીને એ ઘરમાં બધે ફર્યા કરતી. શરીરનું સમતોલપણું જાળવી રાખવા એ એનો એક હાથ કેડ પર રાખતી. એના બીજા હાથમાં માળા હોય. એના રૂપેરી વાળ, કરચલીઓ વાળા એના ચહેરા પર વીખરાએલા હોય એના હોઠ ઈશ્વરની પ્રાર્થના રટતા રહે -હા, એ સુંદર હતી, શિયાળામાં પહાડો પરના શુધ્ધ, શુભ લેન્ડસ્કેપ જેવી. એ શાંતિ અને સંતોષની લાગણી શ્વસતી રહેતી. અમે બન્ને સારાં મિત્રો હતાં.

મારા માતા પિતા નોકરી અર્થે શહેરમાં ગયા ત્યારે મને દાદીમાં પાસે મૂકીને ગએલાં. ત્યારે અમે હંમેશાં એક બીજાની સાથે રહેલાં. દાદીમાં મને સવારે વહેલો ઉઠાડે, અને મને નિશાળે જવા માટે તૈયાર કરે. મને નવડાવતી વખતે અને નિશાળે જવા માટે તૈયાર કરતી વખતેય એ એના એક ધારા સૂરમાં પ્રાર્થના રટતી રહે, એવી આશા એ કે એ પ્રાર્થના હું કંઠસ્થ કરું. હું એની પ્રાર્થના સાંભળતો કારણ કે એનો અવાજ મને ગમતો પણ એને કંઠસ્થ કરવાની તસ્દી મેં લીધેલી નહીં.

દાદીમા મારી લાકડીની સ્લેટ પર પીળો ચોક ઘસીને મને આપે. સાથે માટીનો નાનકડો ખડીયો અને લાલ પેન પણ આપે. આ બધું એ એક સાથે બાંધી દે. પછી વાસી રોટલી પર માખણ ચોપડે અને એના પર ખાંડ ભભરાવીને મને આપે. આ રોટલીનો નાસ્તો કર્યો પછી અમે નિશાળે જવા રવાના થઈએ. નિશાળ જતી વખતે દાદીમાએ શેરીનાં કૂતરાંમાં માટે થોડી વાસી રોટલીઓ લીધી હોય.

દાદીમા હંમેશાં મારી સાથે સ્કૂલે આવે કારણ કે મારી સ્કૂલ એક મંદિરના પૂજારી ચલાવતા. નિશાળ મંદિરની પડખે જ હતી. પૂજારી અમને મૂળાક્ષરો અમે પ્રાર્થના શીખવતા. દરમ્યાનમાં દાદીમાં મંદિરમાં બેસી ને ધર્મગ્રંથોનું પઠન કરતી રહેતી.

મારી નિશાળ અને એનું પઠન પતે એટલે અમે ઘર ભણી પ્રયાણ કરીએ. મંદિરના દરવાજે અમને કૂતરાંનો ભેટો થાય. એ બધાં અમે નાખેલ રોટલીના ટુકડા ખાવા એક બીજા સાથે ઝગડતાં રહે. લડતાં, ઝગડતાં એ બધાં છેક અમારા ઘર સુધી આવે.

મારાં માતા, પિતા શહેરમાં ઠરીઠામ થયાં એટલે એમણે મને એમના ભેગો રહેવા શહેરમાં બોલાવી લીધો. એ સાથે જ દાદીમાં અને મારી મૈત્રીમાં નોંધપાત્ર વળાંક આવી ગયો. અમે જો કે એક જ રૂમમાં સાથે રહેતા, પણ એ હવે મારી સાથે સ્કૂલમાં આવતી નહીં. હું એક અંગ્રેજી સ્કૂલમાં ભણતો. સ્કૂલમાં હું બસમાં બેસીને જતો. શહેરમાં કૂતરાં નો'તાં એટલે દાદીમાએ શહેરના અમારા મકાનના ચોકમાં ચકલાંને ચણ નાખવાનું શરૂ કરેલું.

વર્ષો વીતતાં ગયાં એ સાથે અમારું મળવાનુંય ઓછું થતું ગયું. થોડો વખત દાદીમાએ મને વહેલો ઉઠાડવાનું અને સ્કૂલ માટે મને તૈયાર કરવાનું ચાલુ રાખેલું. હું સ્કૂલેથી ઘેર આવું એટલે એ મને પૂછે,

''તારા સાહેબે આજે તને શું શીખવ્યું ?''

હું એને અંગ્રેજીના થોડા શબ્દો, ગણિત, ગુરુત્વાકર્ષણ તથા પશ્ચિમના દેશોના શિક્ષણ વિશે કહેતો પૃથ્વી ગોળ છે એમ પણ કહેતો. મારી વાત સાંભળીને એ દુખી થઈ જતી. મને સ્કૂલમાં જે ભણાવાતું એ એને ગળે ઊતરતું નહીં. મને સ્કૂલમાં ભગવાન વિશે કે ધર્મગ્રંથો વિશે કશું શીખવાડાતું નોં'તું એ કારણે એ વ્યગ્ર બની જતી. એણે હવે મારા અભ્યાસમાં મને મદદ કરવાનું બંધ કરી દીધેલું.

એક દિવસ મેં દાદીને કહ્યું કે અમને સ્કૂલમાં સંગીત શીખવવામાં આવશે. એ સાંભળતાં એણે હળવો આંચકો અનુભવેલો સંગીત તો ભિખારીઓ અને વેશ્યાઓનો ઈજારો

છે એમ એ માનતી. જો કે એણે મને કશું કહ્યું નહીં, પણ એના મૌન દ્વારા એ વિરોધ પ્રગટ કરી રહેલી એ પછી એણે મારી સાથે બોલવાનું બંધ કરી દીધેલું.

પછી મેં યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. યુનિ.ની હોસ્ટેલમાં મને અલાયદો રૂમ ફાળવવામાં આવેલો મારા હોસ્ટેલના પ્રવેશ સાથે જ અમારી મૈત્રીનો અંત આવી ગએલો. એણે એનું એકાકીપણું સ્વીકારી લીધેલું એ ભાગ્યે જ એના ચરખાને વેગળો મૂકીને કોઈ સાથે વાત કરતી. થોડો આરામ કરતી. કાંતતાં કાંતતાં એ ભગવાનનું નામ રટતી રહેતી. આરામ કર્યા પછી એ ચોકમાં ચકલાં ને બ્રેડના ટુકડા નાખતી. એ ચકલાંને બ્રેડના ટુકડા નાખતી હોય ત્યારે સેંકડો ચકલીઓ એને ઘેરી વળતી. ચી...ચીં... કરતી કેટલીક તો એના પગ પર, ખભા પર અને માથા પર બેસી જતી. દાદીમાં એમને દૂર કરતી નહીં. એ ચકલાંને બ્રેડના ટુકડા ખવડાવતી એ ક્ષણો એના આખા દિવસની શ્રેષ્ટ ક્ષણો હતી.

આગળ અભ્યાસાર્થે મેં જ્યારે વિદેશ જવાનું નક્કી કર્યું ત્યારે દાદીમાં ભારે દુખી થઈ ગએલી હું પાંચ વર્ષ માટે વિદેશ જઈ રહ્યો હતો અને એ પાંચ વર્ષમાં દાદીમાને એ ઉમ્મરે શું થઈ જાય એ કોઈ કહી શકે નહીં. પણ એ તો કહી શકે એમ હતી. એ મને સ્ટેશને મૂકવા આવેલી. એણે કશી લાગણી પ્રદર્શિત કરેલી નહીં. એ કશું બોલીય નહીં. એ માત્ર ભગવાનનું નામ રટતી રહેલી. એનું મન ભક્તિમય બની ગએલું. એની આંગળીઓ માળાના મણકા ફેરવવામાં વ્યસ્ત રહેલી. એણે મૌના રહીને મારે કપાળે ચુંબન કરેલું એ ચુંબનની ભીનાશ હું મારા પ્રવાસ દરમ્યાન પ્રતિક્ષણ માણતો રહેલો. આ અમારો છેલ્લો દૈહિક સ્પર્શ હશે એમ મેં માની લીધેલું.

પણ એવું નો'તું. પાંચ વર્ષ પછી હું વિદેશથી વતન પાછો ફર્યો ત્યારે અમે ફરી મળ્યાં. એ અગાઉ હતી એનાં કરતાં જરાય વધારે ઘરડી નો'તી લાગતી– એને જો કે બોલવામાં થોડી તકલીફ પડતી હતી. એણે જ્યારે મને છાતી સરસો ચાંપ્યો ત્યારે મને એનો પ્રભુના નામનો ગણગણાટ સંભળાયો. હું જે દિવસે આવેલો એ દિવસેય એની સર્વોત્તમ ક્ષણો તો ચકલા ને ચણ નાખવાના સમયની હતી. હવે એ ચકલાંને ચણ નાખવા પાછળ પહેલા કરતાં વધારે સમય વિતાવતી. ચણ નાખતાં નાખતાં એ, ચકલાંને ધમકાવતી રહેતી.

એ સાંજે એનામાં થોડો બદલાવ આવ્યો હોય એવું મને લાગ્યું એણે સાંજની પ્રાર્થના ન કરી. એણે બધી પડોશણોને ભેગી કરી. પછી એ ઢોલક વગાડીને ગાવા માંડી. કલાકો સુધી એ ઢોલક વગાડતી રહી અને યુધ્ધમાંથી પાછા ફરેલા સૈનિકોનું ગીત ગાતી રહી. એ થાકી જશે એમ વિચારી અમે દાદીમાને ગાવાનું બંધ કરવા કહ્યું, પણ એ તો ગાતી જ રહી. આ પહેલી વાર એણે કોઈ ભજન કે પ્રાર્થના ન ગાઈ.

એ પછીને દિવસે દાદીમાં માંદગીમાં પટકાઈ. જોકે. તાવ સાધારણ હતો અને ડૉક્ટરેય કહેલું કે તાવ મટી જશે પણ દાદીમાં કઈ જુદું જ વિચારી રહી હતી. એણે અમને કહી દીધું, ''મારી વિદાયની ઘડી આવી ચૂકી છે''

અને આમ દાદીની જિંદગીનો છેલ્લો અધ્યાય સમાપ્ત થઈ ગયો. એ ઘટના ઘટી એના થોડાક કલાક પહેલાં જ એણે અમને એ ઘડી આવવાની વાત કરેલી. એણે ભગવાનને પાર્થવાનું બંધ કરી દીધેલું અમારી સાથે વાતો કરીને એ એનો સમય વેડફવા માગતી નોં'તી.

એ ઢોલક વગાડીને ક્યાંય સુધી ગાતી રહેલી. અમે એ સામે વાંધો ઉઠાવેલો પણ એણે અમારા વિરોધની અવગણના કરેલી એ શાંતિથી એના કોટમાં સૂતી રહી. સૂતી સૂતી એ એની માળાના મણકા ફેરવતી રહી. એના હોઠ પ્રભુના નામનું રટણ કરતા રહ્યાં.

અમને કશો આણસાર આવે એ પહેલાં એના હોઠ હાલતા અટકી ગયા અને એની માળાય હાથની આંગળીઓમાંથી સરકીને નીચે પડી ગઈ. એના આખા ચહેરા પર ચિર શાંતિની આભા પથરાઈ ગઈ. એ સાથે અમને ખ્યાલ આવ્યો કે એ હવે નથી રહી.

અમે એને કોટ પરથી ઊંચકીને ભોંય પર સુવાડી અને અમારા રિવાજ મુજબ, લાલ વસ્ત્રથી એનું મોં ઢાંકી દીધું, પછી અમે એના અંતિમ સંસ્કારની તૈયારીમાં લાગી ગયાં.

જૂના, પુરણા સ્ટ્રેચર પર દાદીમાને સુવાડીને અમે એને ચોકમાં લઈ આવ્યા અને ત્યાં સહેજ રોકાયા.

આથમતા સૂર્યનાં કિરણોએ વરંડાને તથા દાદીમાના રૂમને સોનેરી રંગથી ઝળાહળા કરી દીધો. દાદીમાં જ્યાં સુતી હતી ત્યાં એકાએક હજારો ચકલીઓ આવીને એની ચારે બાજુ ભોંય પર બેસી ગઈ એમનો ચીં....ચીં....અવાજ તે દિવસે ન સંભળાયો– માને ચકલીઓની દયા આવી હશે તે એમને માટે બ્રેડના થોડા ટુકડા લેતી આવી. અને દાદીમાની જેમ એણે એ ટુકડા ચકલીઓ ભણી નાખ્યા, પણ ચકલીઓએ એ તરફ નજર સુધ્ધાં ન કરી. અમે જેવો દાદીમાના પાર્થિવ દેહને ઉપાડ્યો, એ સાથે જ બધી ચકલીઓ કશો અવાજ કર્યા વિના ચોકમાંથી વિદાય થઈ ગઈ.


બીજે દિવસે માએ, ચકલીઓ માટે નાખેલા બ્રેજના ટુકડા કચરો વાળનારે વાળીને કચરાની ટોપલી ભેગા કરી દીધેલા.

---

૨૧, મેઘાનાગર, પનમચક્કીરોડ, નડિયાદઃ ૩૮૭૦૦૨,
મો.: ૯૪૨૮૬૯૯૮૫૪

## નોબેલ પુરસ્કાર વિજેતા : ડો. સુબ્રમણ્યમ ચંદ્રશેખર

**શ્યામ ખંભોળજા**



(૧૯ ઓક્ટોબર, ૧૯૧૦/૨૧ ઓગસ્ટ, ૧૯૯૫)

ભારતીય મૂળના નોબેલ પુરસ્કાર મેળવનારા વૈજ્ઞાનિકોની પૈકીના એક એવા ડો. સુબ્રમણ્યમ ચંદ્રશેખર ભૌતિકશાસ્ત્ર અને ખાસ કરીને એસ્ટ્રોફીઝીક્સમાં તેમના પ્રદાન માટે જાણીતા છે. તેમનો જન્મ ૧૯ ઓક્ટોબર, ૧૯૧૦ના રોજ પંજાબના લાહોર(વર્તમાન પાકિસ્તાન) માં થયો હતો. તેમના પિતા ચંદ્રશેખર સુબ્રમણ્યમ ઐયર લાહોર ખાતે સરકારી વિભાગમાં ફરજ બજાવતા હતા અને માતા સીતા બાલકૃષ્ણન ગૃહિણી હોવા ઉપરાંત બૌદ્ધિક સંપદાના ધની હતા. પોતાના ૧૦ સંતાનોના યોગ્ય ઉછેર માટે સીતાએ ખુબ જહેમત ઉઠાવી હતી. ૧૨ વર્ષની ઉંમર સુધી સુબ્રમણ્યમ ચંદ્રશેખરને ગણિત અને વિજ્ઞાન પિતાએ શીખવ્યું તો માતાએ માતૃભાષા તમિલ શીખવી હતી. ઇ.સ. ૧૯૧૮માં પરિવાર મદ્રાસ ખાતે સ્થાયી થયો હતો. અન્ય એક નોબેલ પુરસ્કાર વિજેતા ડો. સી.વી. રામન સુબ્રમણ્યમ ચંદ્રશેખરના કાકા થાય. સુબ્રમણ્યમ ચંદ્રશેખરે પ્રેસિડેન્સી કોલેજ, મદ્રાસમાંથી જુન ૧૯૩૦માં ભૌતિકશાસ્ત્રમાં સ્નાતકની ડીગ્રી મેળવી હતી અને ત્યાર બાદ ભારત સરકારની સ્કોલરશીપથી કેમ્બ્રીજ યુનીવર્સીટીમાં પ્રવેશ મેળવ્યો હતો. કેમ્બ્રીજમાં રાલ્ફ ફાઉલર અને આર્થર સ્ટેનલીના માર્ગદર્શનમાં તેમણે વ્હાઈટ ડવાઈ (શ્વેત વામન) તારા પર સંશોધન કર્યું હતું. આ અભ્યાસ દરમિયાન મેક્સ બોર્ન, ડીરાક સહિત અન્ય ઘણા અગ્રણી ભૌતિકશાસ્ત્રી સાથે સંશોધન કાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૯૩૩ થી ૧૯૩૭ના સમયગાળામાં ટ્રીનીટી ફેલોશીપ મેળવનારા તેઓ બીજા ભારતીય બન્યા હતા. આ અગાઉ શ્રીનિવાસ રામાનુજને આ ફેલોશીપ મેળવી હતી. જાન્યુઆરી ૧૯૩૭માં તેઓ પ્રાધ્યાપક તરીકે શિકાગો યુનીવર્સિટીમાં જોડાયા હતા અને નિવૃત્તિ સુધી અહિયાં જ રહ્યા. શ્વેત વામન તારાનું દળ એક ચોક્કસ મર્યાદા એટલે કે સૂર્ય કરતા ૧.૪૪ ગણાથી વધુ ના હોઈ શકે તે બાબતનું તેમનું સંશોધન 'ચંદ્રશેખર લીમિટ' તરીકે જાણીતું છે. એસ્ટ્રોફીઝીક્સમાં તેમના સંશોધન બદલ તેમને ઈ.સ. ૧૯૮૩માં આલ્ફ્રેડ ફાઉલર સાથે ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. તેમના માર્ગદર્શનમાં આશરે ૪૫ વિદ્યાર્થીઓએ સંશોધન કરીને પી.એચડી.ની ડીગ્રી મેળવી હતી. તેમના ૨ વિદ્યાર્થીઓ પણ નોબેલ પુરસ્કાર મેળવી ચુક્યા છે. પોતાનાથી એક વર્ષ જુનિયર લલિતા દોરાઈસ્વામી સાથે લગ્ન કરનાર ચંદ્રશેખર પોતાને નાસ્તિક ગણાવતા હતા. તેમને નોબેલ ઉપરાંત પદ્મ વિભૂષણ સહિત અન્ય ૧૪ જેટલા પ્રતિષ્ઠિત પુરસ્કારો મળ્યા હતા. તેમના માનમાં ઘણી ઓબ્સર્વેટરીને ચંદ્રશેખરનું નામ આપવામાં આવ્યું છે. તેમણે જીવનકાળમાં આશરે ૩૮૦ રીસર્ચ પેપર પ્રકાશિત કર્યા/લખ્યા હતા, જે શિકાગો યુનીવર્સિટી પ્રેસ દ્વારા ૦૭ વોલ્યુમમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમણે ૧૧ પુસ્તકો લખ્યા છે. ચંદ્રશેખરના જીવન અને કાર્ય પર આશરે ૧૫ પુસ્તકો લખાઈ ચુક્યા છે. ૨૧ ઓગસ્ટ, ૧૯૯૫ના રોજ સુબ્રમણ્યમ ચંદ્રશેખરનું મૃત્યુ થયું હતું.

પ્રાધ્યાપક, બી એન્ડ બી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી,
વલ્લભ વિદ્યાનગર, મો. ૯૯૯૮૮૩૮૬૭

# વૃક્ષ ઉછેર (ભાગ-૨)

સમીર શાહ

## વૃક્ષોની જાળવણી

વૃક્ષો બિનજરૂરી કપાય નહિ તેની ચોકસાઈ રાખવી પણ તેટલી જ જરૂરી છે. ફરીથી, વૃક્ષારોપણની જગ્યા જો બરાબર પસંદ કરવામાં આવી નહિ હોય તો વહેલા મોડા તે વૃક્ષે અકાળે કપાવવું પડે છે. જેમકે, વસ્તી વધારાને કારણે વધતા વાહન-વ્યહવારને ધ્યાનમાં રાખીને રસ્તો પહોળો કરવાની જરૂરિયાત ઉભી થાય છે. અને તે સમયે, રસ્તાની નજીકમાં લગાવેલા વૃક્ષો કાપવા પડે છે. કોઈ સંસ્થામાં વૃક્ષારોપણ કરવામાં આવે અને ભવિષ્યમાં તે જગ્યાએ બાંધકામ કરવાનું આયોજન થાય ત્યારે પણ, વૃક્ષ કાપવા પડે છે. આવી તો અનેક સંભાવનાઓ છે જેના કારણે વૃક્ષને અકુદરતી રીતે કાપવું પડે છે.

પરંતુ, એક પ્રવૃત્તિ કે જેને આપણે ધર્મ સાથે જોડી દીધી છે અને જેના કારણે ખુબજ મોટા પ્રમાણમાં બિનજરૂરી વૃક્ષ કપાય છે અને મોટા પાયે વાયુ પદુષણમાં વધારો થાય છે અને તે છે, આડેધડ પ્રગટાવાતી હોળી. છેલ્લા થોડા સમયથી માનસિક રીતે નબળો પડેલો માણસ, ધાર્મિક માન્યતાઓથી ઘેરાવા લાગ્યો છે. બીજે પ્રગટેલી હોળીના દર્શન કરવાથી કોઈ લાભ થતો નથી અને પોતાના ઘર આંગણે હોળી પ્રગટાવવાથી જ પુણ્ય મળે છે તે માન્યતાએ જોર પકડ્યું હોય તેવું લાગે છે. ખુબ જ નજીક નજીક હોળી પ્રગટાવવાનું શરૂ કર્યા પછી માનવ સહજ સ્વભાવે બીજી જીદ્દ પકડી કે કોની હોળી મોટી ? અને, આ ચડસાચડસીએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. આ બંને કારણોના લીધે ખુબ જ મોટા પ્રમાણમાં લાકડાની જરૂરિયાત ઉભી થઇ અને તે જરૂરિયાતને પહોંચી વળવા માટે મોટા પ્રમાણમાં વૃક્ષોને કાપવામાં આવે છે.

આપણે ક્યારેય વિચાર્યું છે કે, વૃક્ષ પણ એક લાગણીશીલ જીવ છે અને ધાર્મિક ક્રિયા માટે તેને કાપીને સળગાવવાથી કોઈ પુણ્ય થતું નથી. થાય છે તો બસ પર્યાવરણને ખુબ જ મોટું નુકસાન.

ખરેખર તો હોળી સજાવનાર વ્યક્તિને આ પ્રવૃતિમાંથી સીધો આર્થિક લાભ થતો હોય છે અને માટે, તેની હોળી મોટી હોય તો વધુ લોકો આવે અને વધુ લોકો આવે તો હોળીમાં વધુ પૈસા/નારિયેળ નાખે તે ગણતરીએ તે હોળી સજાવવામાં શક્ય હોય તેટલા વધારે લાકડાનો ઉપયોગ કરે છે. અને આપણા જેવા ધાર્મિક માણસો, તેના કહેવા પ્રમાણે લાકડા લેવા પૈસા તો અપવાના જ છીએ.

વાત નીકળી જ છે તો, હોળી પ્રગટાવવાથી દેશની સંપત્તિને બીજું પણ એક નુકસાન મોટા પાયે પહોચાડવામાં આવે છે જે તરફ પણ આપનું ધ્યાન દોરવું જરૂરી લાગે છે અને તે છે, કોઈપણ જાતની પૂર્વ તૈયારી વગર હોળી પ્રગટાવીને ડામરના રસ્તાને આગની ગરમીથી ખરાબ કરવા.

બિનજરૂરી એકબીજાથી નજીક, મોટા પાયે લાકડા વાપરીને હોળી પ્રગટાવવાની સાથે સાથે એક બીજી નબળી માનસિકતા આપણામાં ઘર કરી ચુકી છે અને તે છે, રસ્તા ઉપર કોઈપણ જાતની તકેદારીના પગલા લીધા વગર હોળી પ્રગટાવવી. ખુબ જ ઓછી જગ્યાએ જોવામાં આવ્યું છે કે, પહેલા રસ્તા ઉપર રેતીનું પ્લેટફોર્મ બનાવવામાં આવે અને પછી તેની ઉપર હોળી સજાવવામાં આવે. હવે, હોળી પછીના દિવસે તમે જોશો તો મોટાભાગની જગ્યાએ કે જ્યાં હોળી પ્રગટાવવામાં આવી હશે ત્યાં ડામરનો રસ્તો, ગરમીના કારણે બિલકુલ ખરાબ થઇ ગયો હશે અને જે ભવિષ્યમાં અકસ્માતનું કારણ પણ બનશે. અને, આ બધું જ બને છે તેમાં સૌથી વધારે દોષ આપણો જ છે. મોટે ભાગે હોળી સજાવવાની પ્રક્રિયાથી ભણેલો માણસ દુર રહેતો હોય છે. આપણે તો ફક્ત લોટો લઈને હોળી ફરતે આંટા મારીને પુણ્ય કમાયાના ભાવ સાથે પોતાના ઘરે પાછા પહોંચી જઈએ છીએ. ક્યારેય તેનાથી થતા નુકસાનનો વિચાર કરીને તેમાં સુધારા કરવાનો પ્રયત્ન કર્યો ?

વર્ષ ૨૦૧૧ ના એક અંદાજ મુજબ હોળીમાં દર વર્ષે આશરે ૩૦,૦૦૦ જેટલા વૃક્ષના લાકડાને બાળવામાં આવે છે. અને, આટલા વૃક્ષોને ગ્રીન કવર સાથે સરખાવો તો આશરે ૩૦૦ હેક્ટર ગ્રીન કવર તૂટે છે.

ભક્ત પ્રહલાદે અસત્ય સામે મેળવેલા વિજયની યાદમાં, ઉજવણીના ભાગ રૂપે હોળી પ્રગટાવાય છે. એક સમયે હોળી પ્રગટાવવા માટે માત્ર છાણાનો ઉપયોગ થતો હતો. પરંતુ, સમય જતા તેમાં લાકડાનો પણ ઉપયોગ થવા લાગ્યો. અને આજે પરિસ્થિતિ એવી છે કે મોટેભાગે તેમાં ફક્ત લાકડાનો જ ઉપયોગ થાય છે.

કોઇક કવિએ તો ત્યાં સુધી લખ્યું છે કે વૃક્ષ આપણને સ્થિતપ્રજ્ઞતાના પાઠ શીખવતું મુક ઉપદેશક હોય છે. અને એટલે જ, એક વૃક્ષ કપાય છે ત્યારે, પૃથ્વી ઉપરથી એક

સંત વિદાય લે છે. એક વૃક્ષ કપાય છે ત્યારે, ધરતી અને આકાશના સંબંધોમાં તિરાડ પડે છે. તેમની વચ્ચે એક ખાલીપો સર્જાય છે. એક વૃક્ષ કપાય છે ત્યારે, અનેક જીવ અનાથ અને બેઘર બને છે, પર્ણમર્મર અને કલરવ અતીતનો હિસ્સો બની જાય છે. ઋતુચક્રમાં ખલેલ પડે છે. પ્રત્યેક વૃક્ષ કાપનાર દુ:શાસનનો પ્રતિનિધિ હોય છે. વૃક્ષ કાપવું તે પૃથ્વીનું ચીરહરણ કરવા જેવું છે અને વૃક્ષ વાવનાર પ્રત્યેક વ્યક્તિ ધરતીને ચીર પૂરે છે. કોઈ વૃક્ષ વાવે ત્યારે એનામાં રહેલું કૃષ્ણત્વ પ્રગટતું હોય છે અને માટે જ કહેવાયુ છે ''છોડમાં રણછોડ''.

પર્યાવરણની જાળવણી સાથે સંકળાયેલા રાજકોટના મિત્ર શ્રી નરેન્દ્રભાઈ રાયજાદાએ લખેલા કાવ્ય ''વૃક્ષ છે તો જીવન છે''માં વૃક્ષ કાપવાની ક્રૂરતાને થોડી પંક્તિઓ દ્વારા વર્ણવી છે, જે આપની સમક્ષ મુકુ છું.

**બની જંગલ હું ચોમેર વરસાવું અનરાધાર,**
**મારા નિકંદને સરિતા સુકવી, હવે તો વિચાર કર**
**ધરતીની ચુંદલડી લીલી ને ફૂલો વાળી ભાત, નિર્લજ્જ!**
**એક માની મર્યાદાનો તો વિચાર કર**
**હું નહીં તો તું પણ નહીં જ, લખીને રાખ,**
**રચનાકારની સાંકળનો શાંત ચિત્તે, કદી તો વિચાર કર**

આપણે જોયું કે, વૃક્ષ આપણને જોઈ શકીએ/ અનુભવી શકીએ તેવું તો ઘણું આપે છે જે આપણી દરરોજની જરૂરિયાત પૂરી કરવામાં અને આપણું જીવન ટકાવી રાખવામાં મદદરૂપ થાય છે. પરંતુ, વૃક્ષ આપણને આધ્યાત્મના પણ એવા ઘણા પાઠ શીખવે છે કે જેને આપણે જો જીવનમાં ઉતારી દઈએ તો, આપણું જીવન સાર્થક થઇ જાય. વૃક્ષ ઉપર લાગેલા ફળને મેળવવા આપણે તેને ક્યારેક પથરો મારીએ તો પણ, વૃક્ષ આપણને તો ફળ જ આપે છે. સુંદર ખીલેલા ફૂલને આપણે આપણા અજ્ઞાનને કારણે ચૂંટીએ છીએ તો પણ, તે છોડ / વેલ તો આપણને ફરીથી તેટલાજ સુંદર / સુંગંધિત ફૂલ આપે છે. વૃક્ષ ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં પણ, આપણને તો શીતળતા જ આપે છે. અરે, આપણે જેને કચરો કહીએ છીએ તેવા સુકા પાંદડા, છાણ, કોહ્વાટ, ગંદુ પાણી વગેરેનો ખોરાક તરીકે ઉપયોગ કરીને પણ, વૃક્ષ આપણને તો ફળ અને ફૂલ જ આપે છે.

**વૃક્ષ સાથે જોડાયેલી અંધશ્રધ્ધાઓ / ખોટી માન્યતાઓ**

આપણે વૃક્ષનું મહત્વ અને તેને ઉછેરવાની અને જાળવવાની બાબતોને બારીકાઇથી જાણી જ છે તો હવે, આપણે થોડી એવી બાબતો પણ જાણી લઈએ કે જેમાં થોડો ફેરફાર, વધુ સારા પરિણામ આપી શકે છે.

૧. શ્રાવણ મહિનામાં શંકર ભગવાનને ચઢાવવા માટે ખુબ જ મોટા પ્રમાણમાં બીલીપત્રના પાન તોડવામાં આવે છે. આ પાન તોડનારને તે ઝાડ પ્રત્યે કોઈ લાગણી હોતી નથી. પાંદડા ચૂંટવામાં સરળતા રહે તે માટે, પહેલા તે ઝાડની ડાળ કાપે છે અને પછી, તેમાંથી પાંદડા ચુંટે છે. શું એક વ્યક્તિ દ્વારા સેંકડો/હજારો પાંદડા ચઢાવવા જરૂરી હોય છે ? શું પ્રતીકાત્મક રીતે એક કે બે કે પાંચ પાંદડા ચઢાવવાથી ભગવાન શંકર આપણાથી નારાજ થઇ જશે? શું, તેમની કૃપા દ્રષ્ટિ આપણા ઉપરથી હટીને જે મોટા પ્રમાણમાં પાંદડા ચઢાવશે તેની તરફ થઇ જશે ?

૨. ચૈત્ર મહિનામાં લોકો સ્વાસ્થ્ય સારું રહે તે માટે લીમડાના મોરનો રસ પીવા માટે તેના ફૂલ અને કુણા પાંદડા તોડે છે. પાનખર પછી વૃક્ષના વિકાસ માટે જરૂરી એવા ફૂલ અને કુણા પાંદડા તોડીને, આપણે તેના વિકાસમાં અવરોધ ઉભો કરીએ છીએ. જો આપણને આપણા સ્વાસ્થ્યની આટલી જ ચિંતા હોયને તો, પહેલા થોડા વૃક્ષ ઉગાડવા જોઈએ અથવા, જ્યાં પણ વૃક્ષ ઉછેરનું કામ ચાલતું હોય ત્યાં મદદ કરીને પહેલા લાયકાત કેળવવી જોઈએ અને પછી તેનો ઉપયોગ કરવો જોઈએ તેનું નામ સભ્યતા છે. બીજાએ ઉગાડેલા વૃક્ષ ઉપરથી, મફતનું મળે છે માટે, માપ વગરની ડાળીઓ તોડીને તેના પાંદડાનો રસ પીને આપણે કદાચ આપણા શરીરને તો નીરોગી રાખી શકીશું પરંતુ, આપણા રોગીષ્ઠ મગજનો ઈલાજ કેવી રીતે કરીશું તેનો વિચાર કર્યો છે ?

૩. આપણે જોઈએ છે કે, ઘણી બધી જગ્યાએ લોકો પીપળાને પાણી ચઢાવતા હોય છે. જો તેમને કારણ પૂછવામાં આવે તો જવાબ મળશે કે, શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે પીપળો પવિત્ર ઝાડ છે અને માટે જ, તેની જાળવણી થાય તેવા પ્રતિકાત્મક ભાવથી તેને પાણી ચઢાવીએ છીએ. શું તમને લાગે છે કે શાસ્ત્રો દ્વારા આ જ્ઞાન આપનારનો ભાવ એવો હતો કે, વગર વિચાર્યે સંપૂર્ણ પણે વિકસી ગયેલા પીપળાને પણ પાણી ચઢાવવું ? ખરેખર તો, સંપૂર્ણ રીતે વિકસી ગયેલા પીપળાની જગ્યાએ, યોગ્ય જગ્યાએ તેના નાના છોડ લગાવીને તેને નિયમિત પાણી ચઢાવવુ એ તેની વધારે

સારી પૂજાની રીત છે. અને જયારે કોઈ વ્યક્તિ, વૃક્ષને સાચવવાનું શરૂ કરે છેને ત્યારે, કારણ વગર કોઈપણ વૃક્ષ કપાય નહિને તેનું પણ ધ્યાન રાખે જ છે. સમય આવી ગયો છે કે આપણે આવા પ્રતિકાત્મક દેખાડા નહિ પણ, પરિણામલક્ષી કામ કરીએ.

૪. ઘણી વખત આપણા જોવામાં આવે છે, કે, વ્યક્તિ બીજાના ઘરમાં ઉગેલા ફૂલોને તેમની સંમતી વગર ચૂંટે છે અને તે ફૂલો ભગવાનને ચઢાવે છે. ક્યારેક તો એવું પણ જોવામાં આવે છે કે, બીજાનું ધ્યાન ના જાય તે માટે ફૂલ ચૂંટનાર વ્યક્તિ, સવારે ખુબજ વહેલો આ પુણ્યનું કામ પતાવી આવે છે. અને જો, ભૂલમાં ચોરી પકડાઈ જાયને, તો ભગવાનનું કારણ ધરીને સામેની વ્યક્તિને ધર્મનું જ્ઞાન આપે છે. ખરેખર તો ફૂલ જોઈતા જ હોય ને, તો ક્યાંક ઉગાડવા જોઈએ અને જો તે શક્ય ના હોય ને તો ઘણા ખેડૂતો ફૂલની ખેતી તરફ વળ્યા છે ત્યાંથી ખરીદવા જોઈએ. આમ, બીજાના બગીચાને ઉજ્જડ કરવાથી ભગવાન ક્યારેય રાજી થતા નથી.

૫. હમણાં હમણાં આર્યુવેદના નામે ઘણા કહેવાતા જાણકારો, વૃક્ષના પાંદડા, છાલ અને મૂળને તોડવા/ઉખેડવા સુધી પહોંચી ગયા છે. છાસવારે બહારનું ખાઈને તબિયત ખરાબ કરીને પછી, આર્યુવેદની પીપુડી વગાડવી એ આજની ફેશન થઇ ગઈ છે. અરે, આર્યુવેદિક પદ્ધતિમાં આટલો જ વિશ્વાસ હોય તો, વૈજ્ઞાનિક પદ્ધતિથી બનાવવામાં આવતી આયુર્વેદિક દવાથી પણ ઈલાજ થઇ શકે છે. આપણને પાંદડા, છાલ કે મૂળનો દવા તરીકે સાચો ઉપયોગ કેવી રીતે કરવો તે ખબર ના હોય અને, વૃક્ષને નુકસાન થાય તેવું કામ કરવાનું કોઈ કારણ ખરું ?

આપણામાંના ઘણા બધા, આમાંના કેટલાક કે બધાં જ વિચારો સાથે સહમત ના હોય તેવું પણ બને કારણકે, આમાંની કેટલીક બાબતોમાં આપણે કે આપણી નજીકની વ્યક્તિ જોડાયેલી હશે. પરંતુ, આજે નહિ તો કાલે પણ, સત્યનો આપણે સ્વીકાર કરવો જ પડશે અને, મનની આવી બધી નબળાઈઓને દૂર કરીને વૃક્ષને / પર્યાવરણને બચાવવું જ પડશે.

-ક્રમશઃ

('વૃક્ષ ઉછેર' પુસ્તિકામંથી સભર)

## ।। શ્રદ્ધાંજલિ ।।



ચારુતર વિદ્યામંડળ સંચાલિત એસ.એસ.પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજયુકેશન તથા એન.વી.પટેલ સાયન્સ કોલેજની લાયબ્રેરીના દાતાશ્રી શાંતિલાલ શંકરભાઈ પટેલનું ગુરૂવાર તા.૦૨-૦૭-૨૦૨૦ના રોજ ૧૦૨ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે, જન્મ મરણ એ કુદરતનો ક્રમ છે જેમાં વિદાય દુ:ખદ હોય છે. આ વિદાય વધારે વસમી છે. સદગતની વિદાયથી જે આકસ્મિક દુખ તેમના પરિવારજનો પર આવ્યું છે તેને સહન કરવાની પરમ કૃપાળુ શક્તિ આપે એવી પરમાત્માને પ્રાર્થના. આવા નિર્મળ, ઉદાર વિચારવાળા દાનવીર સજ્જનનું અવસાન કોઈપણ ઉંમરે થાય તે દુઃખદ છે. આવી વિભૂતિના દેહવિલય પ્રસંગે ચારુતર વિદ્યામંડળનો સમગ્ર પરિવાર તેમનાં પરોપકારી કાર્યોનું સ્મરણ કરી તેમને શ્રધ્ધાંજલિ આપે છે અને આવા પરોપકારી પુરુષના સ્વજનોને આઘાત સહન કરવાની ઈશ્વર શક્તિ આપે અને તેમના આત્માને ચિરશાંતિ આપે તેવી ચારુતર વિદ્યામંડળ પરિવાર ખરા અંતરથી પ્રાર્થના કરે છે.

## Fun learning towards Problem solving skill

**Shefaly Mahajan**



As a kindergarten teacher feeling very great to be a part of this platform to teach and nurture the young learners. Here I would like to share one of my teaching techniques which I had planned to develop their problem solving skills. In the preschool learning stage, I found many of the kids having difficulty on their critical thinking skill, which may influnce their problem solving skill. I planned an activity /task with the 'problems', 'tools', and 'solutions' cards. In the assigned task very basic problem content has been given according to child's age with pictures. The cards were arranged into three parts, and also placed hurdle between the cards with blocks at different area in the classroom. I had explained how to play this task to the kids. While moving on, kids need to choose any one 'problem' card from the floor then, find the 'tool' card from the tray and get the 'solution' card from the table. For an instance, 'Pencil point broken' (problem), 'Shapner' (tool) and 'Gets pencil sharpen' (solution).While choosing the cards of problem, I had observed that many of the students eagerly participated & enjoyed to learn by this method. I also made it a point to identify a problem solution and work towards the solution. Some kids were playing the task and rest were waiting for their turn meanwhile they were motivating other players too. Repeatedly, thrice I played this activity: while observing this task over a period of time, I evaluate that visualizing and thinking skills fascinate kids about the world around them, I feel very satisfied while teaching this learning method. To sum up with, the more exposure preschooler has to words problem solving, the more apt they will become at formulating the solution. Problems will arise for the rest of their life, so it is crucial to learn with such easy Play way method.

C &Z C Patel English school (CBSE)
Vallabh Vidyanagar

|| વિદ્યાવૃત્ત ||

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ''Global Initiatives: a True Bled of Engineering and Management'' વિષય પર ઇન્ટરનેશનલ ટેક્નિકલ કોન્ક્લેવ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઇન્ટરનેશનલ કોલબ્રેશન સેલઅંતર્ગત ''Global Initiatives: A True Bled of Engineering and Management'' વિષય પર બે દિવસીય ઇન્ટરનેશનલ ટેક્નિકલ કોન્ક્લેવ યોજાયો.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડો. ડી.પી.અગ્રવાલ (ભૂતપૂર્વ અધ્યક્ષ UPSC, BOG મેમ્બર બીવીએમ), ચારુતર વિદ્યામંડળના ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ, સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ઇંદ્રજિત એન.પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રદ્ધાંજલિ



**જયંતભાઈ ઓઝા**
**(૩૦/૦૯/૧૯૪૧ - ૧૨/૦૭/૨૦૨૦)**

કલા અને સાહિત્યનો પ્રવાહ જ્યાં સતત વહેતો હોય છે એવા ભાવનગરમાં જન્મ અને શરૂઆતના ત્રણ દાયકા ત્યાં રહ્યા. સાહિત્યને શોખ તરીકે પોષ્યો પણ વ્યવસાયે બેંકમાં જોડાયા. આ દરમિયાન સાહિત્યના લગાવને તો જાળવી જ રાખ્યો બલકે સઘન કર્યો. થોડા સમય પછી ભાવનગર સાહિત્ય વર્તુળની સ્થાપના કરી. ટૂંકી વાર્તામાં જેનું નામ આજે મોખરે છે એવા શ્રી જયંતિ ગોહીલ માય ડીયર જ્યુ અને લેખક વિવેચક શ્રી અજય પાઠક એમના કાયમી સાથી અને અંતરંગ મિત્રો રહ્યા. સાહિત્ય સભાના ઉપક્રમે મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ઉમાશંકર જોશીનો કાવ્યપાઠ કે વક્તવ્ય હોય એ વખતે જેમના પ્રથમ કાવ્ય સંગ્રહો એકસાથે પ્રકાશિત થયા એવા કવિઓ શ્રી રમેશ પારેખ, શ્રી અનીલ જોશી અને શ્રી માધવ રામાનુજના કવિતા વાંચનના કાર્યક્રમનું આયોજન કર્યું, જયંતભાઈ એ જામનગર અને ઝવેરચંદ મેઘાણીના નાનકડા ગામ બગસરામાં નિવાસ દરમિયાન સાહિત્ય અને સંગીતના ચાહકો કે સર્જકોની શોધ આદરી. એવા મિત્રો કે જે કવિતા, વાર્તા કે નવલકથા લખતા હોય એ બધા ને એકઠા કર્યા ‘પંચમ’ અને ‘મેઘાણી સાહિત્ય વર્તુળ’ની સ્થાપના થઈ. આ સંસ્થા હજુ સક્રિય રીતે કાર્યરત છે.

જયંતભાઈ ૧૯૯૪ માં ઇડર પહોંચે છે અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગમાં એમનો આભાસ નામનો કાવ્ય સંગ્રહ પ્રકાશિત થયો.

૧૯૯૭માં સ્વૈચ્છિક નિવૃત્તિ  બાદ વલ્લ્લભ વિદ્યાનગર માં સ્થાયી થયા.  કાવ્ય કે અન્ય સાહિત્ય નું લેખન કરતા યુવા મિત્રો ને નિયમિત રીતે કશુંક મળતું રહે એ હેતુથી ‘પદ્ય પરબ’ની શરૂઆત કરી. જે સતત ચાર વર્ષથી એમના નિવાસ સ્થાને સાતત્ય પૂર્ણ રીતે ચાલે છે. સાહિત્યનું સંમાર્જન તો થતું રહ્યું .. પણ વધુ એક પડાવ આવ્યો સંગીત ક્ષેત્રે. પંડિત હરિપ્રસાદ ચોરસિયાની કોન્સર્ટ. કરમસદના સરદાર સ્મારકના ઓડીટોરીયમમાં. ઇન્ડીયન ઓશન નામની સંસ્થાનો જન્મ થયો, અને શરુ થયો વધુ એક સિલસિલો કાર્યક્રમોનો.

જયંતભાઈની પ્રવૃત્તિ અને એની વિવિધતા હજુ આગળ વધે છે, સરદાર સ્મારકમાં સતત ત્રણ વર્ષ નિયામક રહ્યા અને સ્મારકને પણ પ્રવૃત્તિઓથી ધમધમતું કર્યું.

વિદ્યાનગરની ઈપ્કોવાળા ફાઈન આર્ટસ કોલેજના કમ્યુનિકેશન ઈંગ્લીશ વિષયના વીઝીટીંગ ફેકલ્ટી તરીકે બે વર્ષ કામ કર્યું., સોજીત્રાની આર્ટસ કોલેજમાં ૨૦૧૮માં  ગની દહીંવાલા વ્યાખ્યાનમાળા અંતર્ગત કવિશ્રી મનોજ ખંડેરિયાની કવિતા વિષે વક્તવ્ય આપ્યું,

જયંતભાઈની સાહિત્યપ્રીતિ અને સૂઝની આજીવન મૂડી રૂપ એક કામ એમને મળ્યું ગુજરાતી સાહિત્ય પરિષદ  દ્વારા. ૨૦૧૮નું કાવ્ય ચયન શ્રેણીના પુસ્તકમાં ગુજરાતી સાહિત્યના અગ્રણી સામયિકોમાંથી કવિતાઓ પસંદ કરવાની હતી. બહુ જ લગન અને નિષ્ઠાથી આ કાર્ય પાર પડ્યું. હાલમાં આ પુસ્તક પ્રકાશન પ્રક્રિયાના અંતિમ તબક્કામાં છે.

ચારુતર વિદ્યામંડળના મુખપત્ર વિ વિદ્યાનગર માં તેઓ છેલ્લા ૧૧ વર્ષથી માર્ગદર્શક તરીકે કાર્યરત રહયા.

**।। શોક સંદેશ ।।**

શ્રી જયન્ત ઓઝાના રવિવાર, તા.૧૨-૦૭--૨૦૨૦ના રોજ થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણીને ચારુતર વિદ્યામંડળ પરિવારના સૌ સભ્યો ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે. ચારુતર વિદ્યામંડળના પ્રકાશન ‘વિ-વિદ્યાનગર’માં તેઓશ્રીએ ઘણા સમય સુધી પરામર્શક તરીકે સારી સેવાઓ આપી હતી. તેઓએ ચારુતર વિદ્યામંડળના પ્રકાશન ‘વિ-વિદ્યાનગર’ માટે વિવિધ કવિતાઓ તથા માર્ગદર્શન લેખો આપ્યા હતા. તેઓનો કલાકારો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ સાથે એક અનેરો નાતો હતો. તેઓ એક બેન્કર તરીકે નિવૃત્ત થયા બાદ લેખક અને સાહિત્યકાર તરીકે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અને સારી સામાજીક સેવાઓ આપી હતી.

તેઓ નમ્ર, વિવેકી અને મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. તેઓના અવસાનથી સૌ કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની ઈશ્વર શકિત આપે અને તેમના આત્માનો પરમ કૃપાળુ પરમાત્માના ચરણોમાં નિવાસ થાય તથા તેમને ચિરશાંતિ આપે તેવી ચારુતર વિદ્યામંડળ પરિવાર ખરા અંતરથી પ્રાર્થના કરે છે તથા તેમને અંતરથી શોકાંજલિ અર્પે છે.

-માનદ્ મંત્રી ચારુતર વિદ્યામંડળ, ડૉ. એસ. જી. પટેલ

॥ પુસ્તક પરિચય ॥

## પ્રેરણાદાયી પુસ્તક

**રણછોડ શાહ**

પુસ્તકો સૌથી વધુ વફાદાર મિત્રો છે. જ્ઞાનની ક્ષિતિજોને વિસ્તારવાના પાયામાં સારા પુસ્તકોનું વાચન રહેલું છે. પુસ્તકો જ શિક્ષણના પાયાને મજબૂત અને લાંબા સમય સુધી ચાલે તેવો સબળ બનાવે છે. આ વિચારોને મધ્યવર્તી રાખીને ઍમિટી શાળા, ભરૂચ તેના સ્થાપના (તા. ૧૧/૦૬/૧૯૮૬)ના વર્ષથી પુસ્તક પ્રચાર અને પ્રસારનું ઉમદા કાર્ય ખૂબ મોટા પ્રમાણમાં કરે છે. ધો. ૧ થી ૯ ના વિદ્યાર્થીઓ માટે પાઠયપુસ્તક ઉપરાંત એક વિશિષ્ટ પુસ્તક પ્રતિવર્ષ અભ્યાસક્રમમાં સામેલ કરે છે. આ પુસ્તક વિદ્યાર્થીની વય, કક્ષા અને કિંમતને ધ્યાનમાં રાખી પસંદ કરવામાં આવે છે. બાળવાર્તાઓ, સાહસકથાઓ, કાવ્યો, નાટકો, આત્મકથાઓ, જીવનચરિત્રો વગેરે પસંદ કરવામાં આવે છે. આ પુસ્તક કોઈ એક ધોરણના બાળકો માટે ખરીદવાનું હોવાથી લગભગ તેની ૧૦૦ થી ૧૫૦ નકલ મેળવી વિદ્યાર્થીઓને વહેંચવામાં આવે છે.

શાળામાં કાર્યરત સારસ્વત મિત્રોને વર્ષ દરમ્યાન ચારથી પાંચ પુસ્તકો ભેટ આપવામાં આવે છે. શાળામાં પ્રવેશતા નવઆગંતુક શિક્ષકનું સ્વાગત 'સત્યના પ્રયોગો - લેખક ગાંધીજી'ના પુસ્તક દ્વારા કરવામાં આવે છે. વિશ્વમાં સૌથી વધુ વેચાયેલું અને વંચાયેલું પુસ્તક છે. પ્રતિવર્ષ સારસ્વત મિત્રને તેમની વર્ષગાંઠ નિમિત્તે પુસ્તક આપવાનો રિવાજ છે. શાળા સ્થાપના દિને ૧૧મી જૂને, પાંચમી સપ્ટેમ્બર (શિક્ષક દિન), બીજી ઓકટોબર (ગાંધી જયંતી), અંગ્રેજી કે ભારતીય નૂતનવર્ષ અથવા આકસ્મિક સારા પ્રસંગે પુસ્તક પ્રાપ્ત થતાં શાળા પરિવાર આનંદની અનભૂતિ કરે છે. આ પુસ્તકો લગભગ બસો જેટલી સંખ્યામાં ખરીદવામાં આવે છે. કારણ કે શિક્ષકો ઉપરાંત શુભેચ્છકો તથા કેળવણીપ્રેમી મિત્રોને પણ સહર્ષ મોકલવામાં આવે છે. શાળાની મુલાકાતે પધારતા મહેમાનો તથા વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસંગે આમંત્રિત અતિથિઓનું સ્વાગત પુસ્તક અર્પણ કરી કરવામાં આવે છે.

પ્રતિવર્ષ આ પુસ્તકોની પસંદગી કરવાની હોવાથી વિવિધ પ્રકાશકોને જાન્યુઆરી માસમાં પત્ર લખી પુસ્તકો મંગાવવામાં આવે છે. કેટલાક પ્રકાશકોના પુસ્તકો અવલોકનાર્થે ભેટ સ્વરૂપે મળે છે તો કયારેક શાળા તેની કિંમત પણ ચૂકવતી હોય છે. ૨૦૨૦ના વર્ષમાં આ બાબતે ડિવાઈન પબ્લિકેશન્સ, અમદાવાદના શ્રી અમૃતભાઈ ચૌધરી સાથે વાત થતાં તેઓશ્રીએ થોડાંક પુસ્તકો ભેટરૂપે અવલોકનાર્થે મોકલ્યા હતા. પુસ્તક પસંદગી સમિતિના સભ્યો તે વાંચતા હતા ત્યાં જ માર્ચ-૨૦૨૦માં લોકડાઉન જાહેર થયું. સમગ્ર ભારત થંભી ગયું. સમયનો ખૂબ અવકાશ પ્રાપ્ત થયો. આ સમય દરમિયાન વાચનની પ્રવૃત્તિ ખૂબ વધી. એક પુસ્તક ઉપર સૌ મિત્રોનું ધ્યાન સ્થિર થયું અને તે હતું 'માનવતાના ભેરુ' લેખકઃ ભગીરથ બ્રહ્મભટ્ટ. આમ તો આ પુસ્તક ધો. ૫ કે ધો. ૯ માં પૂરકવાચન તરીકે દાખલ કરવાનો વિચાર હતો. પરંતુ વર્તમાન સંજોગોમાં વર્ગશિક્ષણ શરૂ થાય તેવી શકયતા નહતી. તેથી 'માનવતાના ભેરુ' શાળા સ્થાપના દિને (૧૧મી જૂન-૨૦૨૦) ભેટ આપવાનું નક્કી કર્યું. પુસ્તક મનનીય અને પ્રેરણાદાયી છે. પુસ્તકની બસો નકલ શાળાના સારસ્વત મિત્રો અને શુભેચ્છકોને વહેંચી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી.

સામાન્ય રીતે પુસ્તકનો પરિચય આપવાનો હોય ત્યારે પુસ્તકના વિષયવસ્તુથી શરૂઆત થાય. પરંતુ આ પુસ્તકમાં લેખકના સ્વભાવથી થાય છે. શ્રી ભગીરથભાઈ સ્વભાવે અને વ્યવસાયે બંને રીતે અધ્યાપક - શિક્ષક છે. પુસ્તકમાં એકત્રીસ વ્યક્તિઓના ચરિત્ર્યચિત્રણો છે. સાહિત્યકારો તેને શબ્દોચિત્રો, રેખાચિત્રો, વ્યકિતત્વના વર્ણનો વગેરે કહે છે. પરંતુ ખરેખર તો પ્રત્યેક વ્યકિત ઉપર સંશોધનાત્મક કાર્ય કરી ડૉકટરેટ થઈ શકાય તેવી વ્યકિતઓનું તેમને કરેલું વર્ણન હૃદયસોંસરું ઉતરે તેવું છે. પ્રત્યેક પ્રકરણના અંતે વાચકને અચૂક અનુભવ થશે કે આ તો મારે કરવા જેવું કામ છે... થયું ને શિક્ષણ ! તેથી જ તો ઍમિટી શાળા પરિવારે આ પુસ્તક શાળા સ્થાપના દિને ભેટ આપવાનું નક્કી કર્યું.

'માધિયાની વહુ'નું રેખાચિત્ર દોરતાં - દોરતાં તેમને કેટલીક ગંભીર વાતોનું શિક્ષણ સહજ રીતે આપ્યું છે. લેખક નવમા ધોરણમાં અભ્યાસ કરે છે. ગામની ભાગોળે આવેલી પાણીની ટાંકી ઉપર 'ગંદવાડ ત્યાં મંદવાડ' સૂત્ર લખે છે. ગામની ટાંકીએ પાણી ભરવા આવતી માધિયાની વહુ અશિક્ષિત છે, અભણ છે. વાંચી શકતી નથી. લેખકને પૂછે છે કે આ શું લખ્યું છે. લેખક વાંચી સંભળાવે છે. માધિયાની વહુનો પ્રત્યુત્તર : ''ભૈ, હાવ હાચી વાત છે તમારી, પણ મૂઉં લોક મહીંથી સુધરે તો હાચી ચોખ્ખાઈ આવે ને ?'' અહીંયા વપરાયેલ શબ્દ 'મહીંથી' કેવો ધારદાર છે ! આપણે સૌ બહારથી ચોખ્ખા દેખાઈએ છીએ પણ અંદરથી કેવા છે તે તો સૌ જાણે છે. લેખકના

શબ્દોમાં : ''અંદરથી સુધરવાની, સાફ રહેવાની એની એ ઉકિતએ મારા જીવનમાં પ્રામાણિકતાનો પહેલો એકડો ઘૂંટાવ્યો છે.'' કેટલું મોટું અવૈધિક શિક્ષણ થયું ! વર્તમાનમાં પણ 'સ્વચ્છ ભારત' અભિયાન ચાલે છે. લેખક જણાવે છે કે ''ખરેખર હું તો 'માધિયાની વહુ'ને ગામનું મોણ સમજું છું. એની વૃત્તિ-પ્રવૃત્તિથી ગામના આરોગ્યમાં, મનરોગ્યમાં સ્વસ્થતા કેળવાય છે એટલે ગામની સંસ્કૃતિમાં આવા પાત્રોની પ્રવૃત્તિઓનો ફાળોય નોંધપાત્ર હોય છે.'' **માધિયાની વહુ તો સ્વચ્છતાનું પ્રતીક છે.**

લેખકના નાના માણસો સાથેના માનવીય અને આત્મીય સંબંધો તેમની સમાજ સાથેની નિસ્બતને ઉજાગર કરે છે. પ્રામાણિક, મહેનતુ, નિઃસ્વાર્થી અને કાર્યદક્ષ વ્યકિતઓને શોધવાનું કાર્ય ખૂબ કઠિન છે પરંતુ લેખકને હાથવગું છે. તેઓ જ્યાં જાય ત્યાં તેવી વ્યકિતઓને શોધી કાઢે છે. એક કોલેજમાં નવા-નવા અધ્યાપક હોવા છતાં 'ચંદુ'ને ઓળખવામાં અગ્રેસર બને છે. શિક્ષણમાં કાર્ય કરતાં કાર્યકરોમાંથી બહુ જ ઓછાને શિક્ષણ સંસ્થાના નોટીસ બોર્ડને નિયમિત રીતે જોવાની ટેવ હોય છે. ત્યાં તો નકામા સરક્યુલર પડી રહે તેવી સમજ છે. નોકરીના પ્રથમ દિવસે જ લેખકની નોટીસ બોર્ડ ઉપર નજર પડી અને કોલેજના પ્રેમમાં પડી ગયા Love at first sight થઈ ગયું. અત્યંત સુંદર મરોડદાર અક્ષરમાં લખાયેલો સુવિચાર : ''દુઃખનું એક દ્વાર બંધ થાય ત્યારે બીજું ખૂલે છે, પરંતુ આપણે બંધ થયેલા દ્વાર તરફ એટલી બધી વાર તાકી રહીએ છીએ કે ખૂલેલા દ્વારનો ખ્યાલ આવતો નથી.'' આ એક ફિલોસોફીકલ વાત સંસ્થામાં નવા જોડાયેલ અધ્યાપકના મનમાં સોંસરી ઉતરી ગઈ અને શરૂ થઈ શોધખોળ સુવિચાર લખનારની ! અને તેમને પ્રાપ્ત થયો કોલેજનો સેવકભાઈ ચંદુ. તેમને ચંદુ સાથે મૈત્રીનો નાતો કેળવી લીધો. ચંદુ કોલેજમાં આવે ત્યારે ઘડિયાળમાં દસના ટકોરા હોય જ ! નિષ્ઠાવાન પ્રાધ્યાપક જ સેવકભાઈની મહેનત, ખંત, સમયપાલન અને વફાદારીને ઓળખી શકે. અહીંયા પણ તેમજ બન્યું. નિયમિત રીતે ઉમદા, મંથનયુકત અને ચિંતનશીલ સુવિચારો લખતા ચંદુનું એક વર્ષે કોલેજના વાર્ષિકોત્સવ નિમિત્તે મુખ્ય મહેમાનને હસ્તે સન્માન કરવાનું નક્કી થયું અને તે પ્રમાણે થયું. લેખક, આચાર્યશ્રી અને સંચાલક મંડળને અભિનંદન આપવા ઘટે કારણ કે આવી પાયાની કેળવણી આપતી વ્યકિતઓની વાતોને ભાગ્યે જ શિક્ષણ જગતમાં નોંધ લેવાય છે. લેખકે ચંદુના એટલા બધા સુવિચારોના અમીછાંટણાં કર્યા છે કે કોનો ઉલ્લેખ કરું અને કોનો ટાળું ? તેમ છતાં (૧) બોલવાની પીડા કરતાં ચૂપ રહેવાની પીડા ઘણી વધારે સારી છે. (૨) વ્યકિત પોતાની દ્રષ્ટિ છોડીને બીજાની દ્રષ્ટિથી જગત જુએ તો અડધું જગત શાંત થઈ જાય. બીજા સૃવિચારને પકડીને લેખકે ચંદુ ઉપર વીતેલ વાતને સુપેરે વર્ણવી છે. પુસ્તકમાં તે વાંચવાનું કામ વાચક ઉપર છોડી દઉં ? **ચંદુ સમયપાલન અને જ્ઞાનના પ્રસારનું પ્રતીક છે.**

પ્રત્યેક વ્યકિત વિશે વાંચતા શરૂઆત કંઈક અલગ રીતે થાય છે અને અંત અણધાર્યો આવે છે. લેખકની ભાષા ઉપરની પકડ અને તેનો સુયોગ્ય ઉપયોગ વાચકને પુસ્તક વાંચવા મજબૂર કરે છે. ગામમાંથી કે શહેરમાંથી - લેખક જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંથી આવા ઉત્તમ પાત્રો તેઓ શોધી શકયા છે. લેખકનું વ્યકિતત્વ માયાળું, ખંતીલું અને માનવીય અભિગમાત્મક છે. સાથીઓના ઉત્કર્ષમાં રસ ધરાવે છે. પ્રત્યેક વ્યકિતમાં કાંઈક સારું પડયું જ છે તેવી જબરદસ્ત શ્રદ્ધા ધરાવતા હોવાથી આપણને એક ઉત્તમ પુસ્તક પ્રાપ્ત થયું છે. વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં સામેલ પામ્યું છે તે જ તેના ઉત્તમપણાની સાબિતી છે.

લેખકે માત્ર મિત્રો કે સાથીઓના જ નહીં પરંતુ સ્વજનોના પણ ચરિત્રચિત્રણો કર્યા છે. તેઓશ્રીએ તેમના દાદા 'શંકરજી'નું કરેલું રેખાચિત્ર વાંચ્યા પછી તો લેખકના પિતા અને દાદાને પ્રણામ જ કરવા પડે. શંકરજીને ગામના લોકો 'ઢબોભા'ના નામથી ઓળખે. શીર્ષક વાંચવામાં તકલીફ પડે તેમ છે કારણ 'ઢબોભા' શબ્દ થોડો અટપટો લાગે છે. ઢબોભા પાગલ પત્નીને જાતે રસોઈ બનાવી ખવડાવતા. પોતે તો એક ટંક જમતા. પરંતુ પત્નીની ખૂબ કાળજી રાખતા. બહારગામ જાય તો પાડોશીને ત્યાં જમવાનું બનાવીને મૂકી આવે અને પત્નીને યોગ્ય સમયે ખાવાનું મળે તેની કાળજી રાખતા. પત્નીને 'મેમાંન હેંડો, ખાઈ લ્યો' કહીને પ્રેમથી જમાડે. આખું ગામ કહે 'ઢબોભા' એટલે 'ઢબોભા'. જમીન-જાગીર ખરાં પણ દોલો જીવ. માકોરમાએ કરેલી વાત પરથી લેખકને દાદાની શાંત પ્રકૃતિનો પણ ખ્યાલ આવેલો. ગામમાં આવતા રામલીલાવાળાઓ, બજાણિયાઓ, ખેલ કરવાવાળા, બહુરૂપી, નાગાબાવા, વહીવંચા, તરગાળા, મદારી અને વસવાયા તમામ ઢબોભા પાસે આશાએ આવતા અને આશા પૂરી કરતા. એક દિલેર દાદાના પૌત્રએ આપણને એક ઉત્તમ પુસ્તકની ભેટ આપી ! **ઢબોભા એટલે આદર્શ દાંપત્યજીવનનું પ્રતીક.**

સામાન્ય રીતે છેલ્લા ત્રણ-ચાર દસકામાં 'નાનું કુટુંબ, સુખી કુટુંબ'નું સૂત્ર ખૂબ ગાજ્યું, અમલીકરણ પણ થયું. આપણે સંયુકત પરિવારની વિભાવના, આદર્શને કોરાણે મૂકી બેઠા. લેખકે 'જાડિયો જમાદાર'ના પાત્રલેખન દ્વારા સૌને ભેગા રહી પ્રેમ વહેંચવાનો આદર્શ સમજાવ્યો છે. ગામની અલ્પ પછાત જ્ઞાતિમાંથી આવતો જાડિયો સમાજના અન્ય લોકોથી અલગ તરી આવે છે. અનેક પ્રકારની કુટેવો સાથે પણ તે પોતાની મહેનત – પ્રામાણિકતાને કારણે ગામમાં સૌનો પ્રીતિપાત્ર બને છે. બે પત્ની અને નવ બાળકોનો મોટો સંસાર નિભાવતો આ જાડિયો તમામને અદ્ભુત રીતે સાચવે છે. લેખકના શબ્દોમાં : ''જૂની લાડુ અને નવી કૉન્તા. આ બે સદ્ભાગી સ્ત્રીઓને પણ મેં જોઈ છે – ઓળખું છું. નવી-જૂની-ડાહ્યો ત્રણેયને સાથે બીડીઓ પીતાં જોયાં છે. હસતાં જોયાં છે ત્યારે જીવનરથના બે પૈંડા''ની વાત મને એમના સંદર્ભે ખોટી લાગી છે. બે સ્ત્રીઓ શોકય હોય તો ઈર્ષાળુ જ હોય તે વાત અહીંયા ખોટી પડે છે. બંનેના હળીમળીને રહેવાના વ્યવહારો વાંચતા આંખ ભીની થાય છે. બીજી સ્ત્રી સાથે લગ્નની પરિસ્થિતિ કેવી રીતે ઊભી થઈ તે વાંચીએ ત્યારે તો જાડિયો આપણને એક સદ્ગૃહસ્થથી પણ વધારે ઊંચો છે તેમ સમજાય છે. લેખકના શબ્દો :

'બે જાણીઓ ઝઘડે ખરી?'
'એ તો એવું છ ન... બે અજૉણ્યાં કૂતરાં ભેગૉ થાય તો થોડું ભહેઅ – પસી બધું રાગે પડી જાય...'
જાડિયો પોતાના દોષોથી જાણકાર છે તે જ તો તેનું જમા પાસું છે. છેલ્લે લેખકના કેટલાંક નોંધનીય વાકયો :
– કેટકેટલી મુદ્રાઓમાં મેં એને જોયો છે.
– એના સંયુકત કુટમ્બનું જબરદસ્ત આકર્ષણ મને રહ્યું છે.
– બધાં એક બીડીમાં એક્ક ફૂંક મારીને એવી તો લિજ્જત માણે છે.

**જાડિયો જમાદાર સંયુકત કુટુંબના વડીલનું ખાનદાન પ્રતીક છે.**

અગાઉના સમયમાં ગામડાંઓમાં નાટક મંડળીઓ આવતી. હરિભાઈને નાટક જોવાનો ગાંડો શોખ. તે સમયનું પ્રખ્યાત નાટક 'શેણી વિજાણંદ'નું હરિભાઈને ઘેલું લાગેલું, સાતવાર જોયેલું. તેઓને શેણીનું પાત્ર કરતી 'રેણુકા' ખૂબ ગમી ગયેલી. તે રેણુકાના એક તરફી પ્રેમમાં પડી જાય છે. પોતાના ખેતરમાં લીમડાના થડિયે તેનું નામ કોતરેલું. મંદિરની ભીંત ઉપર પણ નામ લખેલું. તે ગાતી હતી તે ગીત 'હટા દે ઘૂંઘટ દિખા દે મુખડા'ના હરિભાઈ આશિક. સૌ હરિભાઈ પાસે 'હટા દે ઘૂંઘટ' વાળું ગીત ગવડાવી તેને ચીડવતા. ત્યારે વાંઢા રહી ગયાની તેમને વેદના થતી. પરંતુ ''એમના જીવનમાં કયારેય કોઈ ડાઘ પડયો નથી.'' રેણુકાના તમામ નાટકના સંવાદો તેમના મોઢે છે. થોડાક સમય બાદ બાજુના ગામમાં આવેલી નાટક મંડળી 'શેણી વિજાણંદ' ભજવે છે. લેખક અને હરિભાઈ જોવા જાય છે. શેણીના પાત્રમાં રેણુકાને ન જોતાં હરિભાઈ નિરાશ વદને નાટક મંડળીના માલિક પાસે જઈ રેણુકાની તપાસ કરતાં જાણવા મળે છે કે તેનું અવસાન થઈ ગયું છે. હરિભાઈની આંખ આસુંથી છલકાઈ ઊઠી. લેખક : ''ડોકી હલાવતા હરિભાઈના ચહેરા પર વ્યાપી વળેલી નિરાશા, વેદનાને હું આજેય ભૂલી શકયો નથી.'' હવે તેને કોઈ વાંઢો કહી ચીડવતું નથી. એકપક્ષી ઉદ્દાત પ્રેમ, લાગણી, સન્માન એક ઓછી બુદ્ધિના વ્યકિતના જીવનમાં પણ ભારોભાર હોય છે તે વાતની હરિભાઈએ સાબિતી આપી છે. **હરિભાઈ એક નિષ્કામ-વાસના રહિત પ્રેમનું પ્રતીક છે.**

લેખકમાં જીજ્ઞાસાવૃત્તિ અને સંશોધનાત્મક માયાળુ સ્વભાવ બહુ નાની ઉંમરે વિકસેલો નજરે પડે છે. તેઓ કોલેજનો અભ્યાસ કોલેજની હોસ્ટેલમાં રહીને કરતા હોય છે ત્યારે ત્યાંના 'ગુરખાજી'ના પરિચયમાં આવે છે. ગુરખો તેમનો મિત્ર, કેરટેકર અને મદદનીશ પણ બને છે. ગુરખાજીની નોકરીની શરૂઆત કોલેજના સ્થાપના સમયથી થયેલી છે. સંસ્થા સાથે એક આત્મીય સંબંધ બંધાઈ ગયો હોય છે. તેથી સીધી જવાબદારી નહીં હોવા છતાં તે સંસ્થાના બગીચાની જાળવણીની જવાબદારી પણ નિભાવે છે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થી જેટલા વાગે વાંચવા ઊઠવાનું જણાવે તેટલા વાગ્યે તે રૂમને ખખડાવી વિદ્યાર્થીને જગાડતો. ગુરખાજી સતત તેની સાથે એક નેતરની સોટી – લાકડી રાખતા હતા. તેઓ તે લાકડી કોઈને આપતા નહીં. તેનો કદી કોઈને મારવામાં ઉપયોગ કરતા નહીં. લેખકે તે આપવા માટે ગુરખાજીને વારંવાર વિનંતી કરી. છેવટે ન આપવાનું રહસ્ય જાણવાનો પ્રયત્ન કરતાં દર્દ ભરી દાસ્તાન જાણવા મળી. ગુરખાની એક દીકરી હતી, જેને આ લાકડી ખૂબ ગમતી હતી. તે તેનાથી રમતી હતી. દીકરી ખૂબ પ્યારી હતી. તેને પેટની બિમારી લાગુ પડી ગઈ. ખૂબ દવા કરી પરંતુ કમનસીબે તે મૃત્યુ પામતાં તે લાકડી તેને માટે પુત્રી બનીને સચવાઈ રહી હતી. ગુરખાની ફિલસૂફીની વાતો : (૧) સાબ કરમકા બદલા યહાં હી મિલનેવાલા હૈ, (૨) પૈસેવાલે કે ઘરસે હી ખરાબી શુરૂ હોતી હૈ, (૩) દુનિયા મેં સબ જગહ અંધા કાનૂન હૈ લેકિન ઉપરવાલે કી કોરટ

બરાબર મજબૂત હે, કયા સા'બ બરાબરને ! લેખક કહે છે - 'જીવનનું સાચું સત્ય હું એની પાસેથી શીખ્યો હતો.' **ગુરખાજી એક ફિલસૂફીનું પ્રતીક છે.**

કેટકેટલા વ્યકિતત્વોની રસલ્હાણ લેખકે કરાવી છે ! તેમાંથી કયા લઉં અને કયા છોડું તે મને સમજાતું નથી. પરંત છેલ્લે 'મનસુખ મદારી'ની દરિયાદિલીની વાત કરીને અટકીશ. મનસુખ મદારી ગામની તમામ સમસ્યાઓનો ઉકેલ લાવતો ન્યાયાધીશ. માત્ર એક વ્યકિતના લશ્કર જેવો મનસુખ મદારી. એક નાસી ગયેલી સ્ત્રીની મિલ્કત બાબતે મનસુખ મદારી ઉપર ખોટો કોર્ટ કેસ થાય છે. પરંતુ તેમાં તેની જીત થાય છે. તે ગામના સૌ નાગરિકોની માફી માંગે છે અને મેળવેલ સંપત્તિ રામજી મંદિરને અર્પણ કરી દે છે. તે દિવસથી તેનું મહત્ત્વ વધી ગયું. ત્યારબાદ તે વિસ્તારના ગમે તેવા વણ ઊકલ્યા પ્રશ્નોનો, ઝઘડાઓનો એ ઉકેલ લાવે છે. તે ગ્રામ્યજનોના વિશ્વાસનો દુરુપયોગ કરવાનું સ્વપ્નમાંય વિચારતો નથી. પરંતુ તેના દીકરાઓ વચ્ચે મિલકત બાબતે ઝઘડાઓ થાય છે. કોઈ તેને પૂછે છે કે તારા કુટુંબમાં જ આવું કેમ બન્યું ? ત્યારે ખિન્ન મનથી તે ઉત્તર આપે છે : ''ભૈ, જ્યારે હથેળીમાં કાંટો વાગે છે ત્યારે એ હાથનો અંગૂઠો એ કાંટો કાઢવા કોમમાં આવતો નથી.'' કેટલું મોટું સનાતન સત્ય છે ! મનસુખ ખરેખર મન-સુખ છે. **મનસુખ એક સાચા સમાજસેવકનું પ્રતીક છે.**

મોટા માણસોના જીવનચિત્રો લખવા સરળ છે. કારણ કે તેમના જીવનમાં ઘણું નોંધવા જેવું પડયું હોય છે પરંતુ ''નાના માણસોની મોટી વાતો'' શોધનારે તો ધૂળધોયાનું કામ કરવું પડે છે. તેમાં લેખકશ્રી ભગીરથભાઈ સંપૂર્ણપણે સફળ થયા છે. તેનો આનંદ છે અને અભિનંદન તો ખરાં જ ! ''અભ્યાસ લેખો'' શીર્ષક હેઠળ ગુજરાતના સુપ્રસિદ્ધ લેખકોએ પુસ્તક વિષે લેખ લખ્યા છે.

એકત્રીસ પ્રકરણોમાં એકત્રીસ શબ્દો ચિત્રો છે. પ્રત્યેક વ્યકિત કોઈક એક આદર્શનો પ્રતીક છે. અત્યંત પ્રેરણાદાયી વ્યકિતચિત્રો મારફત લેખકે સમાજને ખૂબ મોટો સંદેશો પહોંચાડયો છે. વર્તમાન સમયમાં મૂલ્યોનું ધોવાણ થઈ ગયું છે, પ્રામાણિકતા અને નિષ્ઠા અદ્દશ્ય થઈ ગયા છે અને નીતિમત્તા ખાડે ગઈ છે ત્યારે તો આ પુસ્તક અત્યંત ઉપકારક બને છે. આવું 'પ્રેરણાદાયી પુસ્તક' બે દસકા પહેલાં સાહિત્ય જગત અને સમાજને ચરણે ધરવા બદલ શ્રી ભગીરથભાઈને ખોબલે ખોબલે અભિનંદન પાઠવતાં અત્યંત આનંદની લાગણી અનભવું છું.

મેનેજિંગ ટ્રસ્ટી, ઍમિટી શૈક્ષણિક સંકુલ, ભરૂચ.
સંપર્ક સૂત્રઃ ૯૯૭૯૮૮૧૬૩૧
ઈ-મેઈલ : shah_ranchhod@yahoo.com

।। વિદ્યાવૃત્ત ।।

## બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ''આત્મનિર્ભર ભારત હેકાથોન'' નો પ્રારંભ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે માનવ સંશાધન વિકાસ મંત્રાલય (ભારત સરકાર), ગવર્નમેન્ટ ઓફ ગુજરાત, TEQIP-III, BVM SSIP Cell અંતર્ગત તા.૦૯-૦૭-૨૦૨૦ ના રોજ ''આત્મનિર્ભર ભારત હેકાથોન'' નો પ્રારંભ કરવામાં આવ્યો. જેના ઉદ્દઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ડો. એસ.જી.પટેલ (માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ ), ડો. પી.એમ.ખોડકે (સેન્ટ્રલ પ્રોજેક્ટ એડવાઈઝર, NPIU), એન્જિનીયર ભાસ્કર ત્રિવેદી (ડિરેક્ટર,૫ રફેક્ટ VIPs), એન્જિનીયર તેજસ વાઘેલા (GM/ડિરેક્ટર, SLS), ડો. ઈંદ્રજિત એન.પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ ), ઈવેન્ટ કોર્ડીનેટર્સ ડો.ભાર્ગવ ગોરડિયા (નોડલ ઓફિસર, SSIP BVM) તથા ડો. રાજવીરસિંહ રાણા (કોર્ડીનેટર,SSIP BVM ), ડો. ઝંખના શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# संस्कृति और साहित्य

**अनु मेहता**

संस्कृति और साहित्य दोनों का जीवन में अत्यधिक महत्व है और दोनों ही के पीछे सृष्टि और दृष्टि महत्वपूर्ण स्थान रखती है। इस सृष्टि की बात करें तो हम जानते हैं कि हमारा ब्रह्मांड जिसका जन्म लगभग कई अरब -करोड़ वर्ष पहले माना जाता है, इतना बड़ा है कि वह हमारी कल्पना के बाहर है । इस ब्रह्मांड में समस्त ऊर्जा, सारा समय, सभी ग्रह, नक्षत्र, तारे, आकाशगंगा, अंतरिक्ष की संपूर्ण अंतर्वस्तु सम्मिलित है । इस ब्रह्मांड में एक गैलेक्सी है जिसे आकाशगंगा, मिल्की वे(क्षीर मार्ग) कहते हैं, उसमें हमारा सौरमंडल है । सौरमंडल में सूर्य, ग्रह, उपग्रह, धूमकेतु, उल्कापिंड आदि शामिल है ।इस सौरमंडल का एक महत्वपूर्ण एवं अद्भुत ग्रह है- पृथ्वी, इसीलिए अद्भुत है क्योंकि इस ग्रह पर जीवन संभव है। कहा जाता हैं कि पृथ्वी लगभग ४.५२ बिलियन वर्ष पहले बनी, उस पर जीवन आया ४.२८ बिलियन वर्ष पहले। (पहले एक कोशिकीय जीव बने, फिर इसके बाद समय चक्र के साथ-साथ बिना रीढ वाले जंतुओं से रीढ वाले जंतुओं का विकास हुआ। फिर इन्हें कई समूहों में बांटा गया, जिनमें होमोसेपियंस यानी स्तनधारी, उभयपर आदि आते हैं) ।आधुनिक मानव लगभग कुछ लाख वर्ष पहले आया, ऐसा माना जाता है, 'जो विकास के कई अवस्थाओं से गुज़रता हुआ पाषाण, तांम्र, रजत स्वर्ण, अस्त्र-शस्त्र आदि के युग को पार करता हुआ शिक्षित-दीक्षित होकर विज्ञान से सज्ज हो, डिजिटल युग में अत्याधुनिक मानव के रूप में आ खड़ा हुआ है।'

हम जानते हैं कि पूरी पृथ्वी सात महाद्वीपों में विभाजित है - एशिया, अफ्रीका, उत्तरी अमेरिका, दक्षिण अमेरिका, ऑस्ट्रेलिया, यूरोप, अंटार्कटिका । इन सातों महाद्वीपों में सबसे बड़ा महाद्वीप एशिया है और सबसे छोटा महाद्वीप है ऑस्ट्रेलिया। और इस एशिया में स्थित है, हमारा भारत है, जो अपनी भारतीय संस्कृति के लिए पूरे विश्व में प्रतिष्ठित है। भारतीय संस्कृति विश्व की प्राचीनतम और समृद्ध संस्कृति है। सर्वप्रथम अगर हम अपने देश के नाम की बात करें तो 'भारत' शब्द का अर्थ भी उसकी सांस्कृतिक विशिष्टता को ध्वनित करता है । 'भा' शब्द का अर्थ है- प्रकाश और भारत का अर्थ है प्रकाश में रत । यही हमारी संस्कृति है, संस्कार,भाव और ज्ञान के प्रकाश की ओर अग्रसर, उसमें लीन।

विज्ञान की एक थियरी ब्लैक होल बिंगबैंग के अनुसार विज्ञान मानता है कि एक विस्फोट से सृष्टि, पृथ्वी, सूर्य, चंद्रमा उत्पन्न हुए । किन्तु ख़ास बात यह है कि हमारी संस्कृति, हमारे वेद, ऋग्वेद ये कहते हैं कि ब्लैक होल और बिग बैंग से पहले भी कुछ था, एक तत्व था, एक चेतना थी, जो देश, समय, काल से परे थी । उस चेतना से सूरज, चांद, पृथ्वी बने। इसी से प्रकृति, पहाड़ रेगिस्तान पशु, पक्षी, प्राणी, मानव बना । भारतीय दर्शन में उस चेतना के लिए एक शब्द है तत्व। तत्व यानि ब्रह्म । यानी तत्वमसि अर्थात वह तुम ही हो। साथ ही भारतीय दर्शन यह भी कहता है, अहम् ब्रह्मास्मि यानी मैं ब्रह्म हूं। अर्थात हम सब एक ही तत्व से जुड़े हैं। हम सभी मैं एक ही तत्व हैं। ब्रह्मांड में जो कुछ भी है, वह एक दूसरे से जुड़ा हुआ है । अंतर संबंधित है । भारतीय दर्शन ने तत्व को ब्रह्म का नाम दिया, जो चेतना है, अनंत है। हम सब में पांच तत्व हैं, बस रूप का ही भेद है । यह विभिन्नता ही जीवन का स्पन्दन है और भारतीय संस्कृति की विशेषता है। सर्वजन हिताय की दृष्टि उसका आधार है ।

संस्कृति किसी भी देश, राष्ट्र, जाति, समुदाय की पहचान है, उसकी आत्मा है । संस्कृति देश की अस्मिता, गौरव, आदर्श, जीवन मूल्यों और समस्त संस्कारों की परिचायक होती है । 'संस्कृति मानवता का आधार है । संस्कृति वस्तुतः दूसरों के साथ व्यवहार करने का तरीका है, विचार, मान्यताएं, परम्परा, प्रथा जिसे हम मानते हैं, साहित्य, विविध, कलाएं, शिल्प, धर्म, तीज-त्यौहार, मेले, संगीत, नृत्य आदि सभी संस्कृति का हिस्सा है।'

सभ्यता और संस्कृति में अंतर है। 'सभ्यता संस्कृति का अंग है सभ्यता से मनुष्य के भौतिक विकास का बोध होता है जबकि संस्कृति व्यक्ति के मानसिक क्षेत्र की प्रगति का पता कराती है। सभ्यता से किसी संस्कृति की बाहरी चरम अवस्था का बोध होता है।' जिसबर्ट ने बहुत खूबसूरती से कहा है कि सभ्यता बताती है कि हमारे पास क्या है और संस्कृति यह बताती है कि हम क्या हैं।

भारत की संस्कृति इतनी समृद्ध है कि कहा जाता है कि आज से ५००० वर्ष पूर्व जब विश्व में कई सभ्यताएं भटकता जीवन व्यतीत कर रही थी तब भारत में सिंधु

घाटी उन्नति के शिखर पर थी । इस सृष्टि में जिसमें जीव है निर्जीव है – दूसरे से जुड़े हैं तथा उनसे अनुभव जुड़ा है और अनुभव का शंचित रूप ज्ञान है। ''भारतीय संस्कृति, सभ्यता और वेदों ने ऐसे कई हजार वर्ष पूर्व पॉइंट, जीरो, नंबर सिस्टम, नेविगेशन, कैलेंडर से लेकर नृत्य, गायन, वादन. सभी कलाओं के साथ-साथ आध्यात्मिकता, खगोल शास्त्र, साहित्य, विज्ञान, इंजीनियरिंग, गणित, कृषि, व्यापार वाणिज्य और चिकित्सा विज्ञान का प्रमाणित ज्ञान दिया है।''

भारतीय संस्कृति में ऐसी अनेक विशेषताऐ हैं । इसमें भारतीय चिंतन और अध्यात्म की श्रेष्ठ अभिव्यक्ति, मानव मूल्यों का विकास, सर्वधर्म समभाव, विविधता में एकता, वसुधैव कुटुंबकम, सर्वजन हिताय, मातृ-पितृ देवो भव, अतिथि देवो भव, गुरुदेवो भव और सबसे ऊपर 'जीओ और जीने दो' की सुंदर भावना निहित है। भौगोलिक, सामाजिक, धार्मिक, भाषिक विभिन्नताओं से जुडी इस संस्कृति के लिए यह विभिन्नता ही जीवन की खूबसूरती है और भारतीय संस्कृति की विशेषता है। कहा जाता है, 'यहां मन को शांति देने वाले महावीर और बुद्ध के विचार हैं, जीसस की प्रेयर है, वाहेगुरु की अरदास है, रहीम की खीर है और राम का प्रसाद है । एकता में अनेकता की इससे बेहतरीन मिसाल शायद ही कहीं और होगी।''

भारत की संस्कृति आदर, सत्कार और अभिवादन की संस्कृति है, अभिनंदन की संस्कृति है, आभार की संस्कृति है, आशा की संस्कृति है, आस्था की संस्कृति है, अध्यात्म की संस्कृति है, मानव मूल्यों, मानवीय गुणों, प्रेम और करुणा की संस्कृति है, विश्व बंधुत्व, समन्वय, साधना, समभाव, सहिष्णुता, संस्कारों, संयम, स्वानुशासन, सबके कल्याण में विश्वास रखने वाली संस्कृति है, परंपराओं को संजोकर रखने वाली संस्कृति है, रंग, प्रकाश, पर्व त्योहारों की संस्कृति है, त्याग, तपस्या की संस्कृति है, देश प्रेम, भारत को माता मानने वाली, पर्यावरण, प्रकृति को सम्मान देने वाली संस्कृति है, स्त्री को पूजनीय समझने वाले अर्धनारीश्वर के फलसफे वाली संस्कृति है, पर्यावरण का रक्षण-संवर्धन करने वाली वन-उपवन की संस्कृति है, संतों, महापुरुषों, ऋषि-मुनियों, वीर पुरुषों, देश भक्तों की संस्कृति है, लोक-परलोक की चिंता करने वाली संस्कृति है, कर्म का सन्देश कर्तव्य की प्रेरणा देने वाली, पूरे देश के लिए एक उदाहरण के रूप में सिद्ध होने वाली अखंड और भव्य संस्कृति है, यह विश्व के सबसे बड़े लोकतंत्र, हमारे भारत की संस्कृति है ।

अब बात करतें हैं साहित्य की । साहित्य और संस्कृति के एक ही सिक्के के दो पहलू हैं । हमें भारतीय संस्कृति के संदर्भ में इतिहास, दर्शन, धार्मिक ग्रंथों और साहित्य आदि से बहुत जानकारी मिलती है। साहित्य में 'हित' के साथ 'सह' का भाव जुडा हुआ है । माना जाता है, 'भारतीय संस्कृति की भव्यता, अखंडता और दीर्घ जीवन का कारण जीवन में भावना, साहित्य और दर्शन को यथोचित स्थान प्रदान करना है।' साहित्य संस्कार सिंचन करता है, भावों की रक्षा करता है, संवेदनाओं का विस्तार करता है । यह मनुष्य को साहस, समझ, बल प्रदान कर स्वस्थ व्यवस्था खड़ी करने में मदद है । यह समाज की समस्याओं की शिनाख्त ही नहीं करता बल्कि समाधान की ओर भी निर्देश करता है । साहित्य बुराइयों का विरोध कर मानवता हेतु जीवन मूल्यों का पोषण कर मानव का विकास करता है। अच्छे बुरे का विवेक प्रदान कर समाज को संतुलित बनाता है। साथ ही साथ साहित्य आनंद प्रदान करता है। भारतीय काव्यशास्त्र में काव्य से प्राप्त आनंद को ब्रह्मानंद सहोदर कहा गया है ।

साहित्य मनुष्य को सकारात्मकता की ओर ले जाकर भी भीतरी प्रदूषण से बचने की ताकत देता है। यही अनुभूति को सहानुभूति में रूपांतरित कर मानवता का पोषण करता है । साहित्य प्रश्न भी उठाता है, जवाब भी देता है। विविध विधाओं के माध्यम से वह भारतीय संस्कृति के उतमांशों से युवा पीढ़ी को परिचित करवा कर मार्गदर्शन देता है । साहित्य समाज-जीवन की आवश्यकता और सभ्यता-संस्कृति की नींव है, परिवर्तन का वाहक है। साहित्य में सत्यम, शिवम, सुंदरम का सुभग समन्वय मिलता है। साहित्य जीवन को समृद्ध बनाता, समता और सदभावना की राह पर चलता हुआ पीड़ित-शोषित-उपेक्षित और हाशिएकृत मानव के उद्धार की पैरवी करता हुआ मानवता के कल्याण के लिए प्रवृत रहता है और भारतीय संस्कृति के सरंक्षण-संवर्धन का कार्य करता है । यह हमारे भारतीय साहित्य की विशेषता है, फिर चाहे वह किसी भी भाषा का साहित्य हो।

१९वीं सदी के मध्य साहित्य के आधुनिक काल का आरम्भ होता है और यह नवजागरण का काल है । इस काल के साहित्य में हमें समय-समय पर देशप्रेम, राष्ट्रीय

भावना, देश की स्वतंत्रता के सरोकार, चिंता, सामाजिक चेतना, रहस्यवाद, अध्यात्मवाद, प्रकृति प्रेम और विविध रूपों का वर्णन, निज भाषा गौरव, मानव कल्याण, कुरीतियों का विरोध मानव जीवन की समस्याओं का अंकन, उसकी आशाओं-आकाक्षाओं की अभिव्यक्त, मानव मूल्य, स्त्री सशक्तिकरण, दलितोद्धार, साम्प्रदायिकता का विरोध, समाज सुधार आदि अनेक विषयों के सुंदर और यथार्थ दर्शन होते हैं।

२१वीं सदी के साहित्य की बात करें तो हम देखते हैं कि जिस प्रकार हमारी संस्कृति मानव की बेहतरी में विश्वास रखती, सर्वजन हिताय में विश्वास रखती है, सब सुखी-स्वस्थ रहें, इसकी चिता करती हैं, बात को ध्यान में रखते हुए आज के साहित्यकार विविध विमर्शों जैसे स्त्री विमर्श, दलित विमर्श, आदिवासी विमर्श, किन्नर विमर्श, पर्यावरण विमर्श, महानगरीय विमर्श, वृद्ध विमर्श, बाल विमर्श, प्रवासी विमर्श आदि विषयों पर अपनी लेखनी चलाकर कोई पीड़ित शोषित या उपेक्षित ना रहे, समता, शांति और सदभाव बना रहे, स्वस्थ संतुलित समाज का निर्माण हो, पर्यावरण का संवर्धन संरक्षण हो, इन सबकी ओर चिन्तन -मनन कर अपने साहित्य सरोकारों और दृष्टि-शक्ति का बोध करवा रहे हैं और अपने साहित्यिक दायित्व का बहुत अच्छे ढंग से निर्वाह कर रहे हैं। निसंदेह संस्कृति और साहित्य दोनों ही जीवन उत्कर्ष हेतु बहुत ज़रूरी हैं। हमें अपनी संस्कृति और साहित्य पर गर्व है।

प्रभारी आचार्य, विभागाध्यक्ष, आनंद इंस्टिट्यूट ऑफ़ पी. जी स्टडीज इन आर्ट्स, आनंद।

**।। વિદ્યાવૃત્ત ।।**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત હોમ સાયન્સ હાયર સેકન્ડરી વ્યવસાયલક્ષી શાળામાં તારીખ ૧૩/૦૭/૨૦૨૦ના રોજ ઓનલઈન પ્રવેશોત્સવ યોજાયો. જેમાં શાળાના આચાર્યા શ્રીમતી સુચિતાબેન ખરાદી દ્વારા વિદ્યાર્થીઓને આવકારી ચારુતર વિદ્યામંડળ તથા સંસ્થા વિષે માહિતી આપવમાં આવી. સાથે સાથે ઓનલાઈન શિક્ષણની માહિતી પણ વિદ્યાર્થીઓને આપવામાં આવી. શાળાના સમગ્ર સ્ટફ દ્વારા સેન્ટ્રલ કમિટિની રચના કરવામાં આવી આભારવિધિ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

**।। વિદ્યાવૃત્ત ।।**

**સી વી એમ યુનિવર્સિટી ની એ. ડી. આઈ. ટી. કોલેજ દ્વારા અનોખી પહેલ**

વલ્લભ વિદ્યાનગરની સીવીએમ યુનિવર્સિટીની એ. ડી. આઈ. ટી. એન્જીનીરીંગ કોલેજ દ્વારા ધોરણ -૧૨ સાયન્સ ના વિદ્યાર્થીઓ ને ખુબ જ ઉપયોગી થઈ શકે તેવા વિવિધ વિષયો પર કુલ ૯૦ જેટલા વિવિધ વેબિનાર નું તાજેતર માં આયોજન કરવામાં આવેલ.

એ. ડી. આઈ. ટી. ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજ ના વિવિધ ડિપાર્ટમેન્ટ્સ જેવા કે ઑટોમોબાઈલ, સિવિલ, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રીક, ઇલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યૂનિકેશન, ફૂડ પ્રોસેસીંગ ટેક્નોલોજી, ઇન્ફોરમેશન ટેક્નોલોજી અને મિકેનિકેલ એન્જિનિયરીંગ જેવા વિવિધ વિષયો પર વેબિનાર યોજીને લોક ડાઉન જેવા કપરા સમયમાં વિદ્યાર્થીઓને કંઈક નવું શીખવાની તક પુરી પાડીને સમાજમાં એક અનોખું ઉદાહરણ પૂરું પાડેલ છે.

ધોરણ ૧૨ સાયન્સ ના વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી એવી ગુજ-કેટ પરીક્ષા માટે પણ માર્ગદર્શન પૂરું પાડી અને ''મોક ગુજ કેટ'' યોજીને એ. ડી. આઈ. ટી. કોલેજે એક અનોખી પહેલ કરી છે. જેમાં અંદાજિત ૪૫૦થી પણ વધારે સંખ્યા માં વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ કોલેજના પ્રિન્સિપાલ ડો વિશાલ સિંઘ, સી.વી.એમ.ના અધ્યક્ષશ્રી ભીખુભાઇ પટેલ, તથા સી.વી.એમ.ના અન્ય વિવિધ હોદ્દેદારો એ અભિનંદન પાઠવ્યા હતા.

## યુવાવર્ગ અને રમત જગત

**પી. ડી. શર્મા**

યુવાવર્ગનો રમતજગત સાથે સીધો જ સંબંધ છે. રમતગમત દ્વારા યુવાશક્તિનો વિકાસ થાય છે. એટલું જ નહિ પણ રમતગમતમાં ભાગ લઈને યુવાશક્તિનો સર્વશ્રેષ્ઠ રીતે ઉપયોગ કરી શકાય છે. એટલા માટે જ સામ્યવાદી દેશો જેવા કે રશિયા, ચીન વગેરેમાં રમતગમત ઉપર ખૂબ જ વધારે ભાર મુકવામાં આવે છે. જર્મનીમાં મારા અભ્યાસ દરમિયાન મેં નજરે જોયું હતું કે ત્યાં 'જેટલાં વધારે રમતનાં મેદાનો એટલાં ઓછાં દવાખાનાં' એવા સૂત્ર પ્રમાણે રમતગમતની સુવિધાઓ પાછળ ત્યાંની સરકાર વધારેમાં વધારે ખર્ચ કરે છે અને એટલા માટે જ આજે જર્મની રમતગમત ક્ષેત્રે વિશ્વમાં આગળ છે. આજે તો પશ્ચિમના દેશોમાં કમ્પ્યુટરની મદદથી રમતગમતનું કોચિંગ આપવામાં આવે છે અને તેની મદદથી ભવિષ્યનો ચેમ્પિયન પણ શોધી શકાય છે.

### દેશની કરોડરજ્જુ

યુવાવર્ગ દેશની કરોડરજ્જુ છે. યુવાન શક્તિનો ભંડાર હોય છે. કોઈ પણ દેશ યુવાપેઢીની અવહેલના કરીને પ્રગતિ સાધી શક્તો નથી. એટલા માટે જ ઈતિહાસ સાક્ષી છે કે વિશ્વમાં ક્રાંતિકારી પરિવર્તનોની પાછળ યુવાવર્ગનો જ મહત્ત્વનો ભાગ રહ્યો છે. આજે વિશ્વના વસ્તીગણતરીના આંકડા પ્રમાણે સૌથી વધુ યુવાપેઢીની વસ્તી ભારત ધરાવે છે અને જો આ યુવાપેઢીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો ૨૧મી સદીમાં ભારત વિશ્વમાં એક આગળ પડતો દેશ બની શકે છે. એટલું જ નહિ પણ ભારત જેવા વિકાસશીલ દેશ માટે યુવાશક્તિનો ઉપયોગ સમાજોપયોગી કાર્યોમાં થાય તે ખૂબ જ જરૂરી છે. દેશની કેટલીક અગત્યની સમસ્યાઓ જેવી કે નિરક્ષરતા, દહેજ, વસ્તીવધારો વગેરેને નિવારવામાં યુવાપેઢી મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે.

### રમતો દ્વારા વ્યાયામ

રમતો દ્વારા વ્યાયામ કરવાની પદ્ધતિને સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે. એનું કારણ એ છે કે રમતો દ્વારા શરીરના દરેક અવયવને કસરત અને સાથેસાથે મનોરંજન પણ મળી શકે છે. એટલા માટે જ વિશ્વનાં અબજો લોકો રમતગમતમાં પ્રત્યક્ષ રીતે ભાગ લેતાં હોય છે. એટલું જ નહિ પણ આંતરરાષ્ટ્રીય ખેલાડીઓને તો ન કલ્પી શકાય તેવી લોકપ્રિયતા મળે છે તથા સાથે સાથે ન કલ્પી શકાય તેટલી રકમ પણ મળે છે. એટલા માટે જ આજે તો ઘણા સારા ખેલાડીઓ રમતગમતને 'વ્યવસાય' તરીકે અપનાવી અઢળક કમાણી કરે છે. આ રીતે જોઈએ તો આજે રમતોમાં ભાગ લેવાથી ફક્ત શરીરને કસરત જ નથી મળતી, પરંતુ સાથે સાથે લોકપ્રિયતા તેમજ મોટી રકમ પણ મળે છે.

### જીવનોપયોગી ગુણોનો વિકાસ

રમતગમતમાં ભાગ લેવાથી કેટલાક જીવનોપયોગી ગુણોનો પણ વિકાસ થાય છે, જેવા કે ખેલદિલીની ભાવના, સમૂહભાવના, શિસ્ત, નિયમિતતા વગેરે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી જોઈએ તો મનુષ્યની કેટલીક 'સ્વભાવગત ઈચ્છાઓ' જેવી કે દોડવું, કૂદવું, ફેંકવું, પોતાના વિરોધીને હરાવવો અથવા બીજાઓને પ્રભાવિત કરવા વગેરે રમતો દ્વારા પૂરી કરવામાં આવે છે. એટલું જ નહિ પણ સામાજિક દૃષ્ટિએ પણ 'ફુરસદના સમય'નો સૌથી સારો ઉપયોગ પોતાને મનગમતી રમત રમીને કરવામાં આવે છે. આ બધાં કારણોથી પશ્ચિમના દેશોમાં રમતો ઉપર વધારે ભાર મૂકવામાં આવે છે. આજે યુવાપેઢીને સાચી દિશા બતાવવાની ખાસ જરૂર છે. જે સમાજમાં યુવાવર્ગ દ્વારા આચરવામાં આવતી ભાંગફોડિયા પ્રવૃત્તિ પણ સાચી દિશા તેમ જ યોગ્ય માર્ગદર્શનને અભાવે છે.

### રમતગમત માટે યોગ્ય ઉંમર

રમતગમતનાં કૌશલ્યો શીખવા માટે સર્વશ્રેષ્ઠ ઉંમર ૧૦ થી ૧૬ વર્ષની માનવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ આ સમય દરમિયાન નવી વસ્તુઓ શીખવાની તમન્ના ખૂબ જ હોય છે. જો આ ગાળા દરમિયાન વૈજ્ઞાનિક ઢબે રમતગમતનાં કૌશલ્યો શીખવવામાં આવે તો મોટા થઈને રમતગમત ક્ષેત્રે આ ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સિદ્ધિઓ પ્રાપ્તમાં કરી શકે છે. સ્વિમિંગ અને જિમ્નાસ્ટિકસમાં તો વિદેશોમાં બાળમંદિરથી જ તાલીમ આપવાનું શરૂ કરવામાં આવે છે અને તેથી જ આજે વિશ્વનાં શ્રેષ્ઠ ખેલાડીઓ મોટે ભાગે ૧૪ થી ૧૮ વર્ષનાં હોય છે. રમતગમતના ક્ષેત્રે દેશની પ્રગતિ સાધવી હોય તો નાનપણથી જ રમતગમતની યોગ્ય તાલીમ આપવી જોઈએ.

### રમતગમતનાં સાધનો અને મેદાનોની ઊણપ

વિદેશોની તુલનામાં ભારતીય વિદ્યાલયો અને મહાવિદ્યાલયોમાં રમતગમતનાં સાધનો અને મેદાનોની ઊણપ પણ જોવા મળે છે. એટલું જ નહિ પણ ભારતીય

વિદ્યાલયો તથા મહાવિદ્યાલયોમાં શારીરિક શિક્ષણ તેમજ રમતગમત ક્ષેત્રે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી અને તેથી જ પૂરતી સંખ્યામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડીઓ પ્રાપ્ત થતાં નથી. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો તથા સ્વૈચ્છિક સંસ્થાઓએ આ અંગે નવેસરથી વિચારવું પડશે. કારણ કે ભારત વસ્તીમાં વિશ્વમાં બીજા ક્રમે હોવા છતાં આજ સુધી ઓલિમ્પિક્સ ખેલકૂદમાં (એથ્લેટિક્સમાં) એક પણ ચંદ્રક પ્રાપ્ત કરી શક્યું નથી તથા આજે તો ઑલિમ્પિક્સમાં તથા વિશ્વકક્ષાએ હોકીમાં પણ ભારતનું નામ ભૂંસાતું જાય છે.

**જીવનમાં પ્રગતિ માટે તંદુરસ્ત શરીર**

જીવનમાં દરેક જાતની પ્રગતિ કરવા માટે તંદુરસ્ત શરીર હોવું ખૂબ જ જરૂરી છે અને શરીર સ્વસ્થ રાખવા માટે 'રમતો' ખૂબજ ઉત્તમ વ્યાયામનો પ્રકાર ગણાય છે. કારણ કે રમતો દ્વાર શરીરના બધા અંગોને તથા તંત્રોને એક સાથે વ્યાયામ પ્રાપ્ત થાય છે. એ નિર્વિવાદ છે કે નિરોગી માણસની પ્રગતિ રોગી માણસની સરખામણીમાં ઝડપથી થાય છે. દેશના વિકાસ માટે વધારે ઉત્પાદન થવું જરૂરી છે અને વધારે ઉત્પાદન માટે દેશના નાગરિકોની તંદુરસ્તી સારી હોવી ખૂબજ જરૂરી છે, વિશેષ કરીને ભારત જેવા વિકાસશીલ દેશ માટે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘે ૨૦૦૫ના વર્ષને 'રમતગમત અને શારીરિક શિક્ષણ' વર્ષ તરીકે જાહેર કર્યું હતું. તે પણ યુવાવર્ગ માટે ખૂબ જ આનંદની વાત કહેવાય. કારણ કે એને કારણે ભારત સહિત સમગ્ર વિશ્વમાં રમતગમત અને શારીરિક શિક્ષણના વિવિધ કાર્યક્રમો આયોજિત થયા હતા.

B-1 Swiss Avenue, Patel Colony,
Opp Manekbaug Hall, Ambawadi,
Ahmedabad-380 015.
(R) 079-26564650 (M) 9898870840

**।। વિદ્યાવૃત્ત ।।**

**ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત એન.વી. પાસ કોલેજ ખાતે ઈનોવેશન-સ્ટાર્ટ -અપ આઈ.પી.આર વિષય પર ઈ- ઈમ્પેકટ લેકચર સિરિઝ યોજાઈ.**

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થા નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસના એમ.એચ.આર.ડી. ઈનોવેશન સેલ દ્વારા તાજેતરમાં ઈનોવેશન- સ્ટાર્ટ- અપ આઈપીઆર વિષય પર એમ્.એચ. આર.ડી. ઈનોવેશન કાઉન્સિલની માર્ગદર્શિકા પ્રમાણે ઈ- ઈમ્પેકટ લેકચર સિરિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેકચર સિરિઝ અંતર્ગત ઈનોવેશન- સ્ટાર્ટ- અપ આઈ.પી.આર. જેવા વિષયોના નિષ્ણાતોએ માહિતીસભર વક્તવ્યો ઓનલાઈન માધ્યમ દ્વારા આપ્યા હતા જેમાં આઈ.પી.આર.ડોમેન એક્સપર્ટ ડો.પદમીન બુચ, જી.એસ. બી.ટી.એમ ગાંધીનગરના જોઈન્ટ ડાયરેકટર ડો. આનંદ ભાડળકર, ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી ઈનોવેશન સેલના કો.ઓર્ડિનેટર શ્રી કરણ સરગરા, એસ.એસ.આઈ.પી.જી.બી.આર.સી.ના મેનેજર શ્રી જાવેદ શેખે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકગણને ઈનોવેશનના માધ્યમથી સ્ટાર્ટઅપ અને પછી વ્યવસાયિક બનવા માટેના વિવિધ તબકકાઓ વિષે સવિસ્તાર માહિતી પૂરી પાડી હતી તથા કેન્દ્ર તેમજ રાજય સરકાર દ્વારા આ માટે અપાતી વિવિધ સહાય યોજનાઓ વિષે પણ વિસ્તૃત છણાવટ કરી હતી.

સંસ્થાના આચાર્યશ્રી ડો. બાસુદેબ બક્ષીએ વિદ્યાર્થીઓમાં ઈનોવેશનની ભાવના કેળવાય તથા તેઓ જોબ સીકરમાંથી જોબ-ગીવર બને તેવી અપીલ કરી એમ.એચ.આર.ડી.નો સંસ્થાને આવી મહત્વપૂર્ણ લેકચર સિરિઝ યોજવા જે સહકાર પાઠવ્યો તે બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર લેકચર સિરિઝનું સંચાલન એમ્.એચ.આર.ડી. ઈનોવેશન સેલના પ્રેસિડન્ટ ડો.કુંદન મિશ્રા તથા કો-ઓર્ડિનેટર ડો.ઉર્વિશ છાયા દ્વારા કરવામાં આવ્યું હતુ. જયારે ડો. અમિત બલ્લાની તથા ડો. તેજસ ઠકકરે ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી તરીકે આ લેકચર સિરિઝને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.




ચારુતર વિદ્યામંડળ વલ્લભવિદ્યાનગર દ્વારા સંચાલિત વાસંતી બેન એન્ડ ચંદુભાઈ પટેલ ઈંગ્લિશ સ્કૂલના સ્થાપના દિન પ્રસંગે મંગલદિપ પ્રગટાવતા દાતાશ્રી વાસંતીબેન પટેલ, ચેરમેનશ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ્સહમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શ્રીમતી વિનોદીનીબેન પટેલ, આચાર્યશ્રી ડૉ.પી.વી. સત્યારમેશ વગેરે મહાનુભાવો તસવીરમાં નજરે પડે છે











ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની સંસ્થા સેમકોમ કોલેજ દ્વારા યોજાયેલ ત્રિદિવસીય વેબિનારમાં દુનિયાનાં વિવિધ પાસાઓને આવરી લેતા વિષયોનુ ખુબ જ સુંદર રીતે વિવેચન કરવામાં આવ્યું હતું. બીઝનેસ સ્કીલસ માટે આંતરદષ્ટિ કયી રીતે વિકસાવવી, કોવીડ જેવા કપરા સમય માં આંતરિક સુખ અને ખુશી કેવી રીતે મેળવવી તેમજ વાલી અને શિક્ષક તરીકે કઈ રીતે ૨૧મી સદીનાં વિચાર પ્રવાહો ને સમજવા જેવા વિષયો પર કોર્પોરેટ તેમજ ઈન્ડસ્ટ્રીનાં વક્તાઓ એ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ વેબિનારનું કોલેજની યૂટ્યૂબ ચેનલ પરથી લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. દેશના જુદા- જુદા રાજ્યો તેમજ વિદેશના પ્રતિનિધિ ઓ દ્વારા આ વેબિનારને ખુબ જ ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. પ્રિન્સિપાલ ડો. વહીદા થોમસનાં માર્ગદર્શન હેઠળ, આ વેબિનારનું સંચાલન કરતા ડો. પ્રીતિ લુહાણા, ડો. નિશરીન પઠાણ અને ડો. યોગેશ પટેલ દશ્યમાન થાય છે.

August 2020

V-Vidyanagar 22 (8)
Published on 05.08.2020
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)